
કુમાર

વૈશાખ · ૧૯૮૯
તંત્રી · રવિશંકર રાવળ

સળંગ અંક ૧૧૩

બપોરનો વિસામો ફોટો બલવન્ત ભટ



કુમાર

વૈશાખ ૧૯૮૯

અંક ૧૭૩

મુદ્રક: બચુભાઈ પોપટભાઈ રાવત: તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

આટલું યાદ રાખો

કે આજ દસ વર્ષથી ગુજરાતી સાહિત્યમાં
અનેરી ભાત પાડતું સર્વાંગસુંદર માસિક તે

‘નવચેતન’

જેમાં દર માસે

‘કુમાર’ના કદ જેવડાં ૮૪ પાનાંનું વાચન, ત્રીસ ચિત્રો, સુંદર પૂઠું ને કળાભર્યું ત્રિરંગી મુખચિત્ર અપાય છે. ઉપરાંત; જ્ઞાન ને માહિતી વધારનારા ઉપયોગી લેખો, જેમ જગવતી શૌર્યકથાઓ, આત્માના નીતાર સમી હૃદયસ્પર્શી કહાણીઓ ને ભાવભીનાં કાવ્યો, અનુભવની આરસી સમાં પ્રવાસવર્ણનો અપાય છે.


‘કુમાર’ વાંચતા દરેક કુમારના વાલીએ
‘નવચેતન’ જરૂર વાંચવું જોઇએ.

વાર્ષિક રૂ. ૬ાા= **હિંદ બહાર** રૂ. ૭ાા
છુટક નકલનો રૂ. ૦ાાા

‘નવચેતન’ ઑફિસ, ૧૦, પોલોક સ્ટ્રીટ, **કલકત્તા**

ફોટોગ્રાફીના અભ્યાસીઓને

ઉપયોગી



જાણીતા ઊંચા મેકરોના બધી જાતના કૅમેરાઓ, લેન્સીઝ, એસેસરીઝ, પ્લેટ, પેપર્સ, દવાઓ, ફિલ્મ્સ, પુસ્તકો અને બીજાં બધાં સાહિત્યો તેમજ સલાહ મેળવવાનું

સસ્તું——શ્રેષ્ઠ——સ્થળ

રાવળ બ્રધર્સ

મૂળજી જેઠા બિલ્ડિંગ
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબાઈ–૨

તથા

શ્રદ્ધાનંદ રોડ
વિલે પારલે
મુંબાઈ

આ આઇન્સ્ટાઇન

અને એનો સાપેક્ષાવાદ

ડૉ. કાન્તિલાલ પંડયાની ‘કુમાર’માંની લેખમાળા પુસ્તિકાકારે

‘સાહિત્ય’ એને વિષે લખે છે:

‘આવા ફરી છપાવેલા લેખોમાં આ સૌથી ઉત્તમ છે. એ આઇન્સ્ટાઇનનું જીવનચરિત્ર છે, એ વિજ્ઞાનની છેલ્લી શોધોનો ઇતિહાસ છે, એ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો સમન્વય છે: એ બધું છે. એને અમે હાથમાં લીધું, ત્યારે જરા કંટાળો ઉપજેલો; કેમકે સાપેક્ષાવાદ એ સિદ્ધાંતથી અમે ભડકેલા. પરંતુ જેમજેમ વાંચતા ગયા, તેમતેમ અપૂર્વ રસ અમને એમાંથી મળ્યો. વિજ્ઞાનનું આવું પુસ્તક અમે બીજું દીઠું નથી. બાળકો પણ સમજે એવી રીતે આ સાપેક્ષાવાદ ભાઇ કાંતિલાલે સમજાવવા યત્ન કર્યો છે. આ સાપેક્ષાવાદ આઇન્સ્ટાઇને કેવી રીતે પહેલો રજુ કર્યો, અને પછી રફતે રફતે બધા ભૌતિક શાસ્ત્રોમાં એણે એ સિદ્ધાંતને કેવી રીતે લાગુ પાડયો, એ બધું નવલકથા જેવું રસિક છે. અને આ રસિકતા કાંતિલાલની અપૂર્વ તેજભરી છતાં અતિશય સરળ શૈલીથી ઓર વધી છે. કુમાર કાર્યાલયે આ લેખ છુટા-જુદા છપાવી ગુજરાત પર ઉપકાર કર્યો છે.’

આથી વિશેષ અમારે કશું કહેવાનું રહેતું નથી

સચિત્ર
કિંમત ૦–૬–૦
પો. ૦-૧-૦ જુદું

કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ



પરીન્દા

ચિત્રકાર : શ્રી શારદાચરણ ઉકિલ

શિશુડગ થકી

• પૃથ્વી •

ચડે ગગનગુંબજે, શિખરરાજ ખૂંદી વળે,
અગાધ જલધિ ફલંગમહીં એક માપી લીએ,
તથાપિ ડગલું ભરાય લઘુમાત્ર દિક્કાલમાં,
અનન્ત દિશ વિસ્તરે અકળ ધ્યેય ઉત્ક્રાન્તિનું.
વિરાટમહીં ફાળ વામન ભરે વિસાત કશી?
અનન્તમહીં સાન્તના વિજય, વેગ, ઉત્થાનની
પરાક્રમકથા બધી શિશુતણી મહાકલ્પના,
અને મનુજજાતિ માત્ર શિશુ એ વડે શી ફૂલે!

પરંતુ ડગલું ભરે પ્રથમ બાળ, કો તે સમે
અશક્તિ નીરખી કહે જગત આખું એ ખૂંદશે?
પ્રયત્ન ત્યમ વામણા મનુજજાતના હો દીસે,
કયમે સકળ ભાવિમાં સૃજનભેદ એ ના ગ્રહે?
શિશુ ડગ થકી ફળે અમિત શક્તિ પ્રસ્થાનની,
શિશુ જગતથી ફળે કયમ ન હોય ઉત્ક્રાન્તિની?

રામપ્રસાદ શુક્લ

એક નાના નાચીઝ બીજમાં ભવિષ્યના કો મહાવૃક્ષની ગર્ભગૂઢ શક્તિ રહેલી છે; વિરાટ બ્રહ્માંડ આગળ આપ ગમે તેવડું ક્ષુલ્લક તો યે તેમાં એ બ્રહ્માંડની શક્તિનો જ અંશ છે:— એ સનાતન સત્યોનો ધ્વનિતાર્થ ધારતા આ અર્થગર્ભ સૉનેટમાં, સૃષ્ટિસર્જનનો પાર પામવા મથતા માનવ વિચાર અને વિજ્ઞાનના પ્રયત્નોની હકીકત લઈને, માનવીના પુરુષાર્થની પ્રશસ્તિ અને પ્રબળ આશાવાદનું ગાન ગાયું છે. શરૂઆત તો માનવીની ક્ષુલ્લકતા વર્ણવીને કરી છે: 'ભલેને એ ગગનના ગુંબજ સુધી ચડે, મોટાં શિખરમણિઓ ખૂંદી વળે, કે ભલેને એક ફલંગમાં અગાધ સાગર માપી લેવાને શક્તિમાન થાય; પણ ઉત્ક્રાન્તિનું રહસ્ય—સૃષ્ટિના સર્જનનો ભેદ એટલો અકળ અને અનન્તદિશ વિસ્તરેલો છે કે માનવીને ગન મહાન લાગતી આ બધી પ્રવૃત્તિ દિક્ અને કાલના અફાટ વિસ્તારમાં માત્ર નાના ડગલા જેવડી છે. વિરાટ અવકાશમાં વામણો માનવી ફાળ ભરે તેની વિસાત શી? એ અનન્તમાં સાન્તના (એટલેકે અંતવાળા—માનવી-ના) આ બધા વિજય, વેગ, ઉત્થાન અને પરાક્રમની કથાઓ એ તો બાળકા માનવીની કેવળ મહાકલ્પના છે. એમાં તે એ શાનો આવડો ફૂલ્યો ફરે છે?... આમ પહેલી આઠ લીટીમાં મનુજની ક્ષુલ્લકતાનું ભાન કરાવતો વિચારપ્રવાહ સાદી પણ સબળ વાણીમાં વહાવીને છેલ્લા ષટકમાં કવિ ઉલટો જ પલટો લે છે; અને બાળપણનો ડગમગ પગવાળો બાળક મોટપણે જગત ખૂંદી વળે છે એનો દાખલો આપીને પૂછે છે કે 'તો પછી આજના વામણા દીસતા માનવ પ્રયત્નો આવડા નિરવધિ ભવિષ્યમાં કોઈક દહાડો પણ સૃષ્ટિસર્જનનું રહસ્ય કેમ નહિ ઉકેલી શકે?' ને પછી એ જ ઉદાહરણને ચોટપૂર્વક 'શિશુ ડગ થકી...' તથા 'શિશુ જગતથી...' એમ છેલ્લી બે લીટીમાં ફરીથી મૂકીને માનવ પુરુષાર્થનો મહિમા ગાયો છે. —બ.રા.

કુમાર
વર્ષ દસમું · અંક પાંચમો · વૈશાખ · ઓગણીસ સો નેવ્યાશી



ચિંતન — 'નવું અને જૂનું'

પ્રાચીન અર્વાચીનનો ઝગડો હમણાં અહીં વધારેપડતું મહત્ત્વ પામે છે. કેટલી યે નવીન ચીજોમાં નવીનતા નથી હોતી પણ એક જાતની ફૅશન હોય છે અને ઘણી વાર તે અમુક સંકુચિત મનોદશામાંથી જન્મ લે છે. એવી નવીનતા ભૂતકાળની અવગણના કરે છે તેમજ ભવિષ્યનો પણ ખ્યાલ કરી શકતી નથી.

વસ્તુઓનું રૂપાંતર થતાં મનને એક પ્રકારની શાંતિ મળે છે. પણ સુજ્ઞ જને યાદ રાખવું કે જે રૂપાંતર આજે થયું તે પાછું ફરી વાર બદલાવાનું જ. વર્તમાન વાદમાં કેટલા ય એવા મનુષ્યો હોય છે જે એક વસ્તુને ફૅશન તરીકે તો માને છે પણ સાથે તેમાં જ છેવટનું સ્વરૂપ જુએ છે. કોઇ નવીનતાભરી વસ્તુ અને નવી બનેલી વસ્તુ વચ્ચે એક સૂક્ષ્મ ભેદ હમેશાં રહેવાનો જ.

મારો વાંધો તો એવા જનો સામે છે કે જેઓ માત્ર ફેરફાર કરવાની ખાતર તેને મહત્ત્વ આપવા જેટલા ક્ષુદ્ર હોય છે અને એ ફેરફારને છેવટનો માની લે છે. સાહિત્ય કે વિજ્ઞાનની બાબતમાં પ્રગતિના દર્શક જેટલા સિદ્ધાંતો ઘડાય છે તેમાં આ જ મુખ્ય પોલ છે. છેલ્લામાં છેલ્લો સિદ્ધાંત કાં તો અચૂક ખરો હોય, અથવા તો તે સદંતર ભૂલભર્યો હોઇ શકે. ખરો એટલા માટે કે જુવાન માણસોની નવી પેઢી આસપાસની પરિસ્થિતિથી કંટાળી ગઇ છે; અને જૂનો એટલા માટે કે તેમની પછીની પેઢી તેમના મૂકેલા સિદ્ધાંતોથી કંટાળશે.

હું તો કલ્પનાશીલ માણસ એને જ કહું કે જે પોતાનાં પ્રિય થઇ પડેલાં સ્વરૂપો છોડીને કંઇક બીજું જ ઉપજાવી શકે. આગળ અને પાછળ જવાની છૂટ ભોગવતો માણસ જ ખરી સ્વતંત્રતા ભોગવે છે. ઉદારચિત પુરુષ એ જ કહેવાય કે જે પોતાથી ભિન્ન પ્રકારનાં માનસને પણ પોતાનાં કરી શકે અથવા પોતાની ક્ષણિક મનોદશાને નિરાળા પ્રકારની મનોદશાઓ સાથે અથડાવા ન દે. જે માણસ પોતાના નિર્વેદથી ઉપજેલી કાયરતાની સામે થઈ શકે નહિ તેને હું બહાદુર કે જવાંમર્દ ગણું નહિ. મોટા પર્વતોને મોટા જોઇ શકે, મહાન કવિઓની મહત્તા સમજી શકે, અદ્ભુત કાર્યોની અદ્ભુતતા પિછાની શકે અને બીજા લોકો તેની બાબતોથી મોં બગાડતા હોય અને પોતે પણ તેથી ત્રાસ પામતો હોય છતાં કોઇપણ વસ્તુને તેના ખરા રૂપમાં પિછાની શકે તે જ મારે મન ખરો બહાદુર. સંકુચિત મનોદશાથી બચવું હોય તો માણસમાં પ્રમાણ સમજવાની શક્તિ જોઇએ જ. પોતાની લાગણીઓને ઝણઝણાટી ન કરાવે કે ઉશ્કેરાટ ન આપે એવા પ્રસંગે પણ ખરો માણસ પોતાના મનમાં વસ્તુની મહત્તાનાં માપ જાળવી શકે છે. એથી જ હું નવીનતાના પ્રેમીને વખોડતો નથી પણ નવીનતા માટે પ્રેમ કરવા જનાર સામે વાંધો લઉં છું. કોઇ ઝીણી વસ્તુની નજીક જતાં જેમ આંખનો પ્રવેશ સંકુચિત થઇ જઇને દૃષ્ટિ ટૂંકી બને છે, તેમ એકાદી અમર પળ પર એકાગ્ર થવા જતાં મનની દશા સંકુચિત થઇ જાય છે. આપણને તો એવી ઐશ્વર્યભરી કલ્પના જોઇએ છે કે જે બધી જ વસ્તુઓને નવીનતા અર્પી શકે, કેમકે બધી ચીજો એક વાર નવી જ હતી એમ થાય તો જ ચિત્તને નવી શક્તિની પ્રાપ્તિ થઇ ગણાય. પણ હાલ તો મનોવિકાસ એટલે મનની શક્તિઓનો વિકાસ એવો અર્થ નથી લેવાતો.

કાળના પટ પર આવી ગએલા બનાવો નજર આગળ બની રહ્યા હોય એવી અથવા હમણાં જ બનશે એવી દૃષ્ટિ પ્રાપ્ત થાય તો ઇતિહાસની એ મહામૂલી ભેટ મળી ગણાય. (જી. કે. ચેસ્ટરટન)

સંસ્કાર-સ્મરણ [૫]

'એક ડોશીને ચાર દીકરા હતા. પણ સ્થિતિ એવી ગરીબ કે બધા વચ્ચે એક જ પાટલૂન, ડોશી દરેકને વારાફરતી તે પહેરાવીને ભણવા મોકલતી. પહેલો મહા ફિલસૂફ થયો, બીજો વૈજ્ઞાનિક થયો, ત્રીજો પાદરી થયો ને ચોથો ગૃહસ્થ થયો.

'કુમાર' એ પ્રગતિનો પથ છે અને ઊગતી આશાઓનું માસિક છે આવા સમયમાં અમારી સ્થિતિનો વિચાર કરીએ તો અમે પાંચ છ મળીને એક 'કુમાર' મેળવીએ છીએ. ખરે જ અમારી સ્થિતિ પેલા ડોશીમાના પાટલૂન જેવી છે. અમારા જેવા કેટલાયની સ્થિતિ એવી હશે. અમારી એ આશાઓ 'કુમાર' ફલિત કરે એમ અમે ઈચ્છીએ છીએ.'

—કનૈયાલાલ ભટ્ટ

ચારિત્ર્યનું પૂર્ણ સ્વરૂપ

શુભ્ર સ્ફટિકનો ચકચકતો દુપટ્ટો બાંધી ઊભેલો નગાધિરાજ હિમાલય આજ તો અતિ સુંદર, અતિ ઊંચો અને અતિ ગૌરવાન્વિત દેખાય છે. પણ રેતીનો એક એક કણ સમુદ્રના જળમા ડૂબાવી તેને પોતાના અનેકવિધ વિચિત્ર હથોડાઓથી સોહામણો બનાવીને આ હિમાલયનાં દુનિયાને દર્શન કરાવવામાં પ્રકૃતિએ અથાગ પરિશ્રમની અગણિત શતાબ્દિઓ ખોઇ છે! ચારિત્ર્ય પણ હિમાલયના જેવું એક ઊંચા કળશવાળું મંદિર છે. એ પેલું આંબાનું ઝાડ નથી કે જે તમારી આંખમાં ધૂળ ફેંકીને મદારી એક ક્ષણમાં ઊભું કરી બતાવે છે. એને બનતાં તો અનંત યુગ વીત્યા છે. પૃથ્વી બની ગઇ, સૂર્ય બની ગયો, તારાગણ આકાશમાં દોડવા લાગ્યા; પરંતુ હજુ ચારિત્ર્યના સુંદર રૂપનાં પૂર્ણ દર્શન આ જગતને થયાં નથી. અલબત્ત ક્યાંક ક્યાંક એની અતિ અલ્પ છટાની ઝાંખી અવશ્ય થાય છે.

પ્રો. પૂરણ

નેપથ્યમાંથી

જીવનવાટ

•શાર્દૂલવિક્રીડિત•

તાજા કો નિકષે જડી કનકની પ્હેલી અને પાતળી,
તેવી જીવનવાટ રેખ સરખી અંધાર ઘોરે પડી;
ને સોની જ્યમ રેખ ઉપર ધરે દૃષ્ટિ, ન કાળાશમાં,
નિષ્ઠા એ ગ્રહતાં ગળે જીવનનું તાત્પર્ય અંધારામાં.–રા.

'નભપરી સપનાં' જેવી પરદેશી કલ્પનાનાં રૂપકોની અસર આપણા સાહિત્યમાં જામી ન જામી ત્યાં, છેલ્લા દસકામાં દેશસમસ્તના જીવનનું જે પુનર્વિધાન રાષ્ટ્રીયતાના પૂરે કર્યું તેનો પાશ સાહિત્યને પણ લાગ્યો—પ્રમાણમાં સારીપેઠે લાગ્યો, અને તેને જે નવપલ્લવ પાંગર્યાં તેમાં દેશજ પ્રાણના ટશર-રંગો ભભૂકી ઊઠ્યા. આ ઉપર આપેલા મુક્તકમાંના નિકષ—કસોટીના પથ્થર—નું તળપદું ને સ્વસંસ્કૃતિજન્ય તેટલું જ સુયોગ્ય અને અસરકારક રૂપક એ તેનું સજીવ ઉદાહરણ. વેદની ઋચાઓમાં વહેતા પ્રબળ કાવ્યપ્રવાહની ઓજસ્વી કલ્પનાઓનો આપણો વારસો સંભારી આપતાં આપણા પરંપરાગત જીવનસંસ્કારને અનુરૂપ રૂપકો, ઉપર કહ્યા તે દશકાના પુનર્જીવનકાળે આપણા સાહિત્યમાં પ્રગટાવવાની પહેલ કરી શ્રી કાલેલકરે. એમનાં લખાણોમાંના ગદ્યકાવ્યની અણદીઠ અસરનો ફાળો આ છેલ્લા દસકાના સાહિત્યઘડતરમાં ગાંધીજીના ગદ્યની ચોટભરી તેજસ્વિતાના જેટલો જ છે.

શ્રી રામપ્રસાદ શુક્લે જે વિચારનાવિન્યથી આપણે ત્યાં મુક્તકોની શરૂઆત કરી છે તેનું સુંદર ઉદાહરણ ઉપલું મુક્તક છે. (મુક્તકોની એવી શરૂઆતનો બીજો યશ શ્રી દેશળજી પરમારને પણ જાય છે, અને એમની શરૂઆત તો ઘણા સમય પહેલાંની છે; માત્ર એ નેપથ્યમાં રહી હતી.) કસોટીના કોઇ તાજા સાફ કરેલા પથ્થર ઉપર સોનાની પહેલી અને પાતળી રેખા આવી રહેલી હોય એવો આપણો જીવનમાર્ગ નિરાશા અને મુસીબતોના ઘોર અંધાર વચ્ચે પડેલો હોય છે; પણ સોની જેમ કસોટીની કાળાશ ઉપર નજર ન કરતાં સોનાની રેખને જ મૂલવે છે, તે રીતની નિષ્ઠા આપણે જીવનને વિષે કેળવીએ; નિરાશાના અંધકાર ઉપર નહિ પણ જીવનમાર્ગના પ્રકાશમાન આશાવાદ ઉપર દૃષ્ટિ રાખીએ. અર્થરૂપમાં બોધક હોવા છતાં આ મુક્તકની કાવ્યમયતા લેશમાત્ર કમી થતી નથી. એક પણ નકામા શબ્દ વિનાની એની લીટીએ લીટીની સુગ્રથિતતા રચનાની કામેલિયત દાખવે છે. એમાંના રૂપકની અસરકારકતા જેટલું જ પ્રબળ એનું ભાવપ્રાગટ્ય છે અને એની ભાષાની સરળતા એમાંના 'નિકષ'ના અલંકાર જેટલી જ મનોગમ છે.

ॐ

ગયા અંકમાંના 'ઝંઝાનિલને' નામના શ્રી સુન્દરમ્‌ના કાવ્ય ઉપર શ્રી રામપ્રસાદ શુક્લે જે ટિપ્પણ લખેલું તેનો જ ભાવ આ પાછળના પાના પર પ્રકટ થતા એમના પોતાના 'આંધી' નામના સૉનેટને લાગુ પડે છે.

ભાવ વગેરેનું કેટલુંક સામ્ય તો એમાં એવું છે કે કોઇને સહજરીતે જ એ અનુકરણ હોવાની ગેરસમજુત થાય. પણ એથી ઉલટું, બન્યું છે એવું, કે એ કાવ્ય તો 'ઝંઝાનિલના' પણ પહેલાં 'કુમાર' પાસે આવેલું. અને ઇરાદો તો એવો હતો કે બંનેને સાથે જ એક અંકમાં પ્રકટ કરવાં કે જેથી બંનેની શક્તિઓ ને વિચારપ્રાબલ્યને વાચકો નાણી શકે. પરંતુ સ્થળ-સંકોચને કારણે એ બનવા ન પામ્યું.

એ સૉનેટના પહેલા અષ્ટકમાં આંધીનું પ્રબળ વાણીમાં વર્ણન કર્યું છે અને નવમી લીટીથી પછી વિચારને પલટો આપીને કવિ કહે છે કે વિનાશાત્મક લાગતો આ ઉત્પાત એ કાંઇ પ્રલયની નિશાની નથી, પણ વિશ્વમાં કલ્યાણ ભરનારી ઉત્ક્રાન્તિની અદમ્ય અજય સવારી છે. પ્રસવકાળે માતાને ભોગવવી પડતી વેદના અને



અચળ એક શરીરધારી

•ઇન્દ્રવજ્રા-અનુષ્ટુપ•

મેરૂ ચળે કદિક એમ ઉરે વિચારી
સર્જ્યો ઇશે અચળ એક શરીરધારી;
હું હું કરી ઉછળતો જલધિ હુંકારી
માઝા હવે નહિ મૂકે તમને નિહાળી.

દિવાલો દુર્ગની કાપી મુક્તિના માર્ગ મોકળા,
પડીને પાણીમાં કોરા રે'વાની શીખવી કળા.

લોઢાં ઘસાય ક્રૂર કર્કશ ચીસ થાય,
ને વેરઅગ્નિ જગનાં જન જાળી ખાય;
તે લોહને સુભગ પારસસ્પર્શ તારો
થાતાં ઊડ્યો અવનિ કંચનનો ફુવારો.

શીલાને પાદસ્પર્શેથી પ્રભુએ પ્રાણ પ્રેરીઆ,
શીલાથી યે મરેલાંને વિના સ્પર્શે જગાડીઆ.

સંધ્યા થતાં જ અહીં સત્વર સૂર્ય ડૂબે,
ને ચંદ્રને સમયનું નહિ ભાન મૂળે;
અંધારમાં સબડતા જગની દયાથી
દીવો અખંડ પ્રકટ્યો પ્રભુએ ત્વરાથી.

સૂર્ય જેવા પ્રતાપી યે આથમે ને ફરી ઊગે
આપને દેહમંદિરે આત્મજ્યોતિ સદા ઝગે

પ્રેમશંકર ભટ્ટ

આંધી

• સ્રગ્ધરા •

વિશ્વોના ગોળ ફૂટે, ગ્રહગણ ગબડે, ધૂમકેતુ વછૂટે,
ને આખી યે ધરિત્રી ધણધણી ઊઠતી કારમાં કમ્પનોથી,
અદ્રિના શૃંગ તૂટે, સરિતગણ છળે, વાયુનાં વ્હેણ ગાજે,
સિન્ધુમાં આભ ડૂબે, સકળ દિશ તણી ચેતનાઓ હરાતી.

શું આ અન્ધારસેના, યમગણ ઊમટ્યાં, સૃષ્ટિનાં પાપ રૂઠ્યાં?
વહ્નિજ્વાળે પ્રજાળે અસત–સતતણા પુંજને એક સાથે?
વિશ્વે આંધી ચડી, કે પ્રલય શરૂ થયો, રુદ્રનું નેત્ર ખૂલ્યું
કે આ સંઘર્ષણોમાં મતિ, ગતિ થિર ના માનવીનાં રહે છે?

ના એ આંધી, નથી એ પ્રલય, નહિ વળી રુદ્રનું નેત્ર ખૂલ્યું,
ઉત્ક્રાન્તિની સવારી અદમ અજય એ વિશ્વમાંગલ્યભર્ત્રી,
આજે એના મુખે છો કપરી પ્રસવની વેદના- ને અશાંતિ,
જેથી સંક્ષુબ્ધ ભાસે તદપિ ઝળહળે ભાવિ એનું પ્રસન્ન.

જાડ્યે આભાસશાન્તિ, સબલ વિમલ સત્શાન્ત ઉત્ક્રાન્તિકેરી
કૂડા સંઘર્ષ વાગી મનુજ હૃદયના ભાવનું ઐક્ય થાપે.

રામપ્રસાદ શુક્લ

યૌવન ઝંપલાવે

• ઉપજાતિ-વંશસ્થ •

આયુષ્યના ઉંબરમાં ઊભેલો
જુવાન ઝંખે ક્ષિતિજો વળોટી,
ને પેખી લે પ્રાણ પ્રયાણઘેલો
ભવિષ્યની કૂચ તણી રજોટી.
ત્યારે ન તૈયાર થવા સમો હશે,
'ઊભા રહો, આવું છું!' એ ન ચાલશે;
ન કાલ થંભે. ઇતિહાસપૂર
ધપ્યે જતું; ઘૂમત માંહી શૂર.

એ કૂચમાં, એ યુગકર્મપૂરમાં
હું યે બનું એક લઘુ તરંગ,
ત્રિકાલનો દુર્લભ સાધું સંગ!
—ચહી, ધપે જ્યાં યુગવ્હેણ દૂરમાં
ત્યાં ભાવિમાં યૌવન ઝંપલાવે
ને મોખરે અમ્મરનામ કહાવે.

ઉમાશંકર જોષી

અશાંતિ જેવું એનું ભાવિ આજે ભલે સંક્ષુબ્ધ ભાસે પણ અંતે તો એનું પ્રસન્ન માંગલ્ય ઝળહળી ઊઠશે. અને પછી શાન્તિનું સાચું સ્વરૂપ બતાવતાં કહે છે કે જડ વસ્તુઓમાં રહેલી શાન્તિ એ તો ખોટી–આભાસશાન્તિ છે. આવી ઉત્ક્રાન્તિની સબલ ને વિમલ શાન્તિ એ જ સાચી શાન્તિ છે અને એ જ કૂડા સંઘર્ષો દૂર કરીને માનવહૃદયનું સાચું ઐક્ય સૃષ્ટિમાં સ્થાપવાની છે.

卐

આ અંકના અગ્રપૃષ્ઠ ઉપરના કાવ્ય 'શિશુ ડગ થકી'-માંના પ્રેરક આશાવાદી ભાવોથી ઉલટા જ વિચારના પ્રશ્નો પૂછતું એક કાવ્ય 'પથ્થરે પલ્લવ' સામેના પાને આપ્યું છે. એમાં કવિને જીવનવૃષ્ટિ સીંચતી વર્ષાને સમયે 'પળેપળે નવા પ્રાણ પ્રફુલ્લતી' સૃષ્ટિ જોઇને આશંકા થાય છે કે 'મહાકુલોની જનની ઋતંભરા, અભિષિક્તદેહા' આ આખી પૃથ્વી અંગપ્રત્યંગમાં પલ્લવપુષ્પ ધારી રહી છે ને હું એકલો માનવી જ આ પૃથ્વી પર કાં સૂકાઉં છું? માનવી એ તો પ્રભુના સર્જનની ઊંચામાં ઊંચી ટોચ. એ જ શું નિષ્પ્રાણ નિષ્પલ્લવ રહીને વિઘાતક હિમથી રૂંધાઇ જવાનો? હું પ્રભુના સર્જનની ટોચ તે શું માત્ર નિહાળવાની જ? કે ઊંચી જગ્યા પર વીજળી પહેલી પડે તેમ વીજળીના ઘા ખાઈ તૂટી મરવાને માટે જ માનવીની ટોચ? એ ટોચના પથ્થર ઉપર કદી પલ્લવ નહિ જ ઊગે? માનવીથી બીજું કાંઈ નહિ ફૂટે?' આવા આવા હૃદય મૂંઝવતા પ્રશ્નો મનમાં તડૂકી ઊઠે છે અને કાવ્ય પૂરું થાય છે. પણ એમાંની વ્યક્ત નિરાશા જ એ કાવ્યનો સાચો ભાવ નથી. એ નિરાશાની પાછળ મહત્ત્વાકાંક્ષાની આરઝૂ છે, ને એ ગર્ભિત ભાવ જ એનું ખરું રહસ્ય છે. કાવ્યમાં ક્યાંક-ક્યાંક તો હૃદય પ્રસન્ન કરે એવો ભાષાપ્રસાદ છે, અને આ ઉપર દર્શાવેલા વિચારોમાં ચર્ચેલી આપણી પરંપરાગત સંસ્કારજન્ય કલ્પનાઓ વાળી ઉપમાઓ છે. એક જ જુઓ;—બીજી કડીમાં:

'આ આભ ખાલી ઉરને ભરીને,
લચી રહ્યું ગર્ભિણી ગાય જેવું.'

લચી રહેલા ઉર વાળા વર્ષાના આભને આપેલી ગર્ભિણી ગાય-ની ઉપમા કેટલી સુંદર, કેટલી દેશજ ને કેટલી મનોગમ છે!

卐

શ્રી ઉમાશંકર જોષીનું એક વધુ 'હું કાવ્ય' આ ઉપર છે. 'આયુષ્યના ઉંબરમાં ઊભેલો જુવાન ક્ષિતિજો વળોટીવળોટીને નજર નાખી રહ્યો છે, અને પ્રયાણની અધીરાઇથી ઘેલો થઇ રહેલો એનો પ્રાણ ભવિષ્યની કૂચની રજોટી ઝંખી રહ્યો છે.' ઇતિહાસપૂર ધપ્યે જાય છે એ ચીતરતી પછીની ચાર લીટી તો સુંદર છે. અને એ 'યુગકર્મપૂરમાં હું પણ એક નાનો સરખો તરંગ બનીને ત્રિકાળનો દુર્લભ સંગ સાધું' એવી ભવ્ય ચમકાર-વાળી કલ્પના વડે કાવ્યનો પ્રધાન ભાવ ગૂંથ્યો છે.

卐

ભાઇ પ્રહ્લાદ પારેખ જણાવે છે કે ફાગણ અંકમાં એમના નામે પ્રકટ થએલાં કાવ્ય મુક્તકો એમનાં નહિ પણ ભાઇ પ્રેમ-શંકર ભટ્ટનાં છે. એ ભૂલ ન જણાઇ હોત તો આ વિભાગની

સાથે પ્રકટ થતા સુંદર કાવ્યથી ભાઇ પ્રેમશંકરનો પ્રકાશન-પ્રવેશ ગણાયો હોત. કયા 'અચળ શરીરધારી'ને ઉદ્દેશીને એ લખાયું છે એ તો ઉપર ચિત્ર ન આપ્યું હોય તો યે સમજી શકાય તેવું છે. એની છ કડીઓમાં એકેક કલ્પના-વિચાર ગૂંથીને ગુણદર્શી પ્રશસ્તિની એકેક અંજલિ આપી છે. પહેલી જ કેટલી સુંદર છે: 'મેરૂ પણ કદાચ ચળી જશે એવી આશંકાથી પ્રભુએ એક વધારે અચળ શરીરવાળો સર્જ્યો; (અને તે તમે.)' આ અને પછીનાં બધાં સરળ છે. ચોથી કડીની પ્રશસ્તિ: 'પ્રભુએ તો પાદસ્પર્શેથી પથ્થરમાં પ્રાણ પ્રેર્યા હતા (અહલ્યોદ્ધાર વેળાએ); પણ તમે તો પથ્થર કરતાં યે મરેલાંને જગાડયા.—અને તે પણ વિના સ્પર્શે!' આમ એકએકથી ચડે એવી ઉપમાઓથી અલંકૃત આખું યે કાવ્ય છેલ્લી કડીમાંની 'આત્મજ્યોતિ'ની પેઠે આ પ્રકારનાં કાવ્યોમાં સદા ઝગી રહે એવું છે.

卐

વિરાટ કુદરત સામે વામણા માનવીઓએ ખેડેલા એવરેસ્ટ-આરોહણના સાહસ-જગની જે પ્રેરક ગાથા છેલ્લા ચાર અંકથી 'કુમાર'માં આવ્યા કરે છે તેનું વાચન કોઇ 'કુમાર'પ્રેમીએ ગુમાવ્યું નહિ હોય. હમણાં પૂરતો તો તે લેખ આ અંકમાં પૂરો થાય છે. એવરેસ્ટ હજી અણનમ છે. એના મુકુટનાં દર્શન માનવીએ અદ્ધર અવકાશમાં ચડીને (હમણાં આવેલી હાઉસ્ટન એવરેસ્ટ એક્સ્પીડિશનની હવાઇ ટુકડીએ) એરોપ્લેનમાંથી ભલે કર્યાં, પણ કોઇ માનવીનો પાદસ્પર્શ તો હજી પોતા ઉપર એણે થવા દીધો નથી. પરંતુ આ અંકનું પહેલું કાવ્ય પ્રબોધે છે તેમ 'શિશુ મનુજ જાતિ'થી એ 'ટોચ' પણ ફત્યા વિના રહેવાની નથી. એ લેખના લેખકની માફક આપણે પણ એ ચોમો લુંગ્મા—'જગતની મા ઉમા'ની પ્રાર્થના કરીએ કે 'મા, અમારે અમારા પાદસ્પર્શથી તારૂં એ ઉન્નત આસન અભડાવવું નથી; પણ અમને તારા મુકુટ ઉપર પૂજનાં પુષ્પની અંજલિ તો ચડાવવા દેજે' એ ધન્ય અવસર આવશે તે દહાડે એની વિગતવાર કથા અવશ્ય 'કુમાર'ના વાચકો આગળ મૂકાશે.

卐

'કુમાર'ના પૂઠાના રંગો તથા રચનાની અર્થસૂચકતા વિષે માહના અંકમાં જણાવ્યું હતું. તે પછી ફાગણના અંક પરનાં કેસુ-કુસુમોની સાર્થતા તો સ્પષ્ટ હતી. ગયા માસ (ચૈત્ર)ના પૂઠા પરનો ફોટોગ્રાફ 'લેસન' તથા આ (વૈશાખ)ના પૂઠા પરનો 'બપોરનો વિસામો' બંને વિષયો ઉનાળાના બપોરના જીવનના સૂચક છે; તે સાથે તે પરની રંગરચના પણ અર્થભરી છે. ચૈત્રના તીખા તડકાના સૂચક આકરા કેસરી રંગના પટ્ટા પછી નીચે, છાયાભરેલા ચહેરાવાળા લેસન કરતા છોકરાના ચિત્રની ગૂઢી લીલી રંગછાયા તડકાછાંયડાનો ખ્યાલ આપવા યોજાઇ છે; અને ધીકતા વૈશાખી બપોરની વિશાળ નિઃસ્તબ્ધતા દાખવતા ઘેરા પીળા રંગના પટ્ટા વચ્ચે એ તડકામાં ઊંઘતાં ઊભેલાં ઝાડોના છાંયડાનો ઠંડો છાયારંગ પણ એ જ પ્રકારે ઉનાળાનું વાતાવરણ સૂચવવા લીધો છે.

ઈ.ત.

પથ્થરે પલ્લવ

• ઉપજાતિ-વંશસ્થ-વસંતતિલકા •

પળેપળે પ્રાણ નવા પ્રફુલ્લતી,
નવીનવી નૂતનશ્રી વિકાસતી,
વર્ષા જહીં જીવનવૃષ્ટિ સીંચતી,
પૃથ્વી પરે જલધરે હું સૂકાઉં ત્યાં કાં ?

આ આભ ખાલી ઉરને ભરીને
લચી રહ્યું ગર્ભિણી ગાય જેવું,
તે સીંચતું વત્સલ ઊર્મિધારા
દૂઝે શું સ્નિગ્ધ જગજીવન કામધેનુ!

વસુન્ધરા આ અભિષિક્તદેહા,
મહાકુલોની જનની ઋતંભરા,
પ્રત્યંગ એ પલ્લવ પુષ્પ ધારતી,
ધારે વિશાળ હૃદયે ઊગતી વિસૃષ્ટિ.

ધરાતણાં શષ્પ અનેક શસ્યો,
પ્રફુલ્લ દેવો તણી ભેટ આ જે,
ચરી ચરી ગોપશુ દૂઝતાં વધે,
ધાન્યો લણી મનુજ જીવનપંથ ખેડે.

સમુદ્રથી અભ્ર, તહીંથી વર્ષા,
વર્ષાથકી ગંજ અખૂટ ધાન્યના,
ગોદૂધથી, ધાન્યની વાનીઓથી
પુષ્ટિ ગ્રહી પ્રગટ માનવ ત્યાં થઉં હું.

હું માનવી સર્જન અદ્રિ કેરી
ઉત્તુંગ ટોચે અણજોડ ઊભું,
નિષ્પ્રાણ, નિષ્પલ્લવ શો રહી શું
જાઉં રૂંધાઇ ધવલા હિમથી વિધાતી ?

ઝરંતી ધારે નવલક્ષ વર્ષા,
ભીંજાય પૃથ્વી, પલળું ય હું ત્યાં,
ખીલે બધાં ને કરમાઉં હું કાં ?
મૂંઝાવતા હૃદય પ્રશ્ન ઊઠે તડૂકી.

શું ટોચ તો માત્ર નિહાળવાની ?
કે વીજળીથી ખઈ તૂટવાની ?
શું પથ્થરે પલ્લવ બેસશે ના ?
શું ફૂટશે અવર કૈં નહિ માનવીથી ?

સુન્દરમ્

શારદાચરણ ઉકીલ



જીવનની ચોમેર ફરી વળેલા અંધકારને દૂર કરવા માટે કલાના પ્રકાશની આવશ્યકતા છે. આ પ્રકાશદાયક દીપકમાં સદા તેલ પૂરાવું જોઇએ જેથી તે સદા જાગૃત રહે. પ્રકાશવાહી જનોનું એ કર્તવ્ય છે કે તેમના પ્રયત્ન દ્વારા કલાનો એ પ્રકાશ આવતી કાલની પ્રજા સુધી પહોંચાડે; અને તેઓ તેલની આવશ્યક માત્રા તેમાં રેડતા રહે તો જ કલા પોતાનો પ્રકાશ પ્રસરાવી શકવાની.

(કવિવર રવીન્દ્રનાથ ઠાકુર)

અત્યારની શિક્ષણપદ્ધતિમાં મોટો દોષ એ છે કે તેમાં ખુદ બાળકની મનોવૃત્તિ તથા તેના વલણ કે અભિલાષાઓના વિકાસ અને સંસ્કાર માટે ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. ઘરમાં માતપિતા અને શાળામાં શિક્ષકો તેમને સરકારી અને સામાજિક ધરેડનાં ચોકઠાંમાં પૂરીને પાસી રહ્યાં હોય છે. આને લીધે ઊગતી પ્રજાના જીવનમાંથી મનુષ્યત્વની સૌરભ ભભૂકી ઊઠતી નથી. પ્રગતિશીલ દેશોમાં સમગ્ર સંસારને નવપલ્લવિત કરી દેનાર બાલપ્રજા સરકાર તેમજ સમાજની એકસરખી દરકાર અને ચિંતનશીલ સંસ્કરણથી દેશને શક્તિસંપન્ન વારસદારો આપી રહી છે. હિંદુસ્તાને પણ પૂર્વકાળમાં જગદ્વંદ્ય નરપુંગવો અને પ્રભાવધારી મહાનુભાવોની ભેટ જગતને ધરી છે. તે જ હિંદુસ્તાનમાં આજે વિપરિત પરિસ્થિતિને કારણે કેટલા યે શક્તિસંપન્ન આત્માઓ જીવનમાર્ગમાં અટવાએલા હોવા છતાં કેટકેટલી મુસીબતે આત્મપ્રસાદ પ્રકટાવી શકે છે તેનું એક દૃષ્ટાંત આ લેખના નાયક શ્રી શારદાચરણ ઉકીલ છે.

પાંચ કે છ વર્ષની ઉમરે, તેલથી ચકચકિત લાંબા સુંદર વાળભરેલા માથાવાળો બાળક શારદાચરણ એ જ માથા પર કાગળ ઘસીને પારદર્શક બનાવી ચિત્રોની નકલ ઉતારતો: અથવા અતિ ઉત્સાહમાં આવી જઇ મોટાં ચિત્રો પણ ખેંચતો. પણ અનેક બાળકોની આવી ચેષ્ટાઓ અને પરિશ્રમના ઇનામ તરીકે ઘણીવાર મળતો બે તમાચાની શિખામણ અથવા કડક મનાઇનો અનુભવ સર્વ કોઇને હશે. નાનકડા શારદાચરણને પણ તેની ઉપાસનામાં કોઇનું જ પ્રોત્સાહન મળતું નહિ,



શ્રી રણદાચરણ ઉકીલ



શ્રી વરદાચરણ ઉકીલ

એટલે પોતાની કલાભક્તિને તેણે હૃદયમાં પાતાળ ગંગા બનાવી ગુપ્ત વહેતી રાખી અને યુવાનીના જોશ વખતે પુનઃ ભારતવર્ષ ઉપર વહેવડાવી. એ બધા વખત દરમ્યાનની કસોટીઓ, આશંકાઓ, નિરાશાઓ અને મુસીબતો તેના એકલાનું જ હૃદય સમજતું હશે.

નવાબી કાળમાં એમના પૂર્વપુરુષો દરબારોમાં રાજદૂતનું કામ કરતા એટલે ત્યારથી તેઓ ઉકીલ (વકીલ)ની સંજ્ઞાથી ઓળખાતા આવ્યા છે. જોકે ખરી રીતે તો તેમની અટક બન્દોપાધ્યાય (બૅનર્જી) છે; એટલે ગોરપદું, પુરોહિતપણું વગેરે તેમના વ્યવસાયોઃ પરંતુ ચિત્રકલાનુ શોખીન પૂર્વજ કોઈ હતા એમ જડતું નથી.

તેમનું અસલ ગામ તેલીરબાગ ઢાકા જિલ્લામાં વિક્રમપુર નજીકનું એક ગામડું છે. સ્વ. દેશબંધુ ચિત્તરંજનદાસનું જન્મસ્થાન પણ એ જ હતું ને શારદાચરણ પણ ત્યાં જ જન્મ્યા હતા. એટલે એ ગામે હિંદને એક મહાન દેશભક્ત ને એક કલાકાર અર્પ્યા ગણાય.

શાળાજીવનનાં વર્ષોમાં શારદાચરણ સૌના પ્રીતિપાત્ર હતા. ચિત્રણ પર એમને ખૂબ અભિરૂચિ હોવાથી પાઠ્ય વિષયોમાં મંદ રહેતા, પણ તેમનું વ્યક્તિત્વ ખીલે પ્રકાશતું. ઘરનાં બધાં તેમને અભ્યાસની બાબતમાં ટોક ટોક કરતાં અને ઘણીવાર તેમની કલાપ્રવૃત્તિ ઉપર મોરચો માંડતાં, પરંતુ તેમનાં માતા હરવખત આડાં રહી તેમના પરના પ્રહારો નિવારતાં ને તેમની હૃદયપ્રિય પ્રવૃત્તિમાં પ્રોત્સાહન આપતાં. ભણતરનો આ ચોર એક દિવસ દેશનો નામાંકિત કલાકાર બનશે એમ એ વખતે કોઈ જ કળી શક્યું નહોતું.

જેમતેમ કરતા ભાઈશ્રીએ નવ ગ્રેડની પરીક્ષાઓ પૂરી કરી, જેનો લાભ એમને ભવિષ્યના જીવનમાં મળ્યો. પોતાની કલાપ્રવૃત્તિને અંગે તે આજે શુદ્ધ સરળ અંગ્રેજી બોલી તેમજ લખી શકે છે.

ભણતર આગળ વધારવામાં વડીલો સમજાવી સમજાવીને થાક્યા ત્યારે શારદાચરણ Mechanical & Architectural Drawing (યંત્ર અને સ્થાપત્ય ચિત્રણા) શીખવા કલકત્તા ગયા. એ વખતે ત્યાં એમના મોટાભાઈ સ્વ. અંબિકાચરણ ઉકીલે સહકારી મંડળીઓ, હિંદી વીમા કંપની વગેરે પ્રવૃત્તિઓનો આદ્ય પ્રચાર આદર્યો હતો. તેમણે નાના શારદાચરણને સરકારી ચિત્રશાળામાં Draftsmanના ખાતામાં (નકશા ખાતામાં) દાખલ કરાવી દીધા. ત્યાં એમણે ખરેખરૂં વિદ્યાર્થીજીવન બતાવ્યું અને પૂરા જિગરથી પરિશ્રમ કરી અભ્યાસમાં આગળ આવ્યા તથા છેલ્લી પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા. તે સાથે જ તેમને Surveyer General of Indiaની ઑફિસમાં નિમણૂક મળી.

આટલા અરસાના વિદ્યાર્થીજીવન દરમ્યાન તે

હમેશાં પ્રાત:કાળે વહેલા ઊઠી પોતાની ગુપ્ત ગંગાનો પ્રવાહ આગળ વધારતા. ઘરમાં ને ઘરમાં પ્રભાતના સુરમ્ય સમયે freehand drawing આલેખ્ય, જલચિત્ર, તૈલચિત્ર, ક્રેયૉન વગેરે વિવિધ કલાકૌશલ્ય સિદ્ધ કરતા. પોતાની નોકરીને પ્રથમ દિવસે અગિયાર વાગ્યે સર્વેયર જનરલની ઑફિસમાં જવા નીકળ્યા તે વખતે માર્ગમાં જ વિચાર કર્યો કે ઑફિસમાં વખતસર ન પહોંચાય તો નોકરી જાય એવી બંધાવાળું સમય-પાલન સ્વીકારવા જતાં કલાની ઉપાસના નહિ થાય. એથી ઑફિસ તરફ ન જતાં સીધા ગયા આર્ટસ્કૂલમાં, અને ત્યાં જઇ શિલ્પાચાર્ય શ્રી અવનીન્દ્રનાથને મળ્યા. શારદાચરણના હાથની કુશળતા નીરખી તેમણે ખૂબ પ્રશંસા કરી પોતાના શિષ્યમંડળમાં ભેળવી દીધા. તેના કામથી તે એટલા ખુશ થયા કે તેની સ્કૂલફી માફ કરાવી અને એક છાત્રવૃત્તિ પણ અપાવી. તે સાથે હાજરીની બાબતમાં પણ તેને માટે નિયમ ઢીલો રાખી દીધો. ૧૯૧૨ની આ વાત છે. એ વખતે તેમના સહાધ્યાયી-ઓમાં શૈલેન્દ્રનાથ દે, ક્ષિતીન્દ્ર મઝમુદાર વગેરે હતા.

આ રીતે મનવાંછિત પરિસ્થિતિ પ્રાપ્ત થતાં અને નિષ્ણાત ગુરુનો સહવાસ મળતાં શારદાચરણની પ્રગતિ આશ્ચર્યજનક નીવડી. ચિત્રકલાની હરીફાઇઓમાં તેમણે ઘણીવાર પુરસ્કારો પ્રાપ્ત કર્યાં અને એક જ વર્ષ પછી ૧૯૧૩માં ભરાએલા પ્રાચીન ભારતીય કલાસમિતિના પ્રદર્શનમાં એમણે ચાર ચિત્રો રજુ કર્યાં, જે બર્દ્વાનના મહારાજા સાહેબે ખરીદી લીધાં. આ પછી તો દાર્જીલિંગ, પૂના, મુંબાઈ, સીમલા, દિલ્હી, મદ્રાસ, બૅંગ્લોર વગેરે શહેરોનાં ચિત્રપ્રદર્શનોમાં અનેકવાર પ્રશંસા, પુરસ્કારો અને ચંદ્રકો તેમને મળ્યા કર્યા છે.

૧૯૧૪માં જ્યારે શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર કેટલાંક કારણોને લઇને સરકારી કલાશાળાથી છૂટા થયા ત્યારે શારદાચરણ પણ ત્યાંથી નીકળી ગયા અને થોડા સમય સુધી દેહરાદૂનની પાસે, હિમાલયની પર્વતમાળાની પ્રાકૃતિક શોભાનું અધ્યયન કરતા વસ્યા.

ત્યાંથી ૧૯૧૯ના એપ્રિલમાં તે દિલ્હી આવ્યા અને ત્યાંના સુવિખ્યાત શ્રીમંત નાગરિક રાવબહાદુર સુલતાન-સિંહ તથા તેમના સુપુત્ર રઘુવીરસિંહનો પરિચય કેળવ્યો, એમની મિત્રાચારીએ ટૂંક વખતમાં બહુ ગાઢ સ્વરૂપ લીધું અને શારદાચરણે તેમના સહવાસમાં દિલ્હીમાં જ મથક કર્યું. શ્રી રઘુવીરસિંહજી તથા તેમનાં યુવાન પત્ની કુટુંબના બાળકોની કેળવણી માટે અતિ ઇંતેજાર હતાં અને તેમાં એક કલાવિદ્‌ની સહાયની અતિ જરૂર હતી. તેવામાં જ શારદાચરણ તેમને મળી ગયા અને તેમણે બીજા કેટલાક બાલપ્રેમી શ્રીમંત મિત્રોની સહાયથી મૉડર્ન સ્કૂલ નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થા ઉત્તર ભારતમાં કેળવણીના નવા પ્રયોગોમાં આગેવાની ભોગવે છે. તેના પ્રારંભકાળમાં શ્રી શારદાચરણે તેમાં પોતાનો પુષ્કળ સમય અને સાધના અર્પ્યાં છે અને ત્યાંથી તેમણે બાલમાનસ સમજવાની અજબ કૂંચીઓ પ્રાપ્ત કરી છે.

૧૯૨૩થી ૧૯૨૬ સુધી શ્રી રઘુવીરસિંહજીના સાથ-માં શારદાબાબુએ ભારતની પ્રાચીન કલાના અવશેષો ધરાવતાં સ્થાનોની યાત્રા કરી. કાશ્મીર, તક્ષશીલા, જયપુર, ઉદયપુર, બીજાપૂર, ગોવળકોંડા, વિજયનગર, અજંતા, ઇલોરા, તથા દક્ષિણ હિંદનાં સ્થાપત્ય પ્રચૂર સ્થળોનું સંપૂર્ણ નિરીક્ષણ એમણે કર્યું. કલાકારોની કદર બૂજી તેમને ઉદાર આશ્રય આપનારા શ્રીમંતો ભારતમાં હોય એ ભારતનું સૌભાગ્ય છે. શ્રી રઘુવીર-સિંહજી એવા એક શ્રીમંત નરરત્ન છે, જેનું નામ એવી નામાવલિમાં અગ્ર શ્રેણીમાં મૂકી શકાય.

૧૯૨૯માં શ્રી શારદાચરણે પોતાના નાના ભાઇ શ્રી વરદાચરણ ઉકીલના સહકારથી 'દિલ્હી લલિતકલા પ્રદર્શન સમિતિ'ની સ્થાપના કરી. આ સમિતિ તરફથી દર વર્ષે જાન્યુઆરી માસમાં પ્રાચીન અને આધુનિક ચિત્રકળાનું પ્રદર્શન ભરવામાં આવે છે. ૧૯૩૦માં ત્યાં ૧૫૦૦ ચિત્રો રજુ થયાં હતાં, જે સમયે સર્વશ્રેષ્ઠ ચિત્ર તરીકેનો 'વૉઇસરૉય પુરસ્કાર' શ્રી શારદાચરણની 'રાસલીલા' ચિત્રને મળ્યો હતો.

જનતામાં લલિતકલા પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન કરવાના શુભાશયથી શ્રી શારદાચરણની સહાયતાથી શ્રી વરદાચરણ ઉકીલે 'રૂપલેખા' નામનું ઉત્તમ પંક્તિનું કલા-ત્રૈમાસિક શરૂ કર્યું છે અને તેમાં ભારતીય કલા તથા કલાકારો વિષે સુંદર અને મહત્ત્વના લેખો પ્રસિદ્ધ થાય છે. કલાપ્રિય જગતમાં 'રૂપલેખા' ઠીક સન્માન પામ્યું છે. તેના તંત્રીમંડળમાં ગુજરાતી કલામીમાંસક શ્રી કનૈયાલાલ વકીલ પણ છે. શ્રી શારદાચરણે એ

(અનુસંધાન આગળ પાન ૧૯૪ મે)



વજ્ર અને વર્ષા

ચિત્રકાર · શ્રી શારદાચરણ ઉકિલ



સમુદ્રતીર પર શ્રી ચૈતન્યદેવ

ચિત્રકાર - શ્રી [illegible] વકિલ

ઉમાશિખર એવરેસ્ટની આરોહણકથા

જેમાં વિરાટ કુદરત સામે હોડ માંડતા વામણા માનવો જીવન ધન્ય કરી જાય છે

તા. ૬ઠ્ઠી જૂને મૅલરી અને અર્વિને એમના સાથીઓની વિદાય લીધી. અધ નૉર્ટન ફક્ત તેમના હાથ લઇ હોંશ અને ઊમળકાભેર દાબી શક્યો; મુખે બે શબ્દ શુભેચ્છાના કહી શક્યો, પણ તેમનાં સાહસિક વદનના દર્શન ન કરી શક્યો. ઑક્સિજનની બે થેલી અને એક દિવસનો ખોરાક, એમ કુલ ૨૫ રતલનું વજન લઇ એ જવાંમર્દો ઊપડ્યા. છાવણી નં. ૫ સુધી મજૂરો જઇને પાછા ફર્યા અને સમાચાર લાવ્યા કે ઋતુ સુંદર છે. દરેકને આશા જન્મી. ૭મી તારીખે છાવણી નં. ૬માં એ બહાદુરો પહોંચ્યા. ત્યાંથી પણ સંદેશો આવ્યો કે બધું અનુકૂળ છે; ફક્ત ઑક્સિજનની થેલીનો ભાર જરા વસમો છે. પણ એકદરે સમાચાર આશાજનક હતા. ઓડેલ ૫ મી છાવણીમાં મદદગાર તરીકે રહ્યો. ૨૬,૮૦૦ ફૂટ પર તો તેઓ આનંદમાં હતા. પાંચમી છાવણીમાં ઓડેલ વિચાર કરે છે કે જો રાત્રે એ બંને સુખરૂપ સૂઇ શકે તો વિજય સહેલ છે.



આ વર્ષે એવરેસ્ટનું અવલોકન તથા સંશોધન કરવા માટે આવેલી હવાઇ વિમાનીઓની ટુકડીએ હવામાંથી લીધેલો તેનો ફોટોગ્રાફ: Courtesy '*The Times*'

૮મીએ સવારે ઓડેલ એમની રાહ જોતો ઊભો છે. મૅલરીની ગોઠવણ પ્રમાણે તો વહેલી સવારના એ લોકો ઊપડી જવા જોઈએ. પણ સવાર વીતવા આવી છતાં કોઇનો પત્તો નહિ! અંતે બપોરના ૧૨-૫૦ વાગ્યે ઓડેલે એ બેને ધીમેધીમે ચડતા જોયા. ગોઠવણ પ્રમાણે તો તેઓ ત્યાંથી સવારના આઠ વાગ્યાના નીકળવા જોઇએ. આટલું મોડું થવાનું કારણ ઓડેલ એ કલ્પે છે કે ઑક્સિજન યંત્રમાં કંઇક નડતર આવી હોવી જોઇએ. દિવસ સ્વચ્છ નહોતો. ધુમ્મસ ઝઝૂમી રહ્યું હતું. એક જ વાર ૨૬,૦૦૦ ફૂટથી ઊંચે ધુમ્મસ ઓછું થયું; સૂર્યનો પ્રકાશ પથરાયો અને એક ઝીણી વસ્તુ હાલતી જણાઇ. એની પાછળ બીજી મૂર્તિ ચાલતી જણાઇ. પછી પહેલી વ્યક્તિ છેવટના શિખરનીતળેટી ઉપર જવાને પગલું મૂકે છે, ત્યાં પાછાં વાદળાં ધસી આવ્યાં, ને બંને વ્યક્તિઓ દેખાતી બંધ થઈ. મનુષ્યની આંખે મૅલરી અને અર્વિન એ જ ઘડીએ છેલ્લી વારના દેખાયા. અહીંથી શિખર માત્ર ૬૦૦ ફૂટ જ દૂર રહ્યું હતું એમ ઓડેલ માને છે. પછી શું થયું તે પ્રભુ જાણે!

હજાર જાતના તર્કવિતર્ક શિખરિણીઓ ચલાવી રહ્યા છે. અનેક 'જો' અને 'તો' થી ચર્ચાઓ કરી રહ્યા છે. બેને બદલે ત્રણ હોત; અર્વિનને બદલે ઓડેલ મૅલરી સાથે ગયો હોત,–એમ મનુષ્ય પોતાનું ડહાપણ ડોળ્યા કરે છે. શિખર પર પહોંચ્યા તો હશે જ પણ મોડું થતાં અંધારામાં લપસી ગયા હશે; પાછા ફરતાં રાતની ઠંડી નડી હશે; છેલ્લા શિખર પર જતાં વચ્ચેનો નાનો રસ્તો જ જીવલેણ નીવડ્યો હશે; બંને સાથે જ સરી પડ્યા હશે;—આમ અનેક કલ્પનાના ઘોડા દોડાવતા મનુષ્યે ભાવિના પડદા ચીરવા આજસુધી મથામણ કરી છે; ખરી વાત તો એક ઇશ્વર જ જાણે છે. એમનું શું થયું એ તો હજી સુધી કોઇ માનવીને પત્તો લાગ્યો નથી. પરંતુ એ તો નિર્વિવાદ છે કે મનુષ્ય જે ઊંચાઇએ કદી નથી સૂતો ત્યાં મૅલરી પોઢ્યો. અને કેટલી સુંદર



પેઠંગ રિંગ્મો પાસેની છાવણીમાંથી દેખાતું ચોમો લ્હાન્ઝોનાં શિખરોનું દૃશ્ય

અનંત નિદ્રા! હિમાલયને ખોળે—અરે ખોળે શેના—એના કપોલે કેટલો સુંદર ચન્દ્રક! અનંત કાળ સુધી હિમાલયના વાયુ એને પવન ઢાળ્યા કરશે; અનંત કાળ સુધી સૂરજદેવ પોતાનાં કિરણે અભિષેક કર્યા કરશે. મૅલરીએ કદી જીત મેળવી હોત, અથવા તો એમ જ માનીએ કે મૅલરીને જીત મળી જ છે તો યે આથી સુંદર એને બીજું કયું મૃત્યુ મળવાનું હતું? અને મૅલરી જેવા સાથીની સોડ કરતાં બીજી સુંદર સોડ અર્વિનને પણ કઇ મળવાની હતી!

એકલવાયો ઓડેલ! સાથીભક્ત ઓડેલ! તે દિવસે આખી રાત એ ૫ મી છાવણીમાં સૂતો. બીજે દિવસે ૬ઠ્ઠીમાં પહોંચ્યો. ત્યાં ખાવાનું મૂક્યું; ઊનીઊની ચહાની બાટલીઓ મૂકી; પેલા વીરલાઓ પાછા આવશે કે તરત જોઇશે એવી સઘળી વસ્તુની તૈયારીઓ કરી. હિમ પડતું હતું, ધુમ્મસ જામેલી હતી, છતાં ૬ઠ્ઠીથી યે ઊંચે ૨૦૦ ફૂટ એ ગયો. ત્યાં થાકીને રાહ જોતો, એ ગીતો ગાતો બેઠો: કે પાછા ફરતાં ધુમ્મસમાં પેલા વીરલાઓ એનો અવાજ સાંભળે. બપોર વીત્યા; સાંજ પડી; હવે? પોતે ત્યાં જ રહે, ને પેલા પાછા આવે તો રાત તો ત્યાં રહેવાય જ નહિ. અને તંબૂમાં બે જ કોથળા હતા; એટલે એક જણને બહાર જ સૂવું પડે. અને ૨૭,૦૦૦ ફૂટ પર બહાર સૂવું એટલે એનો એક જ અર્થ! ત્યારે એ એકલો કરે શું? એની મનોદશાની તો કલ્પના પણ ન થઇ શકે. ભારે, ખટકતે દિલે એ પાછો ફર્યો. ૫મી છાવણીએ પહોંચ્યો. પથરાતા અંધારામાં યે એક વાર છેલ્લી તાણી નિગાહ ફેરવી જોઇ. કોઈ નહિ! ચોથી છાવણી તરફ વળ્યો. ત્યાં હેઝાર્ડ ગરમ સૂપ સાથે એની રાહ જોતો હતો. જરાતરા ખાધા કર્યાં પછી પાછા બંને મૅલરી અને અર્વિનની તપાસમાં નીકળ્યા. રાત સુધી કંઇ પત્તો જણાયો નહિ. ચિંતામાં રાત પસાર કરી સવારે તંબૂઓ તરફ દૂરબીનો માંડ્યાં; પણ કંઈ જણાયું નહિ. બધું હતું તેમનું તેમ. એ જ દિવસે—૯મીએ પાછો ઓડેલ ઉપર ચડ્યો ને ૩ા વાગ્યે ૫મી છાવણીમાં પહોંચ્યો. રાત ત્યાં જ રહ્યો. બીજે દિવસે છાવણી નં. ૬ માં પહોંચ્યો. પણ કંઇ પત્તો—કંઈ ચિહ્ન—કંઇ નિશાન—કશું જ નહિ. એના વહાલા ગોઠિયાઓ સદાને માટે એનો સાથ છોડી ગયા છે એમ નક્કી એને લાગ્યું. ત્યાં રહીને એણે એ દુખદ સંજ્ઞા કરી અને દુભાતે મને પાછો ફર્યો. એક વાર,



ઍ. ડ્રૂ અર્વિન–સશક્ત, આનંદી ને શરમાળ; ૨૨ વર્ષનો એ જુવાનિયો: હજી તો ઑક્સફર્ડમાં ભણતો; બોટરેસનો ખેલાડી ને શિખરિણી; એવરેસ્ટની વાત જાહેર થતાં જ એ નીકળી પડેલો.



શિખરો ઉપર પાતળી હવાને લીધે શ્વાસ લેવો મુશ્કેલ પડે ત્યારે ઑક્સિજન વાયુથી ભરેલી આવી કોઠીઓ પીઠ પર બાંધી તેની નળીમાંથી શ્વાસ લેતાલેતા શિખરિણીઓ ચડે છે.

ફરી એક વાર એણે ગિરિરાજને દયામણી નજરે વીનવ્યા. તોફાન અને ઝંઝાવાતો શરૂ થયા, ઠંડી વધી, વરસાદ પડવો શરૂ થવા જેવું લાગ્યું; છતાં ઓડેલ થંભ્યો. એને કંઈક ગૂઢ સંવેદન, કંઇક આકર્ષણ લાગ્યું. પર્વતરાજ પોતાની પાંખમાં એને પણ સમેટી ન લેતા હોય એવી એને લાગણી થઈ. ગિરિપ્રદેશના અનુપમ સૌંદર્યની મોહિનીમાં એ ભુરકાયો; પણ એ મન ભારે કરીને પાછો ફર્યો. આ અનુભવ ઉપરથી એનું મિત્રભક્ત હૃદય તો એમ જ કહે છે કે કદાચ પેલા બે વિરલાઓ શિખર ઉપર ઊભા રહી જગતને મીટ ભરીભરી ન્યાળતા હશે, અનંત અને અણગણ્યાં હિમશિખરોને રસભરી આંખે નીરખતા હશે અને ત્યાંના ઉત્કૃષ્ટ સૌંદર્યના આકર્ષણના ભોગ બની ત્યાં જ થંબી ગયા હશે. કેટલી સુંદર ઓડેલની કલ્પના!

ચોમાસું બેસવાને વાર નહોતી; અને ચોમાસું બેઠું તો અહીંથી ઊતરવું અશક્ય જ હતું. આ સ્થિતિમાં દરેક સાથીની મનોદશા શી હશે? નોએલ એ ટોળીનો છબી પાડનાર હતો. ૨૫,૦૦૦ ફૂટ ઊંચે એક ખડકની બખોલમાં એ એનાં દૂરબીનો માંડી બેઠો હતો. ઓડેલ પાછો ઉપર ગયો ત્યારે અમુક સંજ્ઞાઓ નક્કી કરી હતી.

ડૉ. હિંગ્સ્ટનની મહેનતથી નૉર્ટનની આંખ કંઈક સુધરી હતી. બ્રૂસ, હિંગ્સ્ટન, નૉર્ટન અને નોએલ કૅમેરાની પાસે બેઠાબેઠા રાહ જોતા હતા. ૪૦ કલાક સુધી વારાફરતી દૂરબીનો ફેરવાયાં જાય છે. ઘડીમાં નોકરો, ઘડીમાં શિખરિણીઓ;—પણ ત્યાં વળી એ ભેદ શો? 'કૂચ દેખતા?' નૉર્ટન બબરી ખાઇખાઇને પૂછ્યા રહે છે. પણ માત્ર 'કૂચ નહિ'ના જવાબ મળતા જાય છે. એકાએક કંઇક દેખાય છે. ઉત્સાહભર્યો નોએલ દૂરબીન પર આંખ માંડે છે. એ તો ઓડેલ અને એના મજૂરો! બધાના જીવ તાળવે ચોંટ્યા છે. ઓડેલ શી યે સંજ્ઞા કરશે! મળ્યા? જડ્યા? જીવે છે? આશા છે? કંઇક! પણ ત્યાં તો બન્નુસનો વીંટો ઊકેલી એણે કાળો ક્રૉસ ગોઠવ્યો! અને દૂરબીનમાંથી જોનારની એ કહેવાની હિંમત ચાલી નહિ. સૌએ વારાફરતી એ જોયું. બસ, થઇ રહ્યું. એ ક્રૉસ નહિ હોય એમ માનવાને



૧૯૨૧, '૨૨ અને '૨૪ની સાલની ત્રણે ચડાઇઓનાં સાહસ તથા તેમાં કુરબાન થએલા સાહસિકો [ડૉ. કેલ્લાસ (૧૯૨૧), તિબેટી સાથી લ્હાકપા નર્બુપારંગ (૧૯૨૨) તથા મૅલરી અને અર્વિન (૧૯૨૪)નું એવરેસ્ટ પર ઊભું કરેલું સ્મારક

સૌએ મથામણ કરી. અંતે નૉર્ટને કડવે હૈયે તે અંતિમ હિંમતે સામું નિશાન કરવાની હિગ્ઝ્ટનને સૂચના આપી: ત્રણ સીધી લીટીમાં ત્રણ બ્લૅંકેટો ગોઠવ્યા. એનો અર્થ એ કે 'આશા છોડી પાછા ફરો.'


અને હવે નૉર્ટને મંત્રણા શરૂ કરી. હવે? હવે શું? ઉપર જઈ વધુ તપાસ કરવી એટલે બધાને માટે મોત નોતરવું. ચોમાસું સામે ઝઝૂમી રહ્યું છે. હવે? હવે? બધા મળ્યા. બધાએ ફરી ફરી ચર્ચા કરી. અંતે નિરાશ. નિર્ણય એ જ થયો કે વધારે જીવનાં જોખમો ખેડ્યા વિના પાછા ફરવું. એકેક દિવસ હવે ભારે હતો. વરસાદ ગમે ત્યારે ઓચિંતો શરૂ થઇ જવાની વક્કી હતી. અંતે આટઆટલી મહેનત પછી પાછા ફરવાની તૈયારી થઇ.

પણ એમણે ઓછું નથી કર્યું. હવે ભવિષ્યમાં એવરેસ્ટ ચડનારી ટોળી માટે ૨૮,૨૦૦ ફૂટ પર તંબૂની છાવણી નાખી છે. મજૂરો ૨૭,૦૦૦ ફૂટ સુધી સામાન લઇ જઇ શકે છે; ૨૭,૦૦૦ ફૂટ ઊંચે ઊંઘી શકાય છે, એ સાબિત કર્યું છે. રસ્તો સિદ્ધ કર્યો છે. બે દિવસમાં ૨૫,૦૦૦થી ૨૭,૦૦૦ બે વાર ઓડેલ ચડ્યો ઊતર્યો એ પણ કંઇ જેવીતેવી જીત ન કહેવાય. હવેનો કાફલો જો શિખર ચડી શકે તો તે આ વીરલાઓની મહેનતને જ આભારી એ નિઃસંશય છે. એટલે એમનો પરિશ્રમ અફળ તો નહિ જ; ઊલટો અમૂલ્ય જ ગણાય.

પૃથ્વીના લોકોએ પૃથ્વીના એ ઉન્નતોન્નત શૃંગે પોઢનાર મૅલરી અને અર્વિનને યોગ્ય અંજલિઓ આપી.

અને હવે આપણે પણ નગાધિરાજ હિમાલયની વિદાય લઇએ. મહાકવિ કાલિદાસ એને દેવતાત્મા, નગાધિરાજ, પૃથ્વીનો માનદંડ, એમ કહે છે. કાલિદાસે હિમાલયનાં શિખરશૃંગ તો કોણ જાણે ન યે ખૂંદ્યા હોય, પણ હિમાલયને ખોળે તો—હિમાલયની લલિત કન્દરાઓમાં, હિમાલયની રમ્ય વનરાજીઓમાં તો—પોતાની પ્રવાસપગલીઓ માંડી છે; હિમાલયના અદ્દભુત સૌંદર્ય ઉપર પોતાનું કવિનેત્ર ઉઘાડ્યું છે એ નિર્વિવાદ. એ કવિકુલગુરુએ આચાર્યપદે રહીને નગાધિરાજ હિમાલયની પુત્રી પાર્વતીનું કલ્યાણપ્રભુ શિવ સાથે પાણિગ્રહણ કરાવ્યું છે, એટલું જ નહિ પણ એ લગ્ન પ્રસંગે ભૂમિધર હિમાલય પર અનેક ઉત્સવમંડપો બાંધી હિમાલયની વનસ્પતિનું, હિમાલયના ગંધમાદન વનની ફૂલ સુરભિનું, હિમાલયના સૃષ્ટિસૌંદર્યનું રૂપદર્શન કરાવ્યું છે, હિમાલયનું એણે વસંતવર્ણન આલેખ્યું છે. એમાં સાહસકથા નથી એ સાચું છે, પણ એમાંની સૌંદર્યકથા સાહસિકોને પણ આકર્ષ્યા વિના નહિ રહે.

કોઇ પૂછશે ચોમો લુંગ્મા, જગતની દેવી માતા; એનું નામ આ લેખમાં મેં ઉમાશિખર કેમ રાખ્યું?



એવરેસ્ટ શિખરનાં સીધી કરાડવાળાં પાસાં તથા તેના ચડાણના માર્ગ દર્શાવતો તેનો પ્રાકૃતિક નકશો

ભૂગોળો ને નકશાઓમાં એવરેસ્ટને ગૌરીશંકરને નામે સંબોધે છે. આ ભૂલ છે. ૧૯૨૧માં હાવર્ડબરીએ આ ભૂલ પ્રમાણી છે. અનેક હિંદીઓએ તો ક્યારની એ ભૂલ જાણી છે. છતાં હજી એ ભૂલ થતી ચાલુ જ છે. ચોમો લુંગમાને એના અર્થ પ્રમાણે આપણે દેવીમાતા, ગૌરી શિખર–અંબા શિખર, ઉમા શિખર એવાં નામ આપીએ. એમાં ઉમા શિખર ઠીક લાગે છે.

મહાકવિ કાલીદાસ ગિરિજા, શૈલસુતા, પાર્વતીજીને શિવને પ્રસન્ન કરવા તપ કરવા મોકલે છે. ઉમા એ તપસમાધિ માટે અનુમતિ લઇ એક શિખર પર પધાર્યાં. प्रजासु पश्चात् प्रथितं तदाख्यया जगाम गौरी शिखरं शिखंडिमत्–કુમારસંભવના, પાંચમા સર્ગમાં, શ્લોક ૭મો આ પ્રમાણે છે. અને શિવપુરાણમાં: सा गौरीशिखरं ययौ। चकार वसतिं यस्मात् गौरीशिखरमुच्यते। આમ લખાણ છે. જ્યાં ગૌરી તપ કરવા ગયાં તે શિખર 'ગૌરી શિખર' નામે ઓળખાયું. કાલિદાસે શિખંડીમત્ (એટલે મોર જ્યાં હતાં ત્યાં) એમ લખ્યું એ પર ટીકા કરતાં મલ્લીનાથ કહે છે કે મોરનું સૂચન કરવામાં એનો ઉદ્દેશ હિંસક પ્રાણીઓ ત્યાં ન હતાં એમ બતાવવાનો છે. કેટલાક શિખંડિમત્ એ શિખરનું અગાઉનું નામ માને છે. મારૂં નમ્ર માનવું તો એવું છે કે ૧૫,૦૦૦ કે ૧૬,૦૦૦થી ઊંચે—હિમરેખાથી ઊંચે—કવિ કાલિદાસ નહિ જ જઇ શક્યા હોય, અને કદાચ ગૌરીને સુરક્ષિત સૂચવવા પૂરતો જ હેતુ હોય, અથવા તો शिखरं शिखंडिमत् એમાં કાવ્યાલંકાર લાવવા પ્રેરાયા હોય. એ કવિ હતા, શિખરિણી નહોતા; ઇતિહાસ નહોતા લખતા; એટલે એ ઉપર બહુ ધ્યાન ન આપીએ. પણ ગૌરીશિખર તો સાચું જ. એનો અર્થ પણ ચોમો લુંગમાને મળતો આવે છે. ત્યારે મારી કલ્પના તો આવી છે કે શિવ પ્રસન્ન ન થયા, ત્યારે પાર્વતી તપ કરવાં ગયાં. અને શિવનું નિવાસસ્થાન કૈલાસ, તો તપ કરવા તો એથી ઊંચે જ જવું પડે ને? તો જ શિવ પ્રસન્ન થાય. અને પછી શિવપાર્વતી પરણીને વસ્યાં તે ગૌરીશંકર;—ગૌરી અને શંકર બંનેનું નિવાસસ્થાન. ગૌરી શિખરથી જુદું અને નીચે.

આમ ચોમો લુંગ્મા એટલે એવરેસ્ટને ગૌરીશંકર ગણવામાં 'શિખર' અને 'શંકર' એ બે શબ્દોના મળતાપણાને લીધે સ્વાભાવિક ભૂલ થાય એ દેખીતું છે. પૌરાણિક નામો પરદેશીઓને હાથે કઇ હદ સુધીનાં બગડ્યાં છે એના દાખલા શોધવા જવાની જરૂર નથી; એટલે શિખરનું શંકર થયું હોય ને એને જ ગૌરીશંકર માનવા લાગ્યા હોય એ સ્વાભાવિક છે. આથી 'ગૌરી' નામ બંનેમાં આવતું હોવાને કારણે એવરેસ્ટને ઉમાશિખરથી ઓળખીએ તો એ ભૂલ નહિ થાય. પેલું ગૌરીશંકર, ૨૪,૦૦૦ ફૂટ ઊંચું; અને આ સૌથી ઊંચે, જગતની દેવીમાતા તે ઉમાશિખર.

પ્રણામ, ઉમાશિખર! પ્રણામ! તારા મુકુટમણિ પર મનુષ્ય પોતાનો ઓળો પાડે કે ન પાડે, પરંતુ એ પામરને એવાં અને એથી અદકાં સાહસો ખેડવાને–એમાં ફળીભૂત થવાને તો ઓ મા, ઉમા! જગતની મા લુંગમા! તું એને પ્રેરણા ને શક્તિ આપ્યા જ કરજે.

ચન્દ્રવદન મહેતા

• આ લેખમાળા તથા તેનાં ચિત્રો તૈયાર કરવામાં નીચેનાં પુસ્તકોનો આધાર લીધો છે. જે કોઇને આ લેખ પરથી હિમાલય વિષે, તથા શિખર-આરોહણના એ અપ્રતિમ સાહસ વિષે વધારે વિગતથી જાણવાની ઇચ્છા જાગે તેમને એમાંથી ઘણી નવી, ઝીણામાં ઝીણી વિગતોથી ભરપૂર, રસમય અને રોમાંચક હકીકતો જાણવા મળશે.

Mount Everest *by* Haward-Bury; The Assault on Mount Everest-1922 *by* Brigadier-General C. G. Bruce; The Fight for Everest-1924 *by* Lieut. Colonel E. F. Norton; The Epic of Mount Everest *by* Sir Francis Younghusband; Wonders of Himalaya *by* Sir Francis Younghusband; The Kangchenjunga Adventure *by* F. S. Smythe; Story of Everest; *by* Capt. Noel; Himalaya *by* Nicholas Roerich; With Mystics and Magicians in Tibet *by* Neel Alexander; Kailas Tour Account *by* H. H. Maharaja of Mysore's party.

એ ઉપરાંત કામત શિખર ચડનાર મિ. સ્મિથ બદ્રીકેદારનાથની આસપાસના પહાડી મુલકનો ઉબડ પ્રાકૃતિક નકશો બનાવનાર શેઠ ત્રીકમદાસ પ્રેમજી તથા દાર્જીલિંગના ડ્યૂ મ્યુઝિયમના અગ્રેસર આબ્રે સાથેની વાતચીતો.

ચિત્રકારનું માનસ

પોતાના ભાવો વ્યક્ત કરવા માટે યુગયુગના ચિત્રકારોએ જાતજાતના પ્રયોગો કર્યા છે. ચિત્રકળાની બાલ્યાવસ્થામાં ચિત્રકાર પોતાના પાત્રને ઓળખાવવા માટે અભિધાન, અલંકાર તથા આસપાસની વસ્તુઓનો ઉપયોગ કરતો. કોઈ કલ્પનાવાળો ચિત્રકાર વળી ઐતિહાસિક સાધનો, સંસ્કૃતિનાં ચિહ્નો તથા માન્યતાઓને પોતાની કલામાં સ્થાન આપતો. આવા ચિત્રકારે સરજેલા શંકરનું શંકરપણું બતાવવા માટે નાગ, વ્યાઘ્રચર્મ, નંદી અને ગણેશ હાજર જ હોય.

પણ સમય જતાં એ પ્રકારનાં ચિત્રો ભાવનાશાળી ચિત્રકારોને નીરસ લાગ્યાં અને અંગમરોડ તથા મુખરેખાઓ પ્રધાનપણે આવ્યાં. પછી તો ચિત્રકારે પોતાની પીંછીને એવી મુલાયમ બનાવી કે મુખપટના સેંકડો સ્નાયુતંતુઓના વ્યાપાર તદ્દન સ્વાભાવિક સ્થિતિમાં બતાવે. એવા ચિત્રકારના પાત્રના મુખ પર જોઇને જ તમે એને ઓળખી શકો; પૂર્વજન્મની પિછાન હોય એમ!

પણ કલાના તરસ્યા ચિત્રકારને આટલેથી સંતોષ ન થયો. પોતે જે સ્થૂલ ચિત્રો ચીતરતો હતો તેના કરતાં અનેકગણો સૂક્ષ્મ, જે આત્મામાંથી પોતાને તે ચિત્રો માટેની ભાવનાઓ મળે છે તે છે, એ તેને સમજાયું. તેને પ્રશ્ન થયો: 'મનુષ્યના ચહેરાની પણ જરૂર ન પડે અને મનુષ્યના આંતરિક ભાવો જણાવી શકાય એવું ચિત્રકળામાં સામર્થ્ય નહિ હોય ? સ્થૂલ બંધનોથી જડાએલા આત્માના આવેગો વ્યક્ત કરવા સ્થૂલ પદાર્થોનો આશ્રય શું અનિવાર્ય હશે ?' વળી તેણે એ પણ જોયું કે જે સૂક્ષ્મ અનુભવો પોતાને થાય છે તેવા જ અનુભવો બીજાં બધાં મનુષ્યોને પણ થાય છે. અને આ સત્ય સમજાતાં જ તેની કલાએ નવીન દિશા લીધી. અત્યાર સુધીના ચિત્રકારો પોતાની સમગ્ર શક્તિ વાપરી ચિત્રો ચીતરતા, અને પ્રજા મૅચ જોવા આવનારા પ્રેક્ષકોની સ્થિતિમાં રહી તે જોઇ હર્ષ પામતી. પણ આ નવા ચિત્રકારને એમ દૂર રહી એકલા રમવું ઠીક ન લાગ્યું. શા માટે જોનારાઓ પોતે પણ ન રમે ? અને તેણે એવાં ચિત્રો ચીતર્યાં કે તે જોઇ તેના પર વિચાર ચલાવતાં તે ઓળખી શકાય અને અપૂર્વ સહાનુભૂતિની તૃપ્તિ મેળવી શકાય. અને અહીં તેની કલામાં ફાંટા પડ્યા. કોઇએ ભાવસૂચક પ્રતીકો યોજ્યાં; કોઇએ માત્ર ચિત્રોનાં હાડપિંજર આપી બાકીની કલ્પના પૂરી કરવાનું પ્રેક્ષકને સોંપ્યું, અને એમ કરી પ્રેક્ષકની બધી કલ્પનાનો ઉપયોગ કરાવી તેની પોતાની કલ્પના પર તેને મુગ્ધ કર્યો. પહેલી કોટિમાં કૃષ્ણલાલ ભટ્ટનું 'ક્રોધ-જ્વાલા' ('કુમાર' શતાંક પૃ. ૧૯૨) અને એ જાતનાં ચિત્રો મૂકી શકાય. આ ચિત્રને નામ ન આપ્યું હોય તો ય તમે કહો કે તે ક્રોધની જ્વાળા છે. બીજી કોટિમાં રવિભાઇનાં(એ જ અંકમાં આવેલાં)સ્વપ્નસૃષ્ટિને મળતાં ચિત્રો આવે; અને તેની મજા સૌ સૌની બુદ્ધિ અનુસાર અનુભવી શકે. આ જ સિદ્ધાંતનો વિકૃત સ્વરૂપમાં અને કંઈક નીચી ભૂમિકા પર પ્રયોગો કરતાં કાર્ટૂનો નીપજે.

પણ ચિત્રકારના પ્રશ્નનું આથી કાંઇ સમાધાન થતું નથી. કારણ આ ચિત્રો મનુષ્યના સ્થૂલ સ્વરૂપને ભલે ગુપ્ત રાખે, પણ દૃશ્ય પદાર્થો તરફની માનવજાતિની સામાન્ય પ્રતિક્રિયા (**response**)નો તો તે લાભ લે જ છે. એ સૂક્ષ્મ દેખાતી રેખાઓ પાછળ મનુષ્યના સ્થૂલ સૃષ્ટિ સાથેના અનુભવો છે. અને તેથી જ ચિત્રકાર ચીતરે છે અને બીજાઓ તે ચિત્ર વાંચી શકે છે. પણ નૂતન યુગનો ચિત્રકાર તો એમ જ પૂછે છે કે દૃશ્ય સૃષ્ટિના સીધા કે આડકતરા કોઈ પણ જાતના સૂચન વિના માત્ર રેખાઓની ઝમકથી જ અમુક ભાવો ઉપજાવી શકે એવું ચિત્ર શક્ય નહિ હોય ? જેમ સંગીતમાં કશું સ્થૂલ સૂચન કર્યા વિના અમુક રાગો અમુક નિશ્ચિત અસર ઉપજાવી શકે છે (તેનું કારણ માનસશાસ્ત્ર હજુ શાસ્ત્રીયરીતે જાણી શક્યું નથી) તેમ જ ચિત્રો પણ એવાં કેમ ન સંભવી શકે ?

આશાનું એક કિરણ છે. ચિત્રકારની પરમ પ્રિય Line of Beauty તેનો આશાવાદ જીવતો રાખે છે. સુંદરતાની પરિસીમા રૂપ આ રેખામાં પાર્થિવ જગતનો કંઇ પણ વ્યક્ત સંકેત નથી અને છતાં તે સુંદર છે. એવી બીજી રેખાઓ કેમ ન સંભવે જે જોતાં જ જુદા જુદા રસ અનુભવાય ? માનસશાસ્ત્ર એક તરફથી આ સંભવ માટે આશાવાદી છે ત્યારે બીજી તરફથી Line of Beautyની કિંમત કાંઈક ઘટાડે છે. દરેક રેખા મનુષ્યની દૃષ્ટિને ગતિનો ખ્યાલ આપે છે. અને તેથી આ સુંદર રેખાના કલાપૂર્ણ મૃદુ વળાંકમાં ઉડ્ડયનનો અને સરણનો—અને તે પણ કઠણ ખડકો પર નહિ પણ તદ્દન પોચાં વાદળાંઓમાં—ગુપ્ત સંકેત રહેલો છે.

અને ઊડવું અને લપસવું કોને ન ગમે? માટે જ આ રેખાની સુંદરતા સર્વમાન્ય છે. આથી જોકે આ રેખા સ્વયંસિદ્ધ સૂક્ષ્મ સૃષ્ટિની તો ન જ કહેવાય—તેમાં પણ અવ્યક્ત સ્થૂલ સૂચન તો રહ્યું જ છે—છતાં એથી આશા રાખી શકાય કે જેવું સૂરનું સંગીત શક્ય છે તેવું જ રેખાઓનું સંગીત પણ શક્ય છે. ચિત્રકાર તે દિવ્ય સંગીત ક્યારે આ સૃષ્ટિ પર લાવે છે એ જ હવે તો જોવાનું રહે.

હરિકૃષ્ણ વ્યાસ









ઉપર: ડાબી બાજુથી (૧) 'મશગુલ' (હરમાનભાઇ પટેલ) (૨) 'તાજા સમાચાર' (ટી એલ ગાંધી: બીજું ઈનામ: (૩) 'પાનખર' (નટવરલાલ ભટ્ટ ત્રીજું ઈનામ; જમણી બાજુ નીચે: 'બંદગી' (અસદમિયાં સૈયદ–પાલણપુર: પહેલું ઇનામ).

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહિને આવેલી ચિત્રાવલિમાં ભાઇ અસદમિયાં સૈયદ (પાલણપુર)નું 'બંદગી' નામનું ચિત્ર પ્રથમ આવે છે. તેમાં કુશળતાભરી સાચવણીથી છાયાપ્રકાશ લેવામાં આવ્યા છે અને ભાવને યોગ્ય વાતાવરણ સરજાયું છે. બીજા ઇનામને પાત્ર ભાઇ ટી. એલ. ગાંધી (રંગુન)નું The Latest News (તાજા સમાચાર) નામનું ચિત્ર ઠરે છે. પરંતુ એ ચિત્રમાં બાળકના હાથમાં તો 'ખાદીપત્રિકા' છે, એટલે તેનું નામ ખોટું પડે છે. વળી ચિત્રનું નામ પરબીડિયામાં ન હોવા વિષે અમે વખતોવખત ધ્યાન ખેંચ્યું છે. ત્રીજું ઇનામ 'પાનખર'ના ચિત્ર માટે ભાઈ નટવરલાલ ભટ્ટ (ડાકોર)ને મળે છે. એ ચિત્ર ખરેખર કુદરત પરથી લેવાયું હશે, કિન્તુ આકારોનાં પ્રમાણ પર વિચાર નહિ કર્યો હોવાથી કૃત્રિમતાનો દેખાવ આવી જાય છે.

નોંધપાત્ર ચિત્રોમાં બહેન મધુકાન્તા જોશીનું 'નાવિક કન્યા' ઘણું આકર્ષક ચિત્ર બની શકે, પણ તેના વાતાવરણમાં લોખંડનો પૂલ વગેરે આવવા દેવાં જોઇતાં નહોતાં, તેમજ પાત્રનો અંગમરોડ વધારે તાલબદ્ધ ગતિની રેખા પકડે તેટલી રાહ જોવી જોઈતી હતી. 'મશગુલ' નામનું ચિત્ર શ્રી હરમાનભાઇ પટેલે નાઇરોબીથી મોકલ્યું છે, તેમાં બાળકીની નજર હાથ પર જ ઠરવી જોઇતી હતી. ભાઇ નલિનચંદ્ર મહેતા (કચ્છ માંડવી) અનેક વિષયો પર કેમેરા માંડે છે, પણ પાત્રો કે પ્રાણીઓ છૂટાં પડે અથવા ઉઠાવ પકડે એવી પાછળની વિગતો પર ધ્યાન આપતા નથી. કરમસદના પટેલ છોટાભાઇનું 'સવારના પહોરમાં' નામનું ચિત્ર સારૂં થઈ શકે, પણ છાપ લેવાના જુદાજુદા કાગળો પર તેની છાપના પ્રયોગો કરી જોવા જોઇએ. ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)ના ચિત્રમાં પાત્ર ને વિષય આકર્ષક હોવા છતાં ચિત્રયોજના સંભાળી શકયા નથી.



અરૂણનું અદ્ભુત સ્વપ્ન

પ્રકરણ (ચાલુ)


રોમ

રોમમાં પ્રજાસત્તાક રાજ્ય લગભગ પાંચસોથી છસો વર્ષ લગી રહ્યું. એ પ્રજાસત્તાના છેલ્લા સૈકામાં રોમની સત્તા અતિશય વધી. યુરોપમાં આખું ઇટલી, જર્મની, ફ્રાન્સ, સ્પેન અને બ્રિટન એનાં સંસ્થાનો તરીકે હતાં, આફ્રિકાનો ઉત્તર કિનારો એના હાથમાં હતો અને એશિયામાં ગ્રીસ, સીરિયા અને પૅલેસ્ટાઇન એને કબજે હતાં. એ છેલ્લા સૈકાના વિજયી સેનાપતિઓમાં મૅરિયસ, સુલા, પોમ્પેઇ વગેરેનાં નામો આગળ-પડતાં છે. પણ એ બધામાં યે જુલિયસ સીઝરનું નામ સૌથી આગળ તરી આવે છે.

એ મહાપુરુષ જેવો શૂરવીર સેનાપતિ તેવો જ જબરો રાજપુરુષ હતો, ને તે ઉપરાંત વિદ્વાન પંડિત પણ હતો. ખગોળશાસ્ત્રનો એણે સારો અભ્યાસ કરેલો. આજના ખ્રિસ્તી ગણત્રી પ્રમાણેના વર્ષના ત્રણસો ને પાંસઠ દિવસ કરી દર ચોથે વર્ષે એક દિવસ ઉમેરવાની યોજના એ સીઝરે જ કરી હતી.

સીઝર અને પૅામ્પેઇ વચ્ચે ખૂબ સ્પર્ધા ચાલતી હતી. પૅામ્પેઇ પણ બહુ મોટો સેનાપતિ હતો. એ જ્યારે મધ્ય એશિયાને રોમની સત્તા નીચે લાવતો હતો ત્યારે સીઝર આખો ગૅાલ દેશ—આજનો ફ્રાન્સ દેશ—રોમને તાબે કરતો હતો. સીઝરની મહત્ત્વાકાંક્ષા રોમના સમ્રાટ થવાની હતી, પણ જ્યાં લગી પૅામ્પેઇ જેવો શૂરવીર એની સાથે રાજ્યનો કારભાર ચલાવતો હોય ત્યાં સુધી એ ઇચ્છા પાર પડે એમ નહોતું. પૅામ્પેઇ, જુલિયસ સીઝર અને ક્રૅસસ એ ત્રિપુટીનું રાજ્ય રોમ





મહાન રોમન વક્તા સીસેરો








ડાબી બાજુથી: ૧-રોમન સામ્રાજ્યનો પહેલો સમ્રાટ ઑગસ્ટસ સીઝર (ઇ.સ. પૂર્વે ૬૩થી ઇ.સ. ૧૪ સુધી): ૨-રોમનો ફિલસૂફ બાદશાહ માર્કસ ઑરેલિયસ (ઇ. સ. ૧૨૧થી ૧૮૦) ૩-રોમનો હત્યારો બાદશાહ નીરો (ઇ. સ. ૩૭થી ૬૮).

પર ચાલતું. ક્રૅસસ કરતાં પણ પૉમ્પેઇ સીઝરના લોભની આડે વધુ આવતો. રાજ્યમાં ખૂબ ખટપટો ચાલવા લાગી. એ ખટપટનો એક ભોગ તો સીસરો જ થયો. સીસરો પ્રખર વક્તા તરીકે જગવિખ્યાત થઇ ગયો છે. એને દેશની ખૂબ દાઝ હતી અને કાવાદાવા માટે તિરસ્કાર હતો. જુલિયસ સીઝરને એની બીક હતી એટલે ખટપટ કરી એણે સીસરોને દેશપાર કરાવ્યો; જોકે પાછળથી એ સીઝરે જ એને પાછો બોલાવ્યો. આ ખટપટને પરિણામે સીઝર અને પૉમ્પેઇ વચ્ચે યુદ્ધ જાહેર થયું. પૉમ્પેઈ આફ્રિકામાં લડતાં મરાયો ને સીઝર રૂબીકન નદી ઓળંગી વિજયનો ડંકો વગાડતો રોમમાં દાખલ થયો.

આ વખતે રોમન પ્રજાસત્તાની પડતી એવી આવી હતી કે જુલિયસ સીઝર સમ્રાટ થાય એમાં જ એક રીતે દેશનું હિત હતું. પણ સીઝરની એ મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થવાની તૈયારીમાં હતી ત્યાં એ પોતે જ એક કાવત્રાનો ભોગ થઇ પડ્યો. કૅશિયસ અને બ્રૂટસે પ્રજાનો ઝુંડો હાથમાં લઇ સ્વતંત્રતાને નામે એનું ખૂન કર્યું.

આ પ્રસંગનો લાભ લઇ સીઝરના મિત્ર માર્ક ઍન્ટનીએ સીઝરના શબ આગળ છટાદાર ભાષણ કરી લોકોને પાણી પાણી કરી નાખ્યા. પોતાની અજબ વક્તૃત્વશક્તિથી આ બંડખોરો સામે લોકોને એણે ખૂબ ઉશ્કેર્યા. બ્રૂટસ અને કૅશિયસને જીવ લઇ રોમમાંથી નાસવું પડ્યું; આખરે સીઝરના ભત્રીજા ઑક્ટેવિયસ સીઝર અને ઍન્ટની સાથેના યુદ્ધમાં તેઓ મરાયા.



જુલિયસ સીઝર

રાજ્યની લગામ હવે ઍન્ટની, ઑક્ટેવિયસ અને લીપીડસ એ ત્રિપુટીના હાથમાં ગઇ. ઑક્ટેવિયસની ઇચ્છા પણ સમ્રાટ થવાની હતી; અને સંજોગો એવા આવ્યા કે જ્યાં સીઝર ન ફાવ્યો ત્યાં ઑક્ટેવિયસ ફાવ્યો.

ઍન્ટની બહુ કુશળ



રોમન સમ્રાટ કૉન્સ્ટન્ટાઈન જેણે પહેલવહેલો ખ્રિસ્તીધર્મને અપનાવ્યો તથા પોતે ખ્રિસ્તી બન્યો. એણે સામ્રાજ્યની રાજધાની રોમમાંથી બદલીને બાઇઝૅન્ટિયમમાં સ્થાપી ને ત્યારથી એ શહેરનું નામ કૉન્સ્ટૅન્ટિનોપલ પડ્યું.

લડવૈયો હતો એટલે ઑક્ટેવિયસ જેમ લીપીડસની સામે લડાઇમાં ફાવ્યો તેમ ઍન્ટની સામે ન ફાવત. પરંતુ ઍન્ટનીની પડતી એક સ્ત્રીને લીધે થઇ. શરૂઆતમાં જેમ રોમ પ્રજાસત્તાક એક સ્ત્રીના કારણે થએલું, તેમ પાછું રાજસત્તાક પણ એક સ્ત્રીના કારણે જ થયું. મીસરની રાણી કિલઓપૅટ્રા પાછળ ઍન્ટની ઘેલો બન્યો હતો. એ નખરાંબાજ રાણીએ ભલભલાને પોતાના રૂપમાં મુગ્ધ બનાવ્યા હતા. જુલિયસ સીઝર પણ એનાથી લોભાયો હતો. ઍન્ટની તો એનામાં એટલો મુગ્ધ બન્યો કે રાજકાજ છોડી એ મીસરમાં જ પડી રહેવા લાગ્યો. આ તકનો લાભ લઇ ઑક્ટેવિયસે લડાઇ આરંભી અને મીસર ઉપર ચડી આવ્યો. ઍક્ટીઅમ આગળ એક જબરૂં નૌકાયુદ્ધ થયું. અણીને વખતે મીસરની રાણી પોતાનાં સાઠ બારકસોનું સૈન્ય લઇ નાસી ગઇ. ઍન્ટની પણ ગાંડાની માફક યુદ્ધ છોડી એની પાછળ ગયો. ઍન્ટનીના પક્ષની હાર થઇ. સૈનિકો પણ હવે ઍન્ટનીની અવગણના કરવા લાગ્યા. આખરે ક્લિઓપૅટ્રાએ જ એને ફસાવ્યો અને મોહથી આંધળો બનેલો ઍન્ટની પોતાને હાથે જ મરણ પામ્યો.

ઍન્ટનીના મરણ પછી ઑક્ટેવિયસ ઈટલી પાછો ફર્યો. રોમન મહારાજ્યની સત્તા હવે એના એકલાના હાથમાં આવી. ઑગસ્ટસ સીઝરનું નામ ધારણ કરી એ રોમનો પહેલો સમ્રાટ બન્યો. તે પછી રોમની બાદશાહી લગભગ પાંચસો વર્ષ રહી. એ દરમ્યાન રોમ જાહોજલાલીની ટોચે પહોંચ્યું; પણ સાથેસાથે એની પડતીનાં બીજ પણ એ દરમ્યાન જ રોપાયાં.

સામ્રાજ્ય દરમ્યાન પ્રજાની સત્તા ઓછી થઇ એટલે પ્રજાપક્ષો વચ્ચેના સતત ઝઘડાઓ ઓછા થયા, પણ તે સાથે લશ્કરની સત્તા વધવા માંડી. શરૂઆતમાં તો દરેક રોમન નાગરિકને લડવા જવું પડતું; પણ જ્યારથી કાયમનું પગારી લશ્કર રાખવામાં આવ્યું ત્યારથી જે વધારે પૈસા આપી શકે તે જ રાજા થાય એવું થયું. રોમન સમ્રાટની ચૂંટણી લગભગ સૈન્ય તરફથી જ થતી; અને એક વખત તો એવો આવેલો કે લશ્કરે સામ્રાજ્યની હરરાજી કરીને જેણે સૌથી વધારે પૈસા આપવાનું વચન આપ્યું તેને સમ્રાટ બનાવ્યો!

ઑગસ્ટસની પછી એક પછી એક એવા બાદશાહો આવ્યા કે જે જગતના ઇતિહાસમાં એમનાં રાક્ષસી કૃત્યો માટે પ્રખ્યાત છે. ટાઇબીરિયસ, કૅલીગોલા, કલૉડિયસ અને નીરો એમાં મુખ્ય છે. નીરોને માટે તો કહેવાય છે કે રોમ ભડભડ બળતું હતું તે વખતે એ આનંદથી પોતાના મહેલની અગાસી પર સારંગી વગાડી રહ્યો હતો! કૅલીગોલાને માટે કહેવાય છે કે એને નાનાં નિર્દોષ બાળકોની હત્યા——અને તે પણ એ બાળકોની માતાની હાજરીમાં જ—કરવાની અને માતાને એ વેળા શું દુઃખ થાય છે તે જોવાની બહુ મઝા પડતી! આ હત્યારા બાદશાહોએ ઝેર દઇને કે બીજી રીતે અનેકનાં ખૂન કરાવેલાં; અને અંતે એઓ પણ પોતાનાં કૃત્યોના જ ભોગ થયા. એમની નામાવલિમાં ડૉમીશિયન ને કારાકાલાનાં નામો પણ ઉમેરી શકાય.

પણ રોમને નસીબે ત્યાં સારા બાદશાહો પણ થયા હતા, અને એમની નામાવલિ પણ મોટી છે. વેસપાસિયન, ટાઇટસ, ટ્રાજન, ઍડ્રિયન, ઍન્ટોનિયસ, પાયસ, માર્કસ ઑરેલિયસ, ડાયોક્લીશિયન અને કૉન્સ્ટન્ટાઇન. ઍડ્રિયન બાદશાહ કવિ હતો અને કલાનો શોખીન હતો. માર્કસ ઑરેલિયસ ફિલસૂફ હતો. કૉન્સ્ટન્ટાઇન પહેલો ક્રિશ્ચિયન બાદશાહ થયો.

ડાયોક્લીશિયને સામ્રાજ્યના બે વિભાગ પાડ્યા: પૂર્વનો—એશિયાનો, અને પશ્ચિમનો—યુરોપનો. આથી આગળ જતાં સામ્રાજ્યના બે ટુકડા પડ્યા અને બંને વિભાગના બાદશાહો પણ જુદા થવા લાગ્યા. કૉન્સ્ટન્ટાઇને રાજધાની રોમથી ખસેડી પૂર્વના વિભાગ બાઇઝૅન્ટિયમમાં રાખી. એ બાદશાહના નામથી આજે એ બાઇઝૅન્ટિયમ કૉન્સ્ટૅન્ટિનોપલ તરીકે ઓળખાય છે. એ રોમન બાદશાહે પોતાનો ધર્મ પણ બદલ્યો.

ટાઇબીરિયસના સમયમાં જ ઇશુ ખ્રિસ્તને દેહાંત-



...રમ એટલે રોમનોના જીવનનું મધ્યબિંદુ ફોરમમાં જ આમસભાઓ ભરાતી. ફોરમમાં જ સેનેટ પણ ભરાતી. દેશનેતાઓ કે બાદશાહો દિગ્વિજય કરી આવતા તેમને સરઘસરૂપે ફોરમમાં લાવી માનપાન અપાતું દેશદેશના વ્યાપારની લેવડ-દેવડ ફોરમમાં થતી. બજારો પણ ફોરમમાં જ ભરાતાં. આખા રોમન સામ્રાજ્યનું ધડકતું હૃદય તે ફોરમ!

...ડની શિક્ષા થઈ હતી. ત્યાર પછી ક્રિશ્ચિયન ધર્મ ધીમે ...મે રોમની મારફતે યુરોપમાં દાખલ થયો. નીરોના ...ખતમાં તો ક્રિશ્ચિયનો પર ખૂબ જ અત્યાચાર કરવામાં ...વ્યા હતા. કૉન્સ્ટન્ટાઇને એ ધર્મ સ્વીકાર્યો ત્યાં લગી ...શુ ખ્રિસ્તના અનુયાયીઓને અતિશય સહન કરવું ...ડયું. કૉન્સ્ટન્ટાઇનના વખતથી એ દશા પલટી. ક્રિશ્ચિયન ધર્મે ત્યારથી રોમમાં પ્રવેશ કર્યો અને ધીમે ધીમે ...રોપમાં ફેલાઇ આખા ખંડ પર પોતાનું પ્રભુત્વ સ્થાપ્યું.

કૉન્સ્ટન્ટાઇન પછીનો રોમનો ઇતિહાસ મગરૂબ ...વા જેવો નથી. રાજધાની ખસી ત્યારથી જ રોમની ...ડતી દશા બેઠી. જે જંગલી જાતોને રોમે કબજે રાખી ...તી તેમણે જ રોમ જીત્યું. કવિએ ગાયું છે કે:

સમે સમો બળવાન હય, નહિ પુરુષ બળવાન;
કાબે અર્જુન લૂંટિયો, વહી ધનુષ્ય વહી બાણ.

વીસીગૉથ, ગૉથ અને હૂણ નામની જાતોના ઉપરાછાપરી હુમલા આગળ રોમ પડ્યું. આ રીતે પુરાણા રોમની સત્તા બારસો વર્ષે તૂટી.' ગરુડરાજ બોલતા અટક્યા. રોમની કથા હું એકચિત્તે સાંભળતો હતો. વાત પૂરી થતાં મારાથી પૂછાઇ ગયું 'પછી શું?'

'પછીનો ઇતિહાસ જાણવા માટે તો હવે વેટીકન ટેકરી પર જવું પડશે.' ગરુડરાજે જવાબ દીધો. 'પણ ત્યાં જતાં પહેલાં પુરાણા રોમના ખંડિયેરોના દર્શન કરી આપણે કૃતાર્થ થઇએ.' એમ કહી અમે ઊડ્યા.

'પૅલેટાઇનની ટેકરી પર પણ ઘણાં ખંડિયેરો છે. પણ બધું જ જોવા બેસીશું તો પાર નહિ આવે' કહી ગરુડરાજે ટેકરી પરથી નીચે ફોરમ તરફ જવાનો રસ્તો લીધો. નીચે ઊતર્યાં ત્યાં એક મોટો દરવાજો આવ્યો.

'ટાઇટસ બાદશાહે જેરૂસલમ જીત્યું તેના સ્મારક તરીકે આ તોરણદ્વાર બાંધ્યું છે.' ગરુડરાજ બોલ્યા. તોરણ પર ચાર ઘોડાના રથમાં બેઠેલો ટાઇટસ યરૂસલેમ-

નું મંદિર લૂટી ખજાનો રોમમાં લાવે છે તે દશ્ય કોતર્યું છે. એ દ્વારમાં થઇ અમે આગળ ચાલ્યા.

'આ રસ્તો "પવિત્ર માર્ગ"–Via Sacra–તરીકે ઓળખાય છે. આ રસ્તાની પૅલેટાઇનની બાજુએ વેસ્ટાનું મંદિર છે. ધર્મના વડા–Pontifax–નું મકાન પણ એની નજીકમાં જ હતું.' ગરુડરાજ મને બધું બતાવવા લાગ્યા. 'અરુણ! આંખ મીંચીને તું કલ્પના કર કે આ તદ્દન ઉજ્જડ જેવા રસ્તા પર એક વખત કેટલી અવરજવર હશે! ફૉરમ એટલે રોમનોના જીવનનું મધ્ય બિંદુ. ફૉરમમાં જ આમસભાઓ ભરાતી. ફૉરમમાં જ સેનેટ પણ ભરાતી. દેશનેતાઓ કે બાદશાહો દિગ્વિજય કરી આવતા તેમને સરઘસરૂપે ફૉરમમાં લાવી માનપાન અપાતું. દેશદેશના વ્યાપારની લેવડદેવડ ફૉરમમાં થતી. બજારો પણ ફૉરમમાં જ ભરાતાં. આખા રોમન સામ્રાજ્યનું ધડકતું હૃદય તે ફૉરમ !'

ફૉરમનાં ભવ્ય ખંડિયેરો જોઇ મારૂં હૃદય પણ ધબક્યું. અમે 'રોસ્ટ્રા–Rostra–કે જ્યાંથી વક્તાઓ ભાષણ કરતા તે જગ્યા જોઇ. એ જ વાગ્પીઠ પરથી લુક્રેશિયાના શબ આગળ બ્રૂટસે ભાષણ કરી લોકોને ઉશ્કેરી રાજશાહીનો નાશ કરાવ્યો અને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું. એ જ વાગ્પીઠને સીસરો જેવા પ્રખર વક્તાએ અનેક વાર ભાષણો કરી ધમધમાવી હશે! એ જ વાગ્પીઠ પરથી જુલિયસ સીઝરના મૃત દેહ આગળ માર્ક ઍન્ટનીએ હૃદયદ્રાવક ભાષણ કરી લોકોને અશ્રુની ધારથી નવડાવ્યા હતા.

જે જગ્યાએ જુલિયસ સીઝરને અગ્નિદાહ કર્યો હતો તે જગ્યા પર એનો કીર્તિસ્તંભ ઊભો કર્યો છે તે જોયો. અનેક મંદિરોનાં ખંડિયેરો જોયાં. શનિદેવના મંદિરમાં તો પ્રજાસત્તાક દરમ્યાન રાજ્યનો ખજાનો રહેતો. એ મંદિરના પથ્થર પર અમે જરા થાક ખાવાબેઠા.

'અરુણ!' ગરુડરાજ બોલ્યા. 'તારી કલ્પનામાં એ જમાનો આવે છે? એ જમાનામાં રોમનો ખ્રિસ્તી નહોતા પણ અનેક દેવોમાં માનતા. તમારી માફક રોમનો પણ જે જાતિના સંસર્ગમાં આવ્યા તેમનો ધર્મ પોતાનામાં ગ્રહણ કરતા ગયા. ગ્રીક લોકોના દેવોને પોતાના કર્યા. કેટલાએક પૂર્વ દેશોના દેવો પણ રોમમાં આણ્યા. જોકે દેવ અને દેવમંદિરો વધ્યાં તેમતેમ શ્રદ્ધા તો ઓછી જ થવા માંડી.' ગરુડરાજ હસ્યા. 'પણ રોમનોના નિત્યકર્મમાં દેવદર્શન તો ખરાં જ.' એમણે આગળ ચલાવ્યું. 'સવાર પડે કે પહેલું કામ મંદિરે જવાનું. એ જમાનામાં દિવસના ચોવીસ કલાક, કલાકની સાઠ મિનિટ અને મિનિટની સાઠ સેકંડ એ પ્રમાણે ભાગ પાડ્યા નહોતા. આજે તો યંત્ર વડે તમે પળેપળ માપી શકો છો. તે જમાનામાં તો સૂર્યોદય એ દિવસનો આરંભ અને સૂર્યાસ્ત એ દિવસનો અંત એટલું જ લોકો જાણતા. મધ્યાહ્ન ઓળખતાં પણ ધીમેધીમે શીખ્યા. અરુણ! ખ્યાલ કર કે તે વખત પૂર્વ દિશામાં ઉષાદેવીના આગમનની નેકી પોકારતો કૂકરે કૂક કૂકરે કૂકનો અવાજ કેટલો મહત્ત્વનો હશે! ધીમેધીમે પૂર્વના લોકો પાસેથી શંકુની છાયા વડે દિવસનો વખત જોવાનું રોમનો શીખ્યા. રોમની સ્થાપના પછી ૪૭૭ વર્ષે એવું પહેલું શંકુયંત્ર–Sun Dial–કિવરીનસના મંદિર પર ગોઠવવામાં આવ્યું. અને પાણીમાં ઘડી મૂકવાનું તો તેઓ તમારા પૂર્વજો પાસેથી શીખ્યા લાગે છે. હિંદુસ્તાનમાં આજે પણ લગ્ન પ્રસંગે એવી ઘડી મૂકાય છે. લગ્નનું મંગળ-મુહૂર્ત એ ઘડી વડે જ સાધવામાં આવે છે. તેં તો કદાચ લગ્ન વખતે 'સમય વર્તે સાવધાન' વગેરે શબ્દો ઘડી આગળ બેઠેલા બ્રાહ્મણના નહિ સાંભળ્યા હોય.'

શનિદેવનું મંદિર છોડી એક કમાનદાર દ્વારમાં થઈ અમે એક બીજી ટેકરી પર ચડવા લાગ્યા. 'આ રસ્તો કૅપિટોલાઇનની ટેકરી પર જાય છે' ગરુડરાજ બોલ્યા. 'એ પણ રોમની સાતમાંની એક જૂની ટેકરી છે. અને આ જરા આગળ છે રોમનું પુરાણું કારાગૃહ. એ 'મૅમરટાઇન પ્રિઝન' તરીકે ઓળખાય છે. એમાં મોટા મોટા રાજકેદીઓને રાખવામાં આવ્યા હતા. જે સમયે ખ્રિસ્તીઓ પર જુલમ વરસતો હતો તે અરસામાં સેન્ટ પૉલ અને સેન્ટ પીટર એ બે ખ્રિસ્તી સંતોને પણ ત્યાં રાખ્યા હતા, એટલે ખ્રિસ્તીઓને મન આ કારાગૃહ ઘણું પવિત્ર મનાય છે.' અમે ઝડપથી ટેકરી પર ચડી એક ભવ્ય મકાન આગળ આવી પહોંચ્યા. 'આ મકાન કૅપિટૉલ તરીકે ઓળખાય છે. અત્યારે તો એ સંગ્રહસ્થાન તરીકે વપરાય છે. તને અહીં લાવવાનું ખાસ કારણ તો એ કે રૉમ્યુલસ અને રૅમસને ધવરાવતી વરુમાદાનું ધાતુનું પ્રખ્યાત પૂતળું એમાં છે.' ખૂબ પગથિયાં ચડીને અમે ઉપર ગયા.

ચોગાનમાં વચ્ચોવચ્ચ બખ્તર પહેરી ઘોડા પર બેઠેલું બાદશાહ માર્કસ ઑરેલિયસનું ધાતુનું પૂતળું જોયું. એક વખત એના પર સોનાનો ઢોળ હતો એમ કહેવાય છે. હજી પણ કેટલીક જગ્યા પર સોનાનો ચળકાટ જણાય છે. એ પૂતળા વિષે એવી દંતકથા છે કે જ્યારે દુનિયાનો અંત આવશે ત્યારે એ અંતની આગાહી આપવા એ પૂતળું સોના જેવું ચળકશે! કેટલાંએક માને છે કે એ પૂતળું ખ્રિસ્તી બનેલા બાદશાહ કૉન્સ્ટન્ટાઇનનું છે.

સંગ્રહસ્થાનમાં રહેલું વરુમાદાનું શિલ્પ જોઇ અમે પાછા ફર્યા. નીચે ઊતર્યા તો અમારી મોટર પગથિયાં આગળ ઊભેલી જોઇ. તેમાં બેસી અમે કૉલિઝિયમ જોવા ઊપડયા. ગાડીમાં બેઠાબેઠા ગરુડરાજ મને એ કૉલિઝિયમ વિષે વાત કહેવા લાગ્યા.

'વરુને ધાવેલા રૉમ્યુલસ અને રૅમસના વંશજો મૂળથી જ ક્રૂર અને ઘાતકી તો ખરા. માત્ર બાદશાહો અને સત્તાધારીઓ જ ક્રૂર હતા એમ નહિ; આખી રોમન જનતામાં પણ ઘાતકીપણું હશે. એ ઘાતકીપણું એમની રમતગંમતોમાં પણ જણાઇ આવતું. રોમનોને વ્યાયામનો અને મર્દાનગીના ખેલો ખેલવાનો અતિશય શૉખ હતો. બપોરે બાર વાગ્યાનું ભોજન લઈ વૃદ્ધ રોમનો આરામ લે કે પુસ્તકાલયમાં વખત ગાળે તે વખતે રોમન યુવકોનો નિત્યક્રમ Campus Martius –મંગળદેવના ચોગાન–માં વ્યાયામના ખેલો કરવાનો હતો. વ્યાયામમાં પણ મલ્લકુસ્તીને મોટું સ્થાન હતું. આજે ક્રિકેટ ને ફૂટબૉલની મૅચો પાછળ લોકો ગાંડા થાય છે તેમ રોમનોના જમાનામાં મલ્લકુસ્તી પાછળ ઘેલા થતા. લોકપ્રિય થવાને ખાતર દેશનેતાઓ અને પાછળથી બાદશાહો પણ આવા ખેલો ગોઠવતા. એમાં મનુષ્ય મનુષ્ય સાથે લડતા એટલું જ નહિ, પણ મનુષ્ય સાથે સિંહ અને બીજાં હિંસક પશુઓને પણ લડાવતા. લડાઇ જેમ ખૂનખાર તેમ લોકોને જોવાની વધુ મજા પડતી! લોહી રેડાય નહિ ત્યાં લગી લડાઇ કહેવાય નહિ! દેહાંતદંડની સજા પામેલા ગુલામો કે બીજા ગુનેહગારોને તેઓ હિંસક પશુઓ સામે મૂકતા. ખ્રિસ્તીઓ પર જુલમ વરસતો તે સમયે ખ્રિસ્તીઓને પણ ભૂખ્યાં ડાંસ પ્રાણીઓ આગળ ધરતા. એ ઘાતકી પ્રેક્ષકો કરતાં કદાચ હિંસક પશુઓમાં વધારે દયા હશે! પેલી સિંહ અને ગુલામની વાત તો તેં સાભળી છે ને?'



પચાસ હજાર પ્રેક્ષકોને સમાવતી પ્રાચીન રોમની પ્રચંડ-ભવ્ય પ્રેક્ષકશાળા. કૉલિઝિયમનો ખ્યાલ આપતો હવાઇ ફોટોગ્રાફ.

મેં નકારમાં ડોકું ધુણાવ્યું એટલે ગરુડરાજે એ વાત કહેવા માંડી: 'આફ્રિકાના કોઇ જંગલમાં એક વનરાજને કાંટો વાગ્યો હતો. એના દુઃખની ત્રાડ એક વટેમાર્ગુએ સાંભળી. વટેમાર્ગુ પહેલાં તો બીધો, પણ પછી ધીમેધીમે સિંહની પાસે ગયો. સિંહે કાંટો વાગેલો પંજો વટેમાર્ગુના હાથમાં મૂક્યો. એ ભલા મનુષ્યે પંજો તપાસ્યો અને કાંટો વાગેલો જણાતાં ફૂંક મારી પંપાળી ધીમે રહી કાંટો ખેંચી કાઢ્યો અને સિંહને પગે પાટો બાંધ્યો. આ પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં. ફરીને આ બંનેનો ભેટો કોઇ અવનવા દેશમાં ને અવનવા સંજોગોમાં થયો. ત્યાં એ વટેમાર્ગુએ સિંહને ન ઓળખ્યો પણ સિંહે તો એના દુઃખહર્તાને તરત જ ઓળખ્યો.

રોમના કૉલિઝિયમમાં કે એવા જ કોઇ અખાડના મેદાનમાં એક દેહાંતદંડની શિક્ષા પામેલા ગુલામને ભૂખ્યા ડાંસ સિંહના મોં આગળ છોડી મૂકવામાં આવ્યો. વિકરાળ સિંહ ગર્જના કરતો એની પાસે ધસ્યો આવતો હતો. બાપડા ગુલામે મોત પાસે આવ્યું જાણી આંખ મીંચી. હમણાં સિંહ ફાડી ખાશે, એમ વિચારતો એ તો મૃત્યુની રાહ જોતો ઊભો હતો. પ્રેક્ષકો પણ ખૂબ આતુરતાથી આ જીવન-મૃત્યુનો ખેલ જોઇ રહ્યા હતા. સિંહ ધસતો આવ્યો, પણ પાસે આવતાં જ એકદમ અટકી પડ્યો. એનું વિકરાળ સ્વરૂપ બદલાઇ ગયું, એ ગરીબ ઘેટા જેવો બની ગયો અને ગુલામને મારી નાખવાને બદલે પાળેલા કૂતરાની માફક હેતથી તેને ચાટવા લાગ્યો. હિંસક પશુઓ પણ ઉપકારવશ થઇ શકે છે અને ઉપકારનો બદલો ઉપકારથી વાળે છે.'

વાત પૂરી થઇ ત્યાં અમે કાલિઝિયમ આગળ જઇ પહોંચ્યા. કૉલિઝિયમ એક ગોળાકાર રાક્ષસી મકાન છે. એ ચણાયા પહેલાં ત્યાં નીરો બાદશાહનું ક્રીડા-સરોવર હતું અને બાજુમાં એનો સુવર્ણમહેલ હતો. અત્યારે તો એ મહેલની નિશાની પણ ત્યાં નથી. ક્રીડા-સરોવરને પૂરાવી વેસ્પૅશિયન બાદશાહે ઈ.સ. ૭૨માં કૅાલિઝિયમ બાંધવાની શરૂઆત કરી, પણ મકાન પૂરું થતાં પહેલાં બાદશાહ મરી ગયો અને એના પછીના ટાઇટસ બાદશાહે મકાન પૂરું કર્યું. એનું આરંભમુહૂર્ત ઇ.સ. ૮૦માં કર્યું. તે દિવસે કેટલા યે મલ્લોનું અને લગભગ પાંચ હજાર જંગલી પશુઓનું લોહી ત્યાં રેડાયું.'

ગાડીમાંથી ઊતરી અમે અંદર ગયા. પચાસ હજાર પ્રેક્ષકો માય એટલી મોટી એ જગ્યા છે. વચ્ચે મોટું ચોગાન છે. આ મકાનમાં આવજા કરવાને અસંખ્ય દરવાજાઓ ફરતી ગૅલેરી છે. આ ભવ્ય પ્રેક્ષકશાળાને ત્રણ પાયરીઓ છે. પહેલી પાયરી ચડવાને ચોવીસ પગથિયાં ચડવાં પડે. બાદશાહ અને અમીરઉમરાવોની બેઠક આ પાયરી પર રાખવામાં આવતી. તે પછી બીજી પાયરી ચડવાને સોળ પગથિયાં, અને ત્રીજી પાયરી ચડવાને દસ પગથિયાં છે.

'અરુણ! એક વખત અહીં કેવા ભયંકર દેખાવો થયા હશે! મરતા મનુષ્યોની કારમી ચીસો, હિંસક પશુઓની ભયંકર ત્રાડો અને પચાસ હજાર ઘાતકી પ્રેક્ષકોના અટ્ટહાસ્યથી આ આખી પ્રેક્ષકશાળા ગાજી ઊઠતી હશે!' ગરુડરાજનું આવું બોલવું સાંભળી મારા શરીરે કમકમાં આવ્યાં. ને મેં તો એમને હાથ ઝાલી બહાર જ ખેંચ્યા. ગાડીમાં બેસતાં એ બોલ્યા: 'અરુણ! તું ખૂબ જ થાક્યો લાગે છે; એટલે હવે આપણે પુરાણા રોમનું એક જ સ્મારક જોઇ જમવા જઇશું.'


એક મોટા મકાન આગળ અમારી ગાડી થોભી. 'આ ડાયોક્લિશિયન બાદશાહે બંધાવેલું હમામખાનું—Baths of Dioclesion' ગરુડરાજ બોલ્યા. નહાવા ધોવાની બાબતમાં રોમનો ઠીક કાળજી રાખતા. સ્નાન કરી ચોખ્ખાં રહેવું એ સુધરેલી સંસ્કારી પ્રજાની નિશાની છે. અમીરઉમરાવો પોતાના મહેલોમાં સુંદર સ્નાનાગારો રાખતા. આમવર્ગને માટે સાર્વજનિક સ્નાનાગારો બાંધવામાં આવતા. ઑગસ્ટસ, ડાયોક્લિશિયન અને કારાકાલા એ ત્રણ બાદશાહના બંધાવેલા સ્નાનાગારો હજી પણ ભાંગ્યાતૂટ્યા રહ્યા છે. આ ડાયોક્લિશિયન બાદશાહના સ્નાનાગારમાં ત્રણ હજાર માણસો એકસાથે સ્નાન કરી શકતા. એક વખત તો રોમનો ઠંડે પાણીએ નહાતા; પણ જાહોજલાલી જેમ વધતી ગઇ તેમ ગરમ પાણીએ નહાવાની ટેવ પડી. આ સ્નાનાગારોમાં ગરમ પાણીની ગોઠવણ પણ છે. સ્નાનાગારોની સાથે ઉદ્યાન તો હોય જ. લોકો ગુલામો પાસે મર્દન કરાવી નહાતા અને ન્હાઇધોઇને પછી ઉદ્યાનમાં ફરતા કે આરામ લેતા. વાંચવાના શોખીનો માટે પુસ્તકાલય પણ રાખવામાં આવતાં. સ્નાનાગારને દરેક રીતે સુશોભિત કરવામાં આવતું. મંદિરો અને રાજમહેલોથી માંડી આવા સ્નાનાગારોમાં પણ કળાને સ્થાન મળતું. કળાને જીવનમાં ઓતપ્રોત કરી દેવાનું રોમનો ગ્રીકો પાસેથી શીખ્યા હતા. કળાને જીવનમાં ઉતારવી એ જ ખરી કળા છે.' અમે સ્નાનાગારમાં ફર્યા. આજે તો એ પણ સંગ્રહસ્થાન તરીકે વપરાય છે. પછી ત્યાંથી સીધા હૉટેલ ભણી જ ગયા. હું તો થાકીને લોથ થઇ ગયો હતો, અને કકડીને ભૂખ લાગેલી તે જુદી.

ઈટાલિયન ખાવાનું અંગ્રેજી ખાણા કરતાં જુદી જ જાતનું અને વધારે સ્વાદિષ્ટ હોય છે. આપણે ઘઉંની સેવ કરીએ તેવી 'મૅકરોની'માં માખણ અને પનીરનો ભૂકો નાખી ત્યાંના લોકો ખાય છે. 'મૅકરોની' એ ઇટલીનું રાષ્ટ્રખાણું કહીએ તો ચાલે, અને મજાકમાં ઇટાલિયનોને 'મૅકરોનીખાઉ' તરીકે ઓળખાવાય પણ છે. મને પણ 'મૅકરોની' બહુ ભાવી અને મેં ખૂબ ખાધી.

'ખાઇને હવે કયાં જઇશું?' મેં ગરુડરાજને પૂછ્યું: 'હવે શું જોવાનું બાકી છે?' 'શું બાકી છે?' ગરુડરાજ બોલ્યા. 'તેં હજી સૅન્ટ પીટર્સનું દેવળ કયાં જોયું છે? વેટીકનનો મહેલ કયાં જોયો છે? રોમની એ પ્રબળ ધર્મસત્તાનું ધામ જોયા વિના તે રોમ છોડીને જવાય? પુરાણા રોમનો ઇતિહાસ સાંભળી તેં મને પૂછ્યું હતું ને, કે "પછી શું થયું?" તેનો જવાબ પણ હજી અધૂરો છે. એ જવાબ એટલે સેન્ટ પીટર અને એના ધર્મના વારસોનો ઇતિહાસ. એક દૃષ્ટિએ તો એ ઇતિહાસ પણ અદ્ભુત છે.'

અને પછી જમતાં જમતાં જ ગરુડરાજે ટૂંકમાં મને રોમની બાદશાહી તૂટી ત્યાર પછીની કથા કહી.'

(ચાલુ) હંસા મહેતા



એક કૅલેન્ડર પરનું ચિત્ર

એક નાટકમાં સાંભળ્યું હતું કે:

"રાધે! તું ગોરી, ગોરી! રાધે તું ગોરી, ગોરી!
હંસ હે ગોરા, ચંદ હે ગોરા,
ગોરા ગોરસ ગોરારે;
તું હે ગોરી ગોર બદનકી,
યું સાંવરને ચિત્ત ચોરા,
રાધે! તું ગોરી, ગોરી!

એ ગીત બહુ ઉત્તમ અભિનય ને સુંદર કંઠથી ગવાયું હતું. મેં એમાં 'રાધે તુ ગોરી'નો અર્થ 'કુદરત! તુ સુંદર છે' એવો કર્યો હતો.

બેંગાલ કેમિકલ વર્ક્સનું આ વર્ષનું કૅલેન્ડર ભૂરા રંગનું છે. એમાં પૂર્ણિમાનો જ વાદળમાં ઊગેલો ચંદ્ર છે. ચાન્દની આગળ એક ઝાડની ડાળી છે. નીચે ટેકરી છે. ટેકરી પરનું ઘાસ ચાંદનીને લીધે રૂપેરી લાગે છે.

ટેકરી પર સર્વાંગ સફેદ રંગનો લાંબાં પીંછાંવાળો મોર વાંકી ડોક કરીને ઢેલ સામે જોઈ રહ્યો છે. ઢેલ પણ નમ્ર થઈને એ સુંદર સંસારને ટગરટગર જોતી ઊભી રહી છે. બધે રૂપેરી ચાંદની છવાઈ ગઈ છે. ટેકરી પર એકાંત છે, શાંતિ છે; અને બધી કુદરત રાધા જેવી ગોરી લાગે છે.

આ ચિત્ર મીઠા પ્રેમનું અને રમણીય સંસારનું જાણે ઘડીભર સૂચન ન કરતું હોય એમ લાગે છે!

ભૂરું આકાશ, ખુશનુમા ચંદ્ર, રૂપેરી [illegible], ઘેરી કોમળ ડાળી, ટેકરી, ઘાસ, સફેદ મોર અને ઢેલ, આટલાં તો આ ચિત્રમાં દોર્યાં છે. પણ એ બધાં દૂધમાં સાકર ભળી જાય એમ એકબીજામાં ભળી ગયાં છે. એની રેખાઓ મનોહર છે. કલમમાં મૃદુતા છે. ભક્ત જને જાણે ભગવાનની છબી ચીતરી હોય, એટલો ભક્તિભાવ એમાં ભરેલો છે. ચિત્રકાર કોઈ કવિ છે. એણે કુદરતમાં રહેલી મધુરતા મનોહર લીટીઓની ભાષાથી વ્યક્ત કરી છે.

આ ચિત્ર મારા દવાખાનાના પડદાની પાછળ હતું તે મારાથી ખમાયું નહિ. બીજું કૅલેન્ડર પંડિત શાહની દુકાનેથી હું જાતે લઈ આવ્યો. મારા એક કલાકાર મિત્રને તે મઢવા આપ્યું. એ પણ ભૂરી કોર મૂકીને સુંદર રીતે મઢીને જાતે મને આપવા આવ્યા. પડદાની બહાર એક સરસ જગ્યાએ મેં એને ટંગાવ્યું. કલાકારભાઈ, હું અને બીજાં બધાં પછી તો આ ચિત્ર જાણે જોયા જ કરીએ એવું બન્યું.

પણ આ ચિત્ર હજી તો આંખ ભરીને મેં જોયું નથી તેટલામાં મારે જેલયાત્રાએ આવવાનું થયું. ચિત્રનો વિયોગ થયો. પરંતુ 'હૃદયા'માં ભરેલા કૃષ્ણને અંતરદૃષ્ટિથી જોતી જોતી ગોપી જેમ આશ્વાસન મેળવી શકી હતી તેવું આશ્વાસન હું પણ લઈ રહ્યો છું.

ગોકુળિયું નાનું ગામડિયું
શા માટે ના'વો શ્યામ?
. . . .
હૃદયામાં વસેલા હરિયા
શું છે મારે કામ?

([illegible])

એમ એ ચિત્ર પણ જ્યારે મારા હૃદયમાં ભરાઈ ગયું છે ત્યારે નજર સમક્ષ નથી તેથી શું છે?

એવામાં વળી મારા જેલના સાથી એક રસિક ભાઇએ રવિબાબુનું એક કાવ્ય વંચાવ્યું. તે વાંચીને આજે પાછું એ ચિત્ર નજર ભરી રહ્યું છે.

કવિવર ટાગોર પોતાના ગીતને પૂછે છે:

'ગીત! તારા અધિકારી કોણ છે? કયા બજારમાં તારૂં વેચાણ થશે?'

કોઇ ગ્રીષ્મઋતુની બપોરે ઊનો પવન વાય છે તેમાં વિદ્વાન સાક્ષરો છીંકણી ઊડાડતા બેઠા છે ત્યાં?

અથવા 'ધૃતાધારે પાત્રમ્, કિંવા પાત્રાધારે ધૃતમ્?' (ઘીને આધારે વાસણ છે કે વાસણને આધારે ઘી છે?) એવી જેનો કદાપિ કાળે પાર આવવાનો નથી તે ચર્ચામાં પડેલા તત્ત્વજ્ઞાનીઓ હોય છે તે જગ્યાએ?

અથવા કાળથી પીળાં પડી ગએલાં હસ્તલિખિત પુસ્તકોમાં, ક્ષણભંગુર જીવન વીતાવનારા પુરાતત્ત્વોના ગ્રંથભંડારોમાં તને સત્કાર મળશે?'

કવિ કહે છે,

'મારૂં ગીત કકળી ઊઠે છે, અને કહે છે—અરે! ના–ના–ના.

કવિ પૂછે છે,

'ગીત! તારા અધિકારી કોણ છે? કયા બજારમાં તારૂં વેચાણ થશે?

આરસના મહેલોમાં વસનારા ધનિકો તારો સત્કાર કરશે?

શરીરે એ દિનપ્રતિદિન હૃષ્ટપુષ્ટ થતા જાય છે, અભિમાનમાં દિનપ્રતિદિન આગળ વધતા જાય છે.

એમના પુસ્તકાલયમાં સોનેરી અક્ષરવાળાં સુંદર ચામડાંનાં પૂઠાંથી મઢેલી અસંખ્ય ચોપડીઓ છે; પરંતુ એ ચોપડીઓનાં પાનાં પણ હજી કોઇએ ફાડ્યાં નથી અને ડાઘો સરખો પડ્યો નથી.

માત્ર એની ધૂળ ખંખેરવા ગુલામો પુસ્તકાલયમાં ફર્યા કરે છે. એ પુસ્તકાલય કોઇ અપ્રસિદ્ધ અજ્ઞાત દેવતાને ચરણે ધરેલું છે.

ગીત! અહીં તારો સત્કાર થશે?

મારૂં ગીત શ્વાસભર્યું બોલી ઊઠે છે અને કહે છે, 'અરે! ના–ના–ના.'

ગીત! તારા અધિકારી કોણ છે? કયા બજારમાં તારૂં વેચાણ થશે?

વિદ્યાર્થી જ્યાં ચોપડીઓ ઉપર માથું ઘાલીને બેસે છે, પણ એનું મન જુવાનીના સ્વપ્નપ્રદેશમાં ભમે છે જ્યાં ગદ્ય મેજ પર પેટ ઘસતું ઘસતું આવે છે ને કવિતા હૃદયમાં સંતાતી ફરે છે ત્યાં તું જઇશ?

ધૂળ ને અવ્યવસ્થાના વાતાવરણમાં તારે પણ સંતાકૂકડી રમવા જવું હોય તો જા.

ગીત બિચારૂં શરમાઈને આનાકાની કરતું ઊભું રહે છે ને કંઇ જ જવાબ આપતું નથી.

ગીત! તારા અધિકારી કોણ છે? કયા બજારમાં તારૂં વેચાણ થશે?

પણે નવવધૂ ઘરખટલામાં પડી છે. નવરી પડે છે ત્યારે શયનગૃહમાં જાય છે ને ઓશીકા નીચેથી અદ્ભુત રસની કોઇ નવલકથા વાંચવા માંડે છે.

એના બાળકે એ ચોપડીનાં પાનાં જથરવથર કરી નાખ્યાં છે. એના ધુપેલની એ ચોપડીમાંથી ગંધ આવે છે. ત્યાં તારો સત્કાર થશે?

મારૂં ગીત નિસાસો નાખે છે. જવું કે ન જવું એની ગડભાંગમાં મૂંઝાયા કરે છે.

ગીત! તારા અધિકારી કોણ છે? હવે કયા બજારમાં તારૂં વેચાણ થશે?

જો પણે પક્ષીઓનો ધીમો ધીમો કિલકિલાટ ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે છે. ઝરણોના કાલાકાલા નાદનું રહસ્ય સમજી લેવાય છે! સ્ફૂર્તિ પામતાં પેલાં બે હૃદયકમળ, સૃષ્ટિની હૃદયવીણાના એકેએક તારમાંથી ટપકતું સંગીત ઝીલી રહ્યાં છે. ત્યાં જા. એ તારા ઉત્તમ અધિકારી થશે. ત્યાં તારો સત્કાર થવાનો.

મારૂં ગીત ઉલ્લાસમાં આવીને પુકારી ઊઠે છે: હા–હા–હા.'

'પ્રેમીઓની બક્ષિસ' નામના આ કાવ્યમાં કવિવર રવીન્દ્રનાથે જેવાં આર્દ્ર હૃદયની જોડ ને ઉત્તમ સંગીતરસને કવિત્વનાં પાત્ર ગણ્યાં છે એવાં જ મારા કૅલેન્ડરના ચિત્રમાંનાં પેલાં શ્વેત મોર અને ઢેલ છે કે નહિ એ તમે જુઓ!

હરિપ્રસાદ પ્ર. દેસાઇ



ભેદી ટાપુ

નાઇટ્રો ગ્લિસરાઇનનું કામ આબાદ રીતે પાર પડ્યું. પહેલાં ગ્રેનાઇટ પહાડમાંથી ભોંયરામાં થઇને જે પાણી જતું હતું તેનાથી ત્રણગણું આ નવે રસ્તેથી જતું હતું. થોડા વખતમાંજસરોવરનું ત્રણેક ફૂટ જેટલું પાણી ઊતરીગયું.

દ્વિપવાસીઓ હવે ચીમનીમાં સામાન લેવા માટે પાછા આવ્યા. ત્રીકમ, પાવડો, લોઢાનાં મોઢિયાંવાળાં ભાલાં, દોરી અને ચકમક–લોઢું લઇ સૌ પ્રોસ્પેક્ટ હાઇટ ઉપર આવ્યા. ટૉપ સાથે જ હતો.

પેન્ક્રૉફ્ટ: 'કૅપ્ટન, આ નાઇટ્રો ગ્લિસરાઇનથી, ધારીએ તો, આ આખો દ્વિપ પણ ઉડાડી શકાય?'

હાર્ડિંજ: 'તેમાં વળી શંકા શી? દ્વિપ તો શું પણ મોટો દેશ કે પૃથ્વીને પણ ઉડાડી દેવાય. માત્ર પ્રમાણ વધારે જોઇએ.'

પ્રોસ્પેક્ટ હાઇટે પહોંચીને સૌ તળાવમાંથી પાણી બહાર નીકળવાના જૂના સ્થાન પાસે આવ્યા. અત્યારે તે ભાગ પાણીની બહાર દેખાતો હતો. આ માર્ગે જઇને પર્વતની અંદર તપાસ કરવાની હતી. ભોંયરાની પાસે જઇને જોયું તો તેની પહોળાઇ વીસેક ફૂટ જેટલી હતી, પણ ઊંચાઇ તો બે ફૂટ જ હતી, એ બે ફૂટની ઊંચાઇમાં માણસ શી રીતે જઈ શકે? નેબ અને પેન્ક્રૉફ્ટ કૉશ વડે ભોંયરાનું મુખ ખોદીને પહોળું કરવા લાગ્યા.

પણ પછી પેન્ક્રૉફ્ટ જરા અધીરો થઇ ગયો. 'આપણે હવે કોની રાહ જોઇએ છીએ? ટૉપ તો અંદર ગયો જ છે. ચાલો આપણે પણ જઇએ.'

હાર્ડિંજ: 'ભલે, પણ અંધારામાં રસ્તો દેખાશે? નેબ, તું સૂકાં ડાળપાન લઇ આવ. આપણે મશાલ બનાવીએ.'

નેબ અને હાર્ડિંજે મશાલો બનાવી. ચકમક અને લોઢા વડે મશાલો સળગાવી હાર્ડિંજે સૌને લઇ ભોંયરામાં પ્રવેશ કર્યો. જેમજેમ તેઓ આગળ ગયા તેમતેમ ગુફા વધુ ઊંચી થતી હોય તેમ લાગ્યું. થોડે દૂર જતાં તો સૌ સીધા ચાલી શકે એવી જગ્યા આવી.

કેટલા ય કાળથી આ ગ્રેનાઇટ પથ્થર ઉપરથી પાણી વહ્યા કર્યું હતું તેથી તે અતિશય લીસા થઇ ગયા હતા ને ડગલે ને પગલે લપસી પડવાની બીક લાગતી હતી. એટલે સૌ એકબીજાની કેડે દોરડાં બાંધી પકડીને ચાલતા હતા.

સૌની આગળ ટૉપ અને પાછળ આ મુસાફરો એમ સંઘ ચાલ્યો. અગાઉ કોઇ દિવસ આ માર્ગેથી મનુષ્ય ચાલ્યું નહોતું, એટલે સૌના મનમાં એક જાતનો ભય હતો. કોઇ કાંઇ બોલતું નહોતું, પણ સૌના મનમાં ચિંતા હતી. આ માર્ગ તો સમુદ્રને મળે છે; તો કદાચ કોઇ પ્રાણઘાતક જળચર પ્રાણી પણ સામે આવી ચડે! ગમે તેમ પણ ટૉપ આગળ હોવાથી એવું કાંઇ દેખશે તો તે ખબર આપશે એટલી સૌને નિરાંત હતી. લગભગ સોએક ફૂટ ચાલ્યા પછી જગ્યા જરા વિશાળ બની.

સ્પિલેટ: 'આ જગ્યા છે તો સારી પણ રહેવાને માટે લાયક નથી.'

પેન્ક્રૉફ્ટ: 'કેમ?'

સ્પિલેટ: સાંકડી પડે અને અંધારૂં પણ બહુ છે.'

પેન્ક્રૉફ્ટ: 'આપણે એને મોટી ન કરી શકીએ? અને હવા પ્રકાશનો માર્ગ પણ કરી શકીએ.'

હાર્ડિંજ: 'ચાલો હજી જરા આગળ જઇએ. આ કરતાં વધુ સારી મળે તો અહીં મહેનત ન કરીએ.'

આશરે પચાસેક ફૂટ વધારે આગળ વધ્યા ત્યાં એકદમ ટૉપ ખૂબ જોરથી ભસવા લાગ્યો. સૌ પોતપોતાના ભાલા સંભાળી હોશિયાર થઇને ટૉપના અવાજ તરફ આગળ વધ્યા. સોળ ફૂટ ઊતર્યા પછી ટૉપ દેખાયો. તે ઊભો હતો ત્યાં એક મોટી ગુફા હતી. ટૉપ ગુસ્સામાં ભસતો ભસતો ઘડીક આગળ ને ઘડીક પાછળ આવતો હતો. નેબ અને પેન્ક્રૉફ્ટ ચારે તરફ મશાલનો પ્રકાશ નાખી જોવા લાગ્યા; સ્પિલેટ અને

વિજ્ઞાન અને સાહસ ગૂંથતી વાર્તાઓના વિખ્યાત ફ્રેંચ લેખક જૂલ્સ વર્નની નવલકથા જેમાં એક અજાણ્યા ઉજ્જડ બેટ પર ઘસડાઇ આવેલા પાંચ સાહસિકો જીવનમાર્ગ ખેડે છે.

હર્બર્ટ ભાલો પકડી તૈયાર થયા; પણ ગુફામાં કાંઈ નહોતું. ચારે તરફ ખૂણેખૂણો તપાસ્યો પણ કાંઇ દેખાયું નહિ. છતાં ટૉપ તો હજી ભસ્યા જ કરતો હતો. તેને ઘણોયે ધમકાવ્યો, પંપાળ્યો, પણ તે ભસતો અટક્યો નહિ.

ફરી મશાલના પ્રકાશમાં સૌએ નીરખીને જોયું તો ગુફાના દૂરના એક ખૂણામાં એક મોટો કૂવો જણાયો. આ કૂવામાંથી જ પાણી સમુદ્રમાં ચાલ્યું જતું હતું. કૂવો ઊંડો હતો; તેમાં ઊતરવું તદ્દન અશક્ય હતું.

સાઇરસ હાર્ડિંજે મશાલમાંથી એક સળગતી ડાળ એ કૂવામાં નાખી. તે સળગતી નીચે ગઇ અને થોડી-વારે છમ દઇને ઓલવાઇ ગઇ. એથી ખાત્રી થઇ કે ડાળ પાણીને અડી હતી અને તે પાણી દરિયા સાથે મળેલું હતું. પાણીને પહોંચતાં ડાળને જે વાર લાગી હતી તેટલા સમયની ગણત્રી કરી હાર્ડિંજે કહ્યું, 'કૂવો લગભગ નેવું ફૂટ ઊંડો છે, તેથી એમ લાગે છે કે આ ગુફાનું તળ સમુદ્રથી નેવું ફૂટ ઊંચું છે. હવે અહીં જ આપણે રહેઠાણ કરીશું.

સ્પિલેટ: ' અહીં કેમ રહેવાય? અહીં કોઇ જળચર પ્રાણી પહેલાં રહેતું હશે તે ફરી વાર નહિ આવે?'

હાર્ડિંજ: ' ના રે ના, એ તો ક્યારનું સમુદ્રમાં ચાલ્યું ગયું. હવે ફરી ઉપર આવી શકશે જ નહિ.'

આમ હાર્ડિંજના બુદ્ધિબળે દ્વિપવાસીઓની મોટી ખોટ દૂર થઇ. તેમને રહેવાની જગ્યા મળી ગુફામાં હવે ઇંટોનાં ભીંતડાં કરીને જુદાજુદા ઓરડા બનાવવાના હતા. પાણી ચાલ્યું ગયું હતું, તે હવે પાછું આવવાનો સંભવ હતો જ નહિ. સ્થાન નિર્ભય હતું.

પણ હજી બે વાતે મુશ્કેલી હતી. એક તો એ પર્વતના પથ્થરમાં બાકોરૂં પાડીને હવાપ્રકાશ માટે માર્ગ કરવાનો હતો; અને બીજું અંદર આવવાનો માર્ગ વધારે સરળ બનાવવાનો હતો. હવાપ્રકાશનો માર્ગ ઉપરની છતમાં કરવો તો શકય નહોતો, કારણકે છત કેટલી જાડી હશે તે કહી શકાય તેમ નહોતું. કંઇકે શકયતા સમુદ્ર તરફની દીવાલમાં બાકોરૂં પાડવાની હતી. ગણત્રી કરતાં એ બહુ જાડી નહિ હોય એમ હાર્ડિંજને લાગ્યું. ' પ્રકાશને માટે ત્યાં જો બાકું પડી શકે તો પછી ત્યાં જ દરવાજો કરીને જવાઆવવાનો માર્ગ પણ બનાવવો, અને બહાર એક મજબૂત સીડી રાખવી.' હાર્ડિંજે પોતાનો વિચાર સૌને સંભળાવ્યો.

પેન્ક્રૉફ્ટ: 'તો હવે પછી વાર શાની? મારા હાથમાં કૉશ તો છે જ, કહો ક્યાં બાકું પાડવું છે?'

હાર્ડિંજે જગ્યા દેખાડી. મશાલના પ્રકાશમાં પેન્ક્રૉફ્ટે પથ્થર ખોદવા માંડ્યો. વારાફરતી સૌ ખોદતા હતા. આવી રીતે બે કલાક ખોદ્યા પછી સૌ નિરાશ થવા આવ્યા. ત્યાં તો સ્પિલેટના એક ઘાથી દિવાલમાં મોટું બધું બાકું પડી ગયું અને હાથમાંની કૉશ બહાર સરી પડી. પેન્ક્રૉફ્ટ ખુશ થઇને બૂમ પાડવા લાગ્યો. દીવાલ ત્રણ ફૂટ જાડી હતી. બાકામાંથી હાર્ડિંજે જોયું તો એંશી ફૂટ નીચે સમુદ્ર દેખાતો હતો.

અંદર પ્રકાશ આવવાથી ગુફાનો દેખાવ તો છેક બદલાઇ ગયો. ડાબી તરફ ગુફા માત્ર ત્રીસેક ફૂટ ઊંચી અને પહોળી હતી; પણ જમણી બાજુ તે ખૂબ વિશાળ હતી. લગભગ એંશી ફૂટ ઊંચે છત હતી. ઠેકઠેકાણે ગ્રેનાઇટ પથ્થરના સ્તંભો છતને જાણે ટેકા દઇને ઊભા હતા. ગુફાને જોઇ સૌ વિસ્મય પામ્યા. તેમણે તો એ બહુ નાની ધારેલી, પણ આ તો જાણે નાનોસૂનો રાજમહેલ!

હાર્ડિંજ: ' પ્રકાશની પૂરેપૂરી સગવડ થયા પછી ગુફાની જમણી બાજુ આપણે ચારપાંચ ઓરડા બનાવી લઇશું, અને આ વચલા ભાગને બેસવાની જગ્યા કરીશું તેમજ મ્યૂઝિયમ પણ તેમાં જ ગોઠવીશું.'

હર્બર્ટ: ' હવે આ મકાનનું નામ પાડો.'

હાર્ડિંજ: ' ગ્રેનાઇટ હાઉસ.'

નામ સૌને એટલું બધું ગમી ગયું કે સૌએ હુર્રેના પોકારોથી ગુફાને ગજવી મૂકી. પણ હવે મશાલનો પ્રકાશ ઝાંખો થવા લાગ્યો એટલે મકાનની ગોઠવણનો વિચાર બીજા દિવસ પર રાખી સૌ પાછા ફર્યા.

પાછા ફરતાં વધારે મુશ્કેલી પડી. નેબની મશાલ રસ્તામાં જ ઓલવાઇ ગઇ. પેન્ક્રૉફ્ટની રહી તે યે ઝાંખી. ઉતાવળા ઉતાવળા સૌ બહાર આવ્યા. અંધારામાંથી બહાર આવી સૌએ છુટકારાનો દમ ખેંચ્યો. બહાર આવતાં જ પેન્ક્રૉફ્ટની મશાલ પણ ઓલવાઇ ગઇ.

..

૨૨મી મેએ નવા મકાનનું કામ શરૂ થયું. ચીમનીનો હજી સાવ ત્યાગ કરવામાં નહોતો આવ્યો. ભવિષ્યમાં હાર્ડિંજે ત્યાં કારખાનું કરવાનો વિચાર કર્યો હતો. એમનું પહેલું કામ બહારથી ગ્રેનાઇટ હાઉસ જોવાનું હતું.

એટલે સૌ સમુદ્રકિનારે ગયા. આગલે દિવસે ટિપલેટના હાથમાંથી કોશ પણ ત્યાં જ પડી ગઇ હતી. તેથી ત્યાં જવાથી કોશ પણ મળશે ને ગ્રેનાઇટ હાઉસમાં પાડેલું બાકું પણ જોઇ શકાશે એવી ગણતરી હતી.

કોશ જડતાં વાર ન લાગી; અને જે જગ્યાએ તે પડી હતી ત્યાંથી ઉપર નજર નાખતાં બાકું પણ દેખાયું.

હાર્ડિંજની ઇચ્છા એવી હતી કે ગુફાની જમણી તરફ રહેવાના ઓરડા કરવા અને પાંચ બારીઓ તથા બારણું મૂકી હવાપ્રકાશ માટે પૂરેપૂરી સગવડ કરવી.

પાંચ બારીઓ થવાની જાણી પેન્ક્રૉફ્ટ ખૂબ ખુશી થઇ ગયો. પરંતુ બારણાની શી જરૂર હતી તે તેને સમજાયું નહિ. ગ્રેનાઇટ હાઉસમાં આવવાનો માર્ગ તો હતો જ; તો પછી આ બારણું શા માટે કરવું?

હાર્ડિંજ: 'ગ્રેનાઇટ હાઉસમાં આવવાનો માર્ગ આપણે માટે સહેલો છે તેટલો જ બીજાને આવવા માટે પણ સહેલો છે. તેથી તે માર્ગ બંધ જ કરવાનો મારો વિચાર છે. પથરાઓ ગોઠવી તે પૂરી દઇશું.'

પેન્ક્રૉફ્ટ: 'તો પછી આપણે અંદર શી રીતે જઇશું?'

હાર્ડિંજ: 'તેથી જ તો હું અહીં બારણું મૂકવાનું કહું છું. ત્યાં એક સીડી ઝૂલતી રાખીશું. તે દ્વારા અહીંથી ઉપર ચડીને પછી સીડી પણ ઉપર ખેંચી લઇશું, એટલે બહારના કોઇનો ભાર નહિ કે ઉપર આવી શકે.'

પેન્ક્રૉફ્ટ: 'હવે સમજાયું! પણ કૅપ્ટન, આટલા બધા સાવચેત રહેવાની જરૂર છે? કોઇ હિંસક પશુ તો આપણે હજી જોયું જ નથી. તેમ દ્વિપમાં કોઇ મનુષ્ય હોય એ વાત પણ હું માનતો નથી.'

હાર્ડિંજ: 'પણ એ તમે ખાત્રીપૂર્વક કહી શકો છો?'

પેન્ક્રૉફ્ટ: 'હા હા, ખાત્રીપૂર્વક કહું છું. દ્વિપમાં ચારે તરફ ફરી વળ્યાં, ખૂણેખાંચરે બધે તપાસ કરી, કયાં યે કોઇ મનુષ્યનાં પગલાં સુદ્ધાં દેખાયાં નહિ. તો પછી મનુષ્ય નથી એમ કહેવામાં શો હરકત છે?'

હાર્ડિંજ: 'તે બરાબર છે. પણ દ્વિપમાં ન હોય તો બહારથી તો આવી શકે ને? વિશાળ મહાસાગરમાં રહેલા આ સ્થાન ઉપર બધી જાતના ભયનો સંભવ છે.'

આમ ગ્રેનાઇટ હાઉસની દીવાલમાં પાંચ બારીઓ ને એક દરવાજો મૂકવાનું નક્કી થયું. ઉપરાંત બીજી પણ કેટલીક નાની બારીઓ ને એક મોટું બારણું મૂકવાનું ઠર્યું.

પહેલું કામ હવે એ બારીબારણાં કોરવાનું હતું. માત્ર હાથથી જ કામ લેતા તો ઘણો સમય લાગે તેમ હતું. તેથી થોડું નાઇટ્રો ગ્લિસરાઇન વધ્યું હતું તેની મદદથી હાર્ડિંજની સૂચના પ્રમાણે બારીબારણાં કરવામાં આવ્યાં. આવી રીતે થયેલાં બારીબારણાંના ઊંચાનીચા અને ખરબચડા ભાગોને પછી કાપીકોરીને સરખા કરી લીધા. ગુફામાં હવાપ્રકાશ પુષ્કળ પ્રમાણમાં આવવા લાગ્યાં. અંધકારનું તો નામનિશાન ન રહ્યું.

હવે હાર્ડિંજની યોજના પ્રમાણે પાંચ ખંડ કરવાના હતા. પાંચે ખંડની બારીઓ સમુદ્ર તરફ રાખવાની હતી. જમણી તરફ એક ઓરડાને મોટો દરવાજો મૂકીને ગ્રેનાઇટ હાઉસનું પ્રવેશદ્વાર બનાવવાનું હતું અને તેને ઝૂલતી સીડી મૂકવાની હતી. તે સિવાય રસોડું, જમવા બેસવાનો રૂમ, નહાવાના તથા સૂવાના ઓરડા અને દીવાનખાનું એટલું બનાવવાનું હતું. અને આટલું બનાવતાં છતાં ગુફામાં પુષ્કળ જગ્યા વધે તેમ હતું.

ફરી બીજી સંખ્યાબંધ ઇંટો પાડીને ગ્રેનાઇટ હાઉસ નીચે ઢગલે ઢગલા કરી દેવામાં આવ્યા. ઇંટોને ભોંયરાને માર્ગે અંદર લઇ જવી તો મુશ્કેલ હતી. તેથી દોરડાની સીડી પહેલાં બનાવવાની જરૂર પડી. આ દોરડાં ખૂબ મજબૂત બનાવવાનાં હતાં. પેન્ક્રૉફ્ટ ખલાસી હતો ને દોરડાં બનાવવાના કામમાં બહુ કુશળ હતો, તેથી આ કામ તેને માથે આવ્યું. સીડીની બંને બાજુનું દોરડું ખૂબ મજબૂત હોવું જોઇએ એટલે પેન્ક્રૉફ્ટે નેતર ગૂંથીને તેનું દોરડું બનાવ્યું. તે એવું તો મજબૂત બન્યું કે જાણે તારની ગૂંથેલી સાંકળ! પગથિયાં એક જાતની ઝાડનાં ડાળનાં બનાવ્યાં. દરિયા તરફ દીવાલમાં જે દરવાજો મૂક્યો હતો તેની સાથે આ સીડીને લટકાવવામાં આવી.

આમ ઇંટો ઉપર લેવાની તો સગવડ થઇ ગઈ. અને ચૂનાનો તો પાર જ નહોતો એટલે જોતજોતાંમાં હાર્ડિંજની યોજના મુજબ મકાન તૈયાર થઇ ગયું.

૨૯મી મેને દિવસે ગ્રેનાઇટ હાઉસે ઝૂલતી સીડી મૂકી. એંશી ફૂટની એ લાંબી સીડીને એકસો પગથિયાં થયાં હતાં. આવડી મોટી લાંબી સીડી ચડતી વખતે ખૂબ જ ઝોલા ખાતી, તેથી ચડવાની ભારે મુશ્કેલી પડતી. એ સીડીના બે ભાગ થાય તો એટલી મુશ્કેલી ન પડે. સદ્ભાગ્યે ચાલીસ ફૂટની ઊંચાઇએ એક ખડક જોયું હતું. તેને ખોદીને સરખી જમીન બનાવી. આ રીતે સીડીના બે ભાગ થયા. દરવાજાથી પહેલો ભાગ

ખડક સુધી અને ખડકથી બીજો ભાગ જમીન સુધી. ખડકથી જમીન સુધીનો ભાગ ઝૂલતો રહેતો. હવે સીડી પહેલાંના જેટલી ઝોલા ન ખાતી.

પહેલાં તો સૌને ઝૂલતી સીડી એ ચડવા ઊતરવાની ટેવ પાડવાની જરૂર હતી. નાવિક પેન્ક્રૉફ્ટ આ બાબતમાં હોશિયાર હતો. તેણે સૌને શીખવી દીધું. ટૉપને પણ આ શીખવવાનું હતું. પેન્ક્રૉફ્ટ તેને લઈ ઉપર ચડતો. આ બધી સગવડની સાથેસાથે શિકારનું કામ તો ચાલુ જ હતું. સ્પિલેટ અને હર્બર્ટ રોજ શિકાર કરવા જતા, કેમકે ખોરાકની વ્યવસ્થા તેમને માથે હતી. અત્યાર સુધી તેમણે મર્સી નદીની જમણી બાજુ જેકામાર વનમાં શિકાર કર્યો હતો. એ વનમાં સૂવર, કાંગારૂ અને બીજાં ઘણાં પ્રાણીઓનો શિકાર મળી રહેતો. હર્બર્ટે ત્યાં સસલાંની રહેવાની જગ્યા પણ શોધી કાઢી હતી! જોકે એ શોધ કરતાં બહુ જ મહેનત પડી હતી. કેટલી યે તપાસને અંતે એ સ્થાન જડયું હતું. તે જગ્યા નાનીનાની બખોલોની જાણે ચારણી ન હોય તેવી બની ગઇ હતી. એમાં અંદર સસલાં હશે કે નહિ તેનો સ્પિલેટ અને હર્બર્ટ હજી તો વિચાર કરતા હતા ત્યાં તો હજારો સસલાં તેમાંથી બહાર નીકળીને એવી ઝડપથી નાસવા લાગ્યાં કે ટૉપ પણ તેમની પાછળ દોડી ન શકયો. હર્બર્ટ અને સ્પિલેટ લાંબી લાંબી લાકડી બખોલોમાં નાખીને જોવા લાગ્યા કે હવે અંદર સસલાં છે કે નહિ. લગભગ અર્ધા કલાકની મહેનત પછી ચાર સસલાં પકડાયાં. સસલાંનું રહેઠાણ હાથ લાગવાથી ખાવાની બાબતમાં બધાને બહુ મજા પડી ગઇ. અને સરળતા પણ થઇ ગઇ; કેમકે આ ખોરાક કોઈ દિવસ ખૂટે એમ નહોતો.

૩૧મી મેએ ગ્રેનાઇટ હાઉસ બરોબર તૈયાર થઇ ગયું. હવે એમાં ટેબલ, ખુરશી, કોચ, બાંકડા વગેરે અસબાબની જરૂર હતી. પરંતુ આ કામ હાર્ડિંજે શિયાળા માટે મુલતવી રાખ્યું. પહેલાં રાંધવા માટે સ્વતંત્ર રસોડું બનાવવાનું હતું. રસોડાના ધુમાડિયાનું મોઢું એક બારી સાથે જોડી દીધું હતું તેથી ધુમાડો બારીમાંથી પરબારો બહાર જતો.

અંદરનું આ કામ પૂરૂં થયા પછી હાર્ડિંજે ભોંયરામાં આવવાનો અસલ માર્ગ બંધ કરવાનું કામ હાથ લીધું. મોટામોટા પથરા ત્યાં સુધી ગબડાવતા ગબડાવતા લઇ જઇ તેને સીમેન્ટથી ચણી તે માર્ગ બંધ કર્યો. ત્યારપછી ઘાસપાન લાવીને ત્યાં નાખી તેનું નામનિશાન પણ ન દેખાય તેમ કરી દીધું એવું બનાવ્યું કે કોઇને એમ ન લાગે કે અહીં ચણી લીધેલું છે!

આ પછી એક નાનું સરખું ઝરણું ખોદીને સરોવરનું પાણી સીધું ગ્રેનાઇટ હાઉસમાં આવે એવી સગવડ પણ કરી. સ્વચ્છ અને મીઠા પાણીની આથી એવી તો સગવડ થઇ ગઈ કે ગ્રેનાઇટ હાઉસના રહેનારાઓને પાણીનો કોઈ દિવસ તોટો પડે જ નહિ.

તોફાનના દિવસ આવે ત્યાર પહેલાં આ બધું કામ પતી ગયું. હવે તેમને કશી ચિંતા ન હતી. મજાનું સુંદર ઘર મળી ગયું હતું. તેનાં બારીબારણાંમાંથી સમુદ્ર અને તે તરફનો બધો દેખાવ જોઇ શકાતો હતો. દ્વિપવાસીઓના આનંદનો પાર નહોતો.

(ચાલુ) **મોંઘીબેન**

જ્ઞાનલીલા

ફાગણની જ્ઞાનલીલામાં બહુ ઓછા જણે ભાગ લીધો હતો. બધા ખરા ફક્ત ભાઇ નારાયણ જરાડી (વડોદરા)ના છે, એમને ઇનામ મોકલાશે. ખરા ઉત્તરો નીચે મુજબ છે:

(૧) ગણિત-ગમ્મત: (૧) પહેલાં દરેક જણ રૂપિયાનાં ૯ પોપૈયા વેચે છે ને પછી બાકીના વધે છે તે સાત રૂપિયાના ત્રણ લેખે વેચે છે. એટલે નીચે પ્રમાણે રૂા. મળે છે: ૫,૧૦,૧૫. (૨) પહેલાને ૮,૧,૬; બીજાને ૩,૫,૭; અને ત્રીજાને ૪,૯,૨ શેર દૂધ દેનારી ગાયો (૨) એ શું? (૧) વચન. (૨) પાદર. (૩) શબ્દગોઠવણ નીચે મુજબ: (૪) શબ્દ શિરચ્છેદ: બાજીગર, ફરગ. (૫) ચોરસમાં ગોઠવાએલી કહેવત: નહિ મામા કરતાં કહેણા મામા શા ખોટા? (૬) શબ્દફેરવણી: બાજુએ બતાવ્યા મુજબ: (૭) ચિત્ર પ્રશ્ન: ટાંકણીઓ (ડાબી બાજુથી ગણતાં) નીચે પ્રમાણે ભરાવવી જોઇએ: મથાળાની હારમાં ત્રીજા ટપકા ઉપર, બીજી હારમાં છઠ્ઠા ટપકા ઉપર, ત્રીજી હારમાં બીજા ટપકા ઉપર, ચોથી હારમાં પાંચમા ટપકા ઉપર, પાંચમી હારમાં પહેલા ટપકા ઉપર, નીચલી હારમાં ચોથા ટપકા ઉપર.

		અ	લ	ગ
	પ્ર	હ	ર	
ત	મા	મ		
	મુ	દ	ત	
		ન	કુ	લ
	ભ	ગ	લ	
દા	દ	ર		

ખુ	વા	રી
સ	વા	રી
સ	વા	લ
સ	લિ	લ

નીચેના નવા સવાલોના જવાબ આ અંક મળ્યા પછી

આઠ દિવસમાં કુમાર કાર્યાલયમાં તંત્રીને પહોંચાડવા જોઇએ.

નવા સવાલ

(૧) **ગણિત-ગમ્મત:** (૧) મેળામાં જતાં બાબુને રસ્તે બે ભિખારીઓ મળ્યા. તેમણે ખાવાનું માગતાં બાબુએ પોતાના પાકીટમાં જે પૈસા હતા તેના ૩/૮ જેટલા એક ભિખારીને આપ્યા; ને પહેલાને આપતાં જે રહ્યા તેના ૨/૫ જેટલા બીજા ભિખારીને આપ્યા. આગળ જઇને બાબુએ પૈસા ગણી જોયા તો ફક્ત તેમાં ૯ આના રહ્યા હતા. તો તે ઘેરથી નીકળ્યો તે વખતે પાકીટમાં કેટલા પૈસા હશે? (૨) એક જ નિશાળમાં ભણતા પોતાના ત્રણ છોકરાઓને એક માણસ દરરોજ ત્રણ જણ વચ્ચે અઢી પૈસા વાપરવા આપતો. આગળ જતાં ત્રણે ભાઇઓને જુદીજુદી નિશાળમાં જવાનું થયું છતાં બાપ તો નિયમ પ્રમાણે હજી ત્રણ જણ વચ્ચે અઢી જ પૈસા આપતો હતો, છતાં ત્રણે ભાઇઓ એ અઢી પૈસાને સરખે ભાગે વહેંચી લેતા હતા; તે કેવી રીતે? (દે. ગં. આલમપુરાવાળા). (૨) **શોધી કાઢો:** નીચેની લીટીઓમાં સોળ શણગાર સેળભેળ થઇ ગયા છે; તમે બરાબર છુટા પાડી આપશો? હા હા જો વક્તા ખડીખડી ગરક નીચી ચુટિ મેળા જનક ખુલ નૂર અરર તાંરા અગધ અંપુલ કંઝરણ ચુરણ ઝાંશી ગોર્ષ કૂકણો બંટમુલા (૩) **શબ્દગોઠવણ:** બાજુની આકૃતિમાં અંક-

		૧	૨	૩		
		૪	૫	૬		
૭	૮	૯		૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫		૧૬	૧૭	૧૮
૧૯	૨૦	૨૧		૨૨	૨૩	૨૪
		૨૫	૨૬	૨૭		
		૨૮	૨૯	૩૦		

વાર નીચે મુજબના અર્થના સાચા શબ્દો ભરી દેશો એટલે ૧,૫,૧૦,૧૭, અને ૨૪ અંકવાળી કર્ણરેખામાં ગુજરાતનું એક મોટું શહેર આવશે અને ૭,૧૪,૨૧, ૨૬, ૩૦ અંકવાળી કર્ણરેખામાં એક હિંદુ મહાગ્રંથનું નામ મળી રહેશે. ૧,૨,૩ હકુમત; ૪,૫,૬ કંગાલ-તુચ્છ; ૭,૮,૯ કિરણ; ૧૦,૧૧,૧૨ અહેવાલ; ૧૩, ૧૪,૧૫ એક અસ્પૃશ્ય ગણાતી કોમ; ૧૬,૧૭,૧૮ એક તહેવાર; ૧૯,૨૦,૨૧ બુદ્ધિ; ૨૨,૨૩,૨૪ ઓરંગઝેબનું જન્મસ્થાન; ૨૫,૨૬,૨૭ દરકાર; ૨૮,૨૯,૩૦: હઠ. (જ. ચં. શે.) (૪) **અંક-ગમ્મત:** ૧,૨,૩,૪,૫,૭,૮ અને ૯ એ અંકમાંના ચાર ચાર અંક લઇને તેના પાછા એવા બે ભાગ પાડી ગોઠવો કે જેથી એ બંને રકમોના સરવાળા સરખા આવે. (૫) **શબ્દ શિરચ્છેદ:** (૧) હું ત્રણ અક્ષરનો શબ્દ છું મારા પગ કાપી નાખતાં હાથ રહે છે; ને હું જીવવાળો હોવા છતાં મારું પેટ ચીરી નાખો તો માત્ર 'ઓઓ'જ થઇ જાઉં છું. તો હું કોણ? (૬) એ શું? ઘણા રણનાં નામ તમે જાણતા હશો, પણ કયા રણમાં બધે પ્રાણી હોય છે તેની ખબર છે?

નવયુગ વાચનમાળા

નવયુગ વાચનમાળા: બાળપોથી (૧)અને(૨)તથા પહેલી ચોપડી યોજકો: મગનલાલ ત્રિ. વ્યાસ એમ એ., ન્યુ ઈરા સ્કુલ-મુંબઇ અને લાલભાઈ ર. દેસાઈ, સેકંડરી ટ્રેઇનિંગ કૉલેજ, મુંબઇ.

નવા યુગની કેળવણીમાં આગળપડતા વિચાર ધરાવતા ઉપરના અનુભવી ભાઇઓએ આ માળાની યોજના કરી છે એટલે બેશક તેમાં આગળની વાચનમાળાઓ કરતાં વિશિષ્ટતાઓ છે. શિક્ષણની દૃષ્ટિએ કેટલીક અનુકૂળતાઓ ઉતારવા પાઠોને છેડે નોંધો અને પ્રશ્નો પણ છાપ્યા છે બાળકોના હાથમાં મૂકવાની ચોપડીઓમાં એનું સ્થાન રાખવું કે નહિ એ પ્રશ્ન રહે છે. ઉઠાવદાર ચિત્રો, સ્વચ્છ છપાઇ અને કાગળ વગેરે જેમાં મજબૂત તથા ઊંચી જાતનાં વપરાયાં હોય તેવી અમારી જાણ પ્રમાણે આ પહેલી જ વાચનમાળા છે. એક મિત્રે તેના વિષે લખ્યું છે: 'છેલ્લાં પાંચ વર્ષનો મુંબાઇ યૂનિવર્સિટીનો મૅટ્રિકના વિષયનો ગુજરાતી પાઠ્ય પુસ્તકોનો ઇતિહાસ જુઓ! કોઇપણ સમજુ યૂનિવર્સિટીને બૂડી મરવા જેવા એ ઠરાવો, પછી યોજાએલો શિક્ષણક્રમ, પછી પાઠ્ય પુસ્તકો, હજારો વિદ્યાર્થીઓને કરમે ઠોકાયા જાય છે. એની સામે બિચારા શિક્ષકજંતુઓના ગણગણાટ સિવાય કયાં ય વિરોધ જાગ્યો છે? અને છતાં એ પાઠ્ય પુસ્તકોના ઘડતર પાછળના કાવાદાવા, ખટપટો, રાગદ્વેષ, સૌકોઈ મનમાં જાણે છે. . . . . . આ વસ્તુસ્થિતિમાં નવયુગ વાચનમાળાને કુમારવર્ગ અને શિક્ષકવર્ગ ઝીણવટથી તપાસે. એની રચના, ગોઠવણી અને એની આખી અવતરણામાં આજસુધી કદી ધ્યાનમાં નથી લેવાયાં એવાં બાલમાનસને વિકસાવે, પોષે, રસમય કરે, ઉત્તેજે એવાં સુંદર દૃષ્ટિબિંદુઓ ઉપર ખાસ લક્ષ્ય અપાયું છે. વળી આ એક હાથનું કામ નથી ગુજરાતના શિક્ષણપ્રશ્નોમાં રસ લેતા અને સ્વતંત્રપણે વિચાર કરનારા ઘણાનો એમાં બુદ્ધિસહકાર છે. . . . . અદ્ભુત કથા, પરીકથા, કલ્પનાકથા, સાહિત્યવિષયક કથા, ભૂગોળ, ઇતિહાસ, વિજ્ઞાન, જીવજંતુ, જનજનાવર વિષયક માહિતી, ગ્રામ્યજીવન, શહેરી જીવન, નવાજૂનાનું સંમિશ્રણ, જાતજાતની કવિતા બધું આમાં છે, અને તે યોગ્ય રીતે ગોઠવાએલું, મનને ગમે તેવી રીતે અલંકારાએલું. પણ આ વાચનમાળા યોજાઇ એટલે હવે અભ્યાસક્રમમાં ગંગા નહાયા એમ પણ માનવાની કોઇ ભૂલ ન કરે.આવી વાચનમાળા સુશિક્ષિત દેશોમાં તો થોકડાબંધ હોય છે.'

અમે પણ માનીએ છીએ કે આ વાચનમાળા એક સુંદર શરૂઆત માત્ર છે અને ભવિષ્યની દરેક તકે તેમાં સુધારા અને સંસ્કરણ થતાં જ રહેશે. બાળકોનું માનસ અક્ષરો કરતાં ચિત્રોથી ભરપૂર હોય છે. આકૃતિ અને રંગથી જ તે જગતની પિછાન કરી શકે છે. એટલે આ વાચનમાળાના યોજકોએ ચિત્રો પાછળ લીધેલી જહેમત તથા કાળજી માટે અમે તેમને ધન્યવાદ આપીએ છીએ. સાથે કહેવું જોઇએ કે ઘણાં ચિત્રો અને પાઠો ઝીણી ચર્ચા માગી લે છે. —ર.

અંકજંત્ર-રચના . . . [૩] સર્વાંગ અંકજંત્ર

[ચોરસ આકૃતિમાં અંકોની જાદુઇ ગોઠવણનું જ્ઞાન આર્યાવર્તમાં ઈસ્વી સન પહેલાંથી પ્રચલિત હતું, એમ ગણિતશાસ્ત્રના ઇતિહાસનો પ્રખ્યાત અંગ્રેજ લેખક આર. આર. બૉલ મુક્તકંઠે કબૂલ કરે છે. કવીશ્વર દલપતરામની જીવનકથામાં કવિવર નાનાલાલ જણાવે છે કે કવીશ્વરે આવા જંત્રોનો અભ્યાસ કરેલો હતો. આમ પ્રાચીન કાળથી ચાલ્યો આવતો એ પ્રવાહ અલોપ ન થઇ જાય એટલા સારૂ 'કુમાર' જેવા પત્રે એ પ્રવાહને વહેવડાવવાનો જે પ્રસંગ ઊભો કરેલો છે, તે નિમિત્તે જેટલું મળે તેટલું સંઘરી લેવાના અને વધારે શોધખોળ માટે ભવિષ્યને ખોળે ધરવાના આશયથી આ લેખમાળા આગળ લંબાવવા ધારૂં છું

પહેલા બે હપતાઓમાં મથાળું 'જાદુઇ ચોરસ'ની ગોઠવણ કર્યું હતું તે અંગ્રેજીમાં પ્રચલિત Magic Squares (મૅજિક સ્કવેર્સ) શબ્દનું ભાષાંતર જ હતું. પરંતુ તેને બદલે 'જંત્ર' કે 'અંકજંત્ર' એ પારિભાષિક શબ્દ આપણે ત્યાં પ્રચલિત હતો એમ માલૂમ પડતાં આ વખતથી એ વાપર્યો છે. —મો. હ. પં.]

૨+૫	૫+૧૫	૩+૦	૧+૧૦	૪+૨૦
૩+૧૦	૧+૨૦	૪+૫	૨+૧૫	૫+૦
૪+૧૫	૨+૦	૫+૧૦	૩+૨૦	૧+૫
૫+૨૦	૩+૫	૧+૧૫	૪+૦	૨+૧૦
૧+૦	૪+૧૦	૨+૨૦	૫+૫	૩+૧૫

૫ ના અંકનો સર્વાંગ અંકજંત્ર-આકૃતિ: ૧

૭	૨૦	૩	૧૧	૨૪
૧૩	૨૧	૯	૧૭	૫
૧૯	૨	૧૫	૨૩	૬
૨૫	૮	૧૬	૪	૧૨
૧	૧૪	૨૨	૧૦	૧૮

આકૃતિ-૨

અગાઉના બંને હપતામાં જણાવેલી, એકી વર્ગસંખ્યાઓને જંત્રમાં ગોઠવવાની બે પદ્ધતિઓમાં તો માત્ર આડા, ઊભા અને ત્રાંસા (એટલે કે કર્ણરેખાના) સરવાળા જ સરખા થતા હતા. પણ હવે આપણે જે પદ્ધતિ જાણવાના છીએ, તેમાં એ ત્રણ શરતો ઉપરાંત ચોથી શરત એ પણ જળવાશે કે ખંડિત કર્ણરેખામાં આવેલાં ખાનાંમાંના અંકોનો સરવાળો પણ સરખો જ થાય. આ રચનાને **સર્વાંગ અંકજંત્ર** કહે છે.

આ ગોઠવણની રીત પાયા પ્રકરણ (Scales of Notation) ઉપર અવલંબેલી છે. પ્રથમ તો જેટલાં ખાનાંનો ચોરસ-જંત્ર ગોઠવવો હોય તે ક્રમ સુધીની પહેલેથી ક્રમિક અંકસંખ્યા લેવી. દાખલા તરીકે ઉપરની આકૃતિ ૧ તથા ૨ માં આપણે પાંચ ખાનાંનો ચોરસ લીધો છે; તો તેને માટે ૧ થી શરૂ કરીને ૫ સુધીના ક્રમિક અંકનો નીચેની ઢબે ઉપયોગ કરવો:

(૧) આ જંત્રમાં ૧ થી ૫ સુધીના એ પાંચે અંકોનો ૨ ૩,૪,૫,૧, એ ક્રમમાં ઉપયોગ કરવો જોઇએ. હવે પહેલાં તો પાંચેને એ ક્રમમાં જંત્રની પહેલી ઊભી હારમાં ગોઠવો. પછી બીજી ઊભી હાર લો. તેમાં ઉપલાં બે ખાનાં ખાલી મૂકીને ત્રીજા ખાનાથી તે જ ક્રમે અંકો ઊતરતી દિશામાં ગોઠવો અને એમ છેલ્લા ખાનામાં પહોંચી જાઓ, એટલે ૨, ૩ અને ૪ ગોઠવાશે. હવે બાકી અંકો ૫ અને ૧ રહ્યા તેને એ હારમાં મથાળે ખાલી રહેલાં બે ખાનાંમાં ઉપરથી ઊતરતા ક્રમમાં ગોઠવી દો.

હવે ત્રીજી હાર લો. પણ તેમાં, બીજી હારમાં જ્યાં ૨ નો અંક આવ્યો છે તેની સામેના ખાના સુદ્ધાં વળી નીચે બીજાં બે ખાનાં (એટલે હવે શરૂઆતનાં ચાર ખાનાં) ખાલી મૂકી દો: એટલે એમાં છેલ્લા ખાનાથી અંક ગોઠવવા શરૂ કરવાના આવશે, અને બાકીના અંકો મથાળેથી ઊતરતા ક્રમમાં મૂકવાના રહેશે. આ જ ઢબે ચોથી અને પાંચમી હારો પણ પૂરી દો.

(૨) હવેની પૂર્તિ પાયાપ્રકરણની ઢબે કરવાની છે. આપણો ચોરસ પાંચ ખાનાંનો છે, તો એ અંક (૫)ના પાયાના અંકો ૫, ૧૦, ૧૫, ૨૦ અને ૦ ને પહેલી હારમાં મથાળેથી ઊતરતા ક્રમમાં વધતાના ચિહ્ન (+) સાથે ગોઠવો. હવેનાં ખાનાંમાં આ અંકો ગોઠવવાનો ક્રમ, ઉપર દર્શાવેલા ક્રમથી ઉલટો છે. પહેલી હારના અંકો ઉપરથી નીચે છેલ્લા ખાના સુધી ગોઠવાઇ ગયા પછી તરત બીજી હારમાં ખસો, અને ત્યાં નીચેથી ઉપર– એટલેકે છેલ્લાં બે ખાનાં ખાલી મૂકી ત્રીજા ખાનાથી–આ પાયાના અંકોને ઊંધા ક્રમમાં (એટલે ૦,૨૦,૧૫,૧૦,૫ એ રીતે) નીચેથી ઉપર ગોઠવો. આમ કરતાં છેક ઉપલું ખાનું પૂરાઈ જાય એટલે વધેલા અંકો ૧૦ અને ૫ વડે નીચલાં બે ખાલી ખાનાંને નીચેથી ઉપર ગણી પૂરી દો. આ જ પ્રમાણે બાકીની ત્રણે હારોને પણ નીચેથી બબ્બે ખાનાં વધારે ખાલી મૂકતા જઇ ઉલટા ક્રમથી પૂરી કાઢો. આ બંને પદ્ધતિ આકૃતિ નં. ૧ ના જંત્રમાં તીરની દિશાથી બતાવી છે. (અંકની ગોઠવણ વખતે ખસવાની ઢબ

સાદી લીટીના તીરના નિશાનથી, અને પાયાના અંકોની ગોઠવણુ વખતે ખસવાની ઢબ તુટક લીટીના તીરના નિશાનથી દર્શાવેલી છે.) હવે એ ખાનાંઓમાં (વચ્ચે વધતા + ના ચિહ્ન સાથે) જે સંખ્યાઓ ગોઠવાઇ રહી તેના સરવાળા કરી આકૃતિ બીજીમાં બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ જંત્ર તૈયાર કરો.

૭+૨	૨૧+૭	૩૫+૫	૦+૩	૧૪+૧	૨૮+૬	૪૨+૪
૧૪+૩	૨૮+૧	૪૨+૬	૭+૪	૨૧+૨	૩૫+૭	૦+૫
૨૧+૪	૩૫+૨	૦+૭	૧૪+૫	૨૮+૩	૪૨+૧	૭+૬
૨૮+૫	૪૨+૩	૭+૧	૨૧+૬	૩૫+૪	૦+૨	૧૪+૭
૩૫+૬	૦+૪	૧૪+૨	૨૮+૭	૪૨+૫	૭+૩	૨૧+૧
૪૨+૭	૭+૫	૨૧+૩	૩૫+૧	૦+૬	૧૪+૪	૨૮+૨
૦+૧	૧૪+૬	૨૮+૪	૪૨+૨	૭+૭	૨૧+૫	૩૫+૩

૭ ના અંકનો સર્વાંગ અંકજંત્ર: આકૃતિ-૩

अ	૯	૨૮	૪૦	૩	૧૫	૩૪	૪૬
	૧૭	૨૯	૪૮	૧૧	૨૩	૪૨	૫
	૨૫	૩૭	૭	૧૯	૩૧	૪૩	૧૩
	૩૩	૪૫	૮	૨૭	૩૯	૨	૨૧
ब	૪૧	૪	૧૬	૩૫	૪૭	૧૦	૨૨
	૪૯	૧૨	૨૪	૩૬	૬	૧૮	૩૦
	૧	૨૦	૩૨	૪૪	૧૪	૨૬	૩૮

૭ નો સર્વાંગ અંકજંત્ર: આકૃતિ-૪

આ રીતનો વધારે સારો મહાવરો થવા માટે ૭ ના અંકનો એવો જ સર્વાંગ અંકજંત્ર આ નીચે ગોઠવી બતાવ્યો છે.

આ જંત્રોમાં, ઉપર શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે, ખૂબી એ છે કે એની ઊભી, આડી તેમજ કર્ણરેખાની ત્રાંસી બધી લીટીઓનો સરવાળો તો એકસરખો થાય જ; પણ તે ઉપરાંત ખંડિત કર્ણરેખાઓમાં આવેલાં ગમે તે પાંચ ખાનાંઓનો સરવાળો પણ એકસરખો થશે. તેના દાખલા તરીકે ઉપર આપેલી આકૃતિ બીજીમાં, ખંડિત કર્ણરેખામાં આવેલાં અમુક ખાનાંઓને જુદી જુદી છાયાઓ વડે બતાવ્યાં છે. દાખલા તરીકે ત્રાંસી લીટીની છાયાવાળાં ત્રણ ખાનાં ઉપર અને બે ખાનાં નીચે એમ ખંડિત કર્ણરેખાથી આવેલાં છે; એ પાંચેનો સરવાળો પણ આ જંત્રમાંની ઊભી, આડી કે ત્રાંસી લીટીઓના સરવાળા જેટલો જ આવશે એમ જ ટપકાંવાળું એક ખાનું ઉપર અને ચાર ખાનાં નીચે એમ ખંડિત કર્ણરેખામાં જે બીજાં પાંચ ખાનાં બતાવ્યાં છે તેનો પણ સરવાળો એટલો જ થવાનો. આ રીતે ડાબી યા જમણી ગમે તે બાજુની કર્ણરેખામાં જે કોઇ પાંચ ખાનાં ખંડિત રીતે આવી રહે તેનો સરવાળો એટલો જ આવી રહેવાનો.

વળી આ સર્વાંગ અંકજંત્રની સૌથી અગત્યની બીજી ખૂબી તો એ છે કે તેવી રચનાના કોઇ પણ ચોરસમાં ઊભો કે આડો કાપ મૂકતાં જે બે કટકા થાય તે બંને ભાગોનો વિપર્યય કરી ચોરસ બનાવીએ તોપણ તેની સર્વ ખાસિયતો કાયમ રહે છે. દાખલા તરીકે, ઉપરની આકૃતિ નં.૪માં બતાવેલા ૭ના જંત્રને વચ્ચે જાડી લીટીથી દર્શાવેલે સ્થળે કાપ મૂકતાં अ ને ब વિભાગથી બતાવેલા જે બે કટકા થાય, તેમને ઉપરતળે (એટલે ब ઉપર અને अ નીચે એ રીતે) ઉથલાવી નાખીએ ને જે ચોરસ બને તેનો સરવાળો ગણીએ તો સર્વાંગ અંકજંત્રની ચારે શરતે તેના સરવાળા એકસરખા મળી રહેશે; જ્યારે પહેલા ને બીજા હપતામાં બતાવેલી રીતે રચેલા અંકજંત્રમાં એવો કાપ મૂકી થએલા ભાગોનો વિપર્યય કરી નવો ચોરસ બનાવતાં અંકજંત્રની ચારે શરતો લાગુ ન પડતાં માત્ર ત્રણ જ લાગુ પડશે.

મોહનલાલ હ. પંચોળી

તવ સ્મરણ

· પૃથ્વી ·

ગભાર ગગનાંગણે ઘનદળોની ઘેરી ઘટા
રહે ઝઝુમતી વિશાળ ધરી કારમી કો છટા,
કરાંગુલિ સુકોમળી તહીં જ ફેરવી સન્ધિકા
રસે હૃદય મેઘનું, અજબ કો ભરી ચારુતા;
પ્રતિ ક્ષણ નવીન ત્યાં કવન ચિત્રનાં આલખી
સુભવ્ય પ્રગટાવતી કવિનણાં ઉરે કલ્પના,
બધી મલિનતા, બધી ગગનગ્લાનિને સંહરી
રસે ભરિત રાગમાં જગત લીન દેતી કરી.

તવ સ્મરણ એ વિધે, ઉર ભરેલ નૈરાશ્યથી
ઉજાળી મુજ, ચિત્ર ત્યાં કવનનાં શું આલેખશે?
અને શું પ્રગટાવશે મુદભરી, સખે, કલ્પના?
વિલીન નિજ ચિત્તને, રસભરેલ જે રાગમાં
કરી, જગત પામશે સુખસુધા લગીરે સખા!

મનઃસુખલાલ મગનલાલ ઝવેરી

પૃથ્વી

સમાધિમય શૃંગથી, જટિલ વારિ વંટોળથી
અને કડકડાટથી—ગગન વીજળી વેદના
વિરાટ પડછંદ મેઘ નભ ભેદતી ગર્જના—
પછાડ ઘુઘવાટથી, જલપ્રપાત અંગોળથી,
શિલા ત્રુટિત કાંગરા—નવીન ભોમ રંગોળથી,
મહા ભીષણ કોપજ્વાલતણી તીવ્ર સંવેદના
પછી ખળખળે નદીજલ પયોધિમાં નિત્યના,
સુખે ગિરિવરે જતાં સૂરજ-વાયુદં દોળથી.

અને કુદરતે જ તેમ વળી માનવી જીવને
અનંત ઘટમાળ એમ, રસયુદ્ધની, ક્રોધ ને
ભયાનક કરુણ રૌદ્ર શુચિ પ્રેમ ને વીરતા
પછી પરમ એક શાંત રસ ઊર્મિ સ્થાયી થતાં,
અનંત યુગથી વહે જીવન કાવ્યમાં યે રસે
વિલંબિત ગતિ સ્ફુરે, સતત એક પૃથ્વી વિષે.

ચન્દ્રવદન મહેતા

ચકલાભાઇ



કેવો મજાનો એ ઊંઘે છે! ટીકુની બાની પેઠે આખા દિવસનો થાક ઉતારી, ઊંઘ લાવવા એ નવલકથા નથી વાંચતો. મારી પેઠે પગમાં કળતર થાય છે માટે અત્યારે એ પાઠ લખવા નથી બેઠો. એ તો નિરાંતે આંખો બંધ કરી ક્યારનો યે ઊંઘે છે.

સમી સાંજનો એ હીંડોળાના કડામાં આ-વીને બેઠો છે ને અંધારાં થયાં ત્યારનો તો એ ઊંઘમાં જ પડ્યો છે.

એની જ નીચે ઓસરીમાં બેસી બચુએ કેટલાં યે બંગાળી ગાન ગાયાં, પણ એ ઊંઘણશી જરા યે હાલ્યો નથી ને ચાલ્યો યે નથી. એકે ય વાર એણે પગ હલાવી કે માથું હલાવી એકે ય ગાનને તાલ આપ્યો નથી.

ઓસરીમાં બેસી ટીકુ અને બબુએ કેટલો ય વખત ફડાકા માર્યા, કેટલો ય વખત બચુએ અને કૃષ્ણલાલે વાતો કરી, મેં અને મોંઘીએ જાતજાતની ચર્ચા કરી; ચકલાભાઇને કાને એકે ય શબ્દ ગયો નથી. ઘસઘસાટ ઊંઘતા કાનમાં શબ્દને કેવી રીતે પેસવું?

કેવો મજાનો એ ઊંઘે છે! ઊંઘ કેટલી બધી શાન્ત અને સ્વસ્થ છે! બહુ થાકેલાં છોકરાં પેઠે તે આમતેમ આળોટતો નથી. ટીકુ પેઠે તે ઓશીકેથી પાંગતે અને પાંગતેથી ઓશીકે જતો નથી. એ તો સાંજથી બે પગ ઉપર જેમ બેઠો છે તેમ બેઠો છે.

એની ઊંઘ કેટલી બધી ગાઢ છે! અધુરિયા ઊંઘનાર પેઠે તે ઊંઘમાં બબડતો નથી. નાના બાળક પેઠે બા પાસે પાણી માગતો નથી. આળસુ છોકરા પેઠે એ બાપાને કહેતો નથી કે મને પછેડી ઓઢાડો ને, મને ટાઢ વાય છે. એ તો ભરઊંઘમાં પડ્યો છે. ઊંઘમાં એને કશું સૂઝતું નથી.

કેવો મજાનો એ ઊંઘે છે! ખૂબ કામ કરીને થાકેલા મજૂર જેમ એ ઊંઘે છે. માના ઉપર વિશ્વાસ રાખી જે શાંતિથી બાળક ઊંઘે છે તે શાંતિથી તે ઊંઘે છે. ઘણી રાતો જાગીને પરીક્ષા આપી દીધી હોય તે રાત્રે વિદ્યાર્થી જેવો નિરાંતે ઊંઘે તેમ તે ઊંઘે છે.

ઊંઘો, ચકારાણા ઊંઘો. તમારી ઊંઘ હક્ક છે. અમે તમને નહિ જગાડીએ. તમને ય ભરનિદ્રામાં અમને આવે છે તેવાં સ્વપ્નાં આવતાં હશે. અમે તેમાં કશી ખલેલ નહિ પાડીએ. તમારાં સ્વપ્નાં અમારાથી નોખાં હશે. તમારા સ્વપ્નામાં તમે ઇયળો શોધવા આમતેમ ઊડતા હશો. તમારા સ્વપ્નામાં તમે ચકચક કરતા ઝાડેઝાડે ને ડાળેડાળે ઊડતા હશો, અને લ્હેર ઉડાવતા હશો; પણ એટલામાં કોઇ બાજને ભાળીને તમે ગભ-રાતા ગભરાતા સંતાઇ જવા નાસભાગ કરી મૂકતા હશો. અમારી જેમ તમે પણ સ્વપ્નામાં બાને બોલાવતા હશો કે કોણ જાણે. સ્વપ્નામાં તમે ચકીરાણી સાથે માળો બાંધવા તણખલાં ભેગાં કરતા હશો અને નાનો એવો માળો ગોઠવતા હશો; અને સ્વપ્નામાં તમે આપણા કાચની સામે જોઇને તમારા જ પડછાયા સાથે લડતા હશો. તમે અમને તમારાં સ્વપ્નાં કહી શકતા હોત તો?


વારુ ત્યારે ચકલાજી, સવાર સુધી ઊંઘ્યા કરો. તમારે અમારાથી વહેલું ઊઠવું છે ખરું ના? સૂરજ ઊગશે નહિ ઊગે ત્યાં તો તમે ઊડી જશો, અને નાસ્તા-પાણીની શોધમાં ઊડી નીકળશો; અને પછી તો તમે આખો દિવસ દીવો કર્યે ય નહિ દેખાવ. તમારી ચકલી-બાઇ સાથે ક્યાંના ક્યા સુધી ઊડવા જશો, જાતજાતનાં ભોજન કરશો, ભાતભાતની વાતો કરશો, બચ્ચાં માટે ઘર કરશો અને ચકચક કરતાં સવારમાંથી બપોર અને બપોરમાંથી સાંજ પાડશો.

એમ કરતાં આકાશે સંધ્યાના રંગો ઊઘડશે, સૂરજ ભગવાન દરિયામાં ડૂબી જશે, રાત્રિની આછી છાયા

પથરાશે, અને તમે પાછા ઘર ભાગી વળી આવશો.

આમ જ રોજ તમે આવો છો, રાત બધા ઊંઘો છો અને સવાર પડ્યે ઊડી જાવ છો. એ તો બધું ઠીક; પણ કહો તો ખરા, ચકલીબાઈ ક્યાં ઊંઘે છે? અમને કોઈક વાર તો એનું રાત્રિ-ઘર બતાવોને. અને કોઈક વાર ચકલીબાઈને અહીં જ લાવો તો? જુઓને, પેલું બીજું કડું છે, ત્યાં ચકલીબાઈ બેસશે. સામસામે બે જણાં બેસશો તો કેવાં રૂપાળાં લાગશો! લાવજો લાવજો, કોઈવાર ચકલીબાઈને લાવજો. અમારે એમને જોવાં છે.

ગિજુભાઈ




લાંબા મારા કાન કેવા
ઊભા છે ટટ્ટાર!
જોતાં લાગે હું છું જાણે
ડહાપણનો ભંડાર!

સાધુ જેવો સાધુ હું છું
રાખું મોટું મન;
રાખમાં આળોટું જાણે
મળ્યું મોટું ધન.

નાનાં સાથે નાતો રાખું
આપું આશ્વાસન;
ઠોઠ ઢ નિશાળીઆનો
હું જ ભાઈબંધ.

સંગીતની મેં શાળા કાઢી
નથી લેતો ફી;
ટાઈમ થયો જલસાનો
પધારો, સાહેબજી!

રમણલાલ સોની



કરોળિયાનાં બચ્ચાં

ઈંડાંમાંથી તરતનાં જ નીકળેલાં બચ્ચાંને પીઠ ઉપર લઈને કરોળિયાની માદા ચાલી જતી હતી. બચ્ચાં માદાના શરીરના વાળને મજબૂત રીતે વળગી રહ્યાં હતાં. રમુની નજર અચાનક એના ઉપર પડી.

'બહેન, બહેન, અહીં આવ; કરોળિયાનાં બચ્ચાં જોવાં હોય તો.'

કમુ દોડતી આવી. બંનેએ ધ્યાનથી મા-બચ્ચાં સામે જોયાં કર્યું. પછી રમુએ માદાને સહેજ લાકડી અડાડી.

માદા બીની. એણે તરત જ બધાં બચ્ચાંને નીચે ઉતારી દીધાં ને પોતે લપાઈને એક ખૂણે જઈ બેઠી.

હવે શું થાય છે. તે રમુ કમુએ શાંત બની જોયાં કર્યું.

થોડી વારમાં મા જરા પાસે આવી. એક એક કરીને બધાં બચ્ચાં એની પીઠ પર પહેલાંની માફક ગોઠવાઈ ગયાં, ને માલ ભરીને ગાડી પાછી આગળ ચાલી!

એવામાં એક ગમ્મત થઈ. સામેથી એક બીજી માદા એનાં બચ્ચાં સાથે આવી પહોંચી. ભાઈબહેન આ બધો ખેલ જોઈ રહ્યાં હતાં, એટલામાં એમના મોટાભાઈ પણ ત્યાં આવી પહોંચ્યા.

ત્રણે જણ જોવા લાગ્યાં. બંને માદાઓ છેક પાસે આવી, એટલે મોટાભાઈએ એક સળી વડે બંનેને જરા-જરા હલાવી. બંને ગભરાઈ ને બંનેએ પોતાનાં બચ્ચાં નીચે ઉતારી મૂક્યાં. થોડાં આમ ગયાં, થોડાં તેમ ગયાં.

ઘડીક વાર પછી કાંઈ પણ નથી એમ જણાયું ત્યારે બધાં બચ્ચાં પાછાં મા પાસે જવા લાગ્યાં. પણ એમાં વળી ગમ્મત થઈ. એક માદા તરફ એક જ બચ્ચું ગયું, ને બાકીનાં બધાં બીજી માદા તરફ ગયાં. ચપચપ બધાં એની પીઠ પર ચઢી ગયાં ને એ બધાં પોતાનાં જ બચ્ચાં છે એમ સમજી માદા નિરાંતે આગળ ચાલી!

મોટાભાઈએ કહ્યું, 'એક વાર આ જ જગ્યાએ બે માદાઓ વચ્ચે ભારે લડાઈ થઈ હતી. એમાં એકે બીજીને હરાવી મારી નાખી; પણ પછી મરેલી માદાનાં બધાં બચ્ચાં એની પીઠ પર ચડી ગયાં ત્યારે એ એમને પોતાનાં જ બચ્ચાં સમજીને ઊંચકી ગઈ! સાથે સાથે પેલી મરેલી માદાને ય નિરાંતે ખાવા માટે ઉપાડી ગઈ.'

(અપ્રકટ 'ચતુર કરોળિયો'માંથી) **ચ. મ. ભટ્ટ**

શારદાચરણ ઉકીલ

(અનુસંધાન પૃ.૧૬૮થી)

ઉપરાંત કલાનો સર્વસામાન્ય પ્રચાર કરવાને શાળાઓ માટે ડ્રૉઈંગબુકો તેમજ ભરતગૂંથણ માટે વેલબુટ્ટીઓની પુસ્તિકાઓ પ્રગટ કરી છે. ઉપરાંત તેમણે Scenes from Indian life (હિંદુ જીવનનાં ચિત્રો) નામની ચિત્રાવલિ પણ બહાર પાડી છે. આમ અનેક રીતે કલાદીપકને સતેજ રાખવા એ ચાલુ પ્રયત્નો કરી રહ્યા છે. શ્રી શારદાચરણને લીધે તેમના કુટુંબમાં પણ કલાની પ્રતિભા પ્રકટી છે. તેમના નાના ભાઇ વરદાચરણ અચ્છા શિલ્પી પણ છે અને પોતાનો ઘણોખરો વખત કલાના ઉદ્ધાર તથા પ્રચાર માટે ખરચે છે. તેમના સૌથી નાના ભાઈ રણદાચરણ ઉકીલે પણ વડીલ બંધુ પાસેથી શિક્ષણ મેળવી સારા ચિત્રકાર તરીકેની કીર્તિ મેળવી છે. તેમને સીમલાના ચિત્રપ્રદર્શનમાંથી શ્રી દુર્ગાના ચિત્ર માટે 'વાઇસરૉય પારિતોષિક' મળ્યું હતું ને તે ચિત્ર પતિયાળાના નરેશે રાખી લીધું હતું. તેમનાં બીજાં અનેક ચિત્રો હિંદી રાજ્યમહેલોમાં પહોંચ્યાં છે.

લંડનના ઇન્ડિયા હાઉસને હિંદી ચિત્રોથી શણગારવા માટે ૧૯૨૯માં હિંદી સરકારે શ્રી રણદાચરણ ઉકીલને બીજા ત્રણ ચિત્રકારો સાથે મોકલ્યા હતા અને ત્યાં પણ તેમની કલા પ્રશંસાપાત્ર બની છે.

શ્રી શારદાચરણની બે બહેનો શ્રી સુશીલાદેવી મુખોપાધ્યાય અને શ્રી બકુલાદેવી ગાંગુલી પણ સુશોભનકલામાં સિદ્ધહસ્ત છે. તેમનાં ચિત્રો પણ લંડનના Empire exhibitionમાં ખૂબ વખણાયાં હતાં.

કાંગરાના પહાડી ચિત્રકારોની પેઠે શ્રી શારદાબાબુ પૌરાણિક અને ઐતિહાસિક ચિત્રકળામાં ઘણા કુશળ છે. તેમના એ વિષયોનાં ચિત્રો ખૂબ લોકઆદર પામ્યાં છે અને તૈયાર થતાંની સાથે જ વેચાઇ ગયાં છે. રેશમ ઉપર દોરેલા એમના 'જટાયુવધ' નામના ચિત્રની ૧૯૨૫ના લખનૌના પ્રદર્શનમાં ખૂબ ચર્ચા થઇ હતી અને તે જોવાને લોકોની બહુ ભીડ જામતી.

'ચિત્રકલા—અથવા કલામાત્ર એક શ્રેષ્ઠ ભાવવ્યંજક ભાષા છે. વિચારોને વ્યક્ત સ્વરૂપ આપવાને તે અતિ આવશ્યક છે.' જૉન રસ્કિનના આ કથન પ્રમાણે શ્રી ઉકીલનાં ચિત્રો પૈકી જટાયુવધ, શિવ સતી, બંસીધ્વનિ, રાસલીલા, વ્રજ અને વર્ષા, ઔરંગઝેબ વગેરે અનેક કલાકૃતિઓમાં ભાવગાંભીર્ય પ્રધાનપણે જણાય છે. ભાવવ્યંજકતામાં શ્રી ઉકીલ જેટલા પ્રવીણ છે તેટલા જ રૂપલેખન અને વર્ણકળામાં પણ કુશળ છે.

૧૯૩૧ના જાન્યુઆરી માસમાં લંડનની ઇન્ડિયા સોસાએટીએ ઇન્ડિયા હાઉસમાં શ્રી શારદાચરણના ચિત્રોનું એક પ્રદર્શન ભર્યું હતું તે વખતે તેમની કળાકુશળતા અને ચિત્રચાતુરી પર ઈંગ્લંડના કલાવિદો મુગ્ધ થયા હતા અને ખૂબ પ્રશંસા કરી હતી. રૉયલ સ્કૂલ ઑફ આર્ટના અધ્યક્ષ અને સુપ્રસિદ્ધ ચિત્રકાર તથા કલામર્મજ્ઞ સર વિલિયમ રૉથેન્સ્ટીને કહ્યું હતું કે 'શ્રી શારદાચરણ ઉકીલની ભાવપૂર્ણ અને નિયમિત રચનાઓ કવિસમ્રાટ્ રવીન્દ્રનાથ ઠાકુરની કવિતાની સમતા કરે છે. ભારતીય સંગીતની જેમ વિશુદ્ધ તથા વિચારપૂર્ણ હોવાની સાથે તે કલાકૃતિઓ ભારતીય અંતરાત્માના પવિત્ર ભાવોનું દર્શન કરાવે છે.' લંડનના પ્રસિદ્ધ પત્ર 'ટાઈમ્સે' લખ્યું હતું કે 'શ્રી શારદાચરણની કૃતિઓ રચનામાં સુડૉલ તથા કાવ્યાત્મક ભાવનાઓથી ઓતપ્રોત હોય છે.'

બહુરંગી ચિત્રો સિવાય એમનાં રેખાચિત્રોની પણ કલારસિકોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે, કેમકે માત્ર તૂલિકા (બ્રશ)ની જ સહાય વડે આવાં કમનીય તથા ભાવમય દશ્યો તૈયાર કરવાં એ કંઇ સામાન્ય વાત નથી.

શ્રી શારદાચરણ ઉકીલનાં ચિત્રો દ્વારા એમની અવલોકનશક્તિ, સહૃદયતા, કરુણા, સમવેદના અને સહાનુભૂતિના ભાવોનો આપણને પરિચય મળે છે; તેમની કલાકૃતિઓમાં તેમના વ્યક્તિત્વની છાપ સ્પષ્ટ ઝળકે છે.

એમનો સ્વભાવ અતિ સરલ અને મધુર તથા એટલો ચિત્તાકર્ષણકારી છે કે એક વાર પરિચય થયા પછી વારંવાર એમને મળવાની ઇચ્છા તમને થયા કરે.

સિંધુ

(શાર્દૂલવિક્રીડિત)

રત્નો રોજ ઉછાળતો તીર પરે, મુક્તાફળો પાથરે,
અંગે એ શિશુનાં ગ્રાંગ્રા રમતમાં નિર્દોષતાથી ધરે;
આવ્યાં ત્યાં જગનાં જનો, દ્રવિણનાં લોભે લૂંટો આદરી,
સિંધુએ થઈ ખિન્ન તે દિવસથી ખારાશ પોતે ધરી.

રામપ્રસાદ શુક્લ



માધુકરી

વિશ્વ બાળ તું ઝેર હલાહલ:
નિલકંઠ ઘૂંટડે પીધું;
ત્રિભુવનના હિત કાજે મોંઘું
રત્નાકર અમૃત દીધું:
ધન્ય ધન્ય વિષ કેરાં પાન!
અમર રહો અમૃતનાં દાન!

—તનસુખ ભટ્ટ

સ્વદેશી ઘડિયાળનો શોધક

કચ્છનો રાવ લખપત બીમાર હતો. જલોદરની અસાધ્ય આજારી એ રંગીલા રાવને પથારીવશ રાખતી હતી.

ખારા દરિયામાં મીઠી વીરડી હોય, એમ એ કાળના મતલબી અને વિગ્રહશોખીન રાજાઓની વચમાં એ એકલો કલા અને હુન્નરનો શોખીન હતો. લડાઇઓ એને ન ગમતી; ભાયાતો સાથે નાનીમોટી બાબતમાં દરબારી હકો માટે તકરારો ઉઠાવવાનો એને કંટાળો હતો. સારી ઇમારતો બાંધવી, તળાવો ખોદાવવાં, ચિત્રો ચીતરાવવાં, કવિતાઓ કરવી કરાવવી ને સાંભળવી, હુન્નરો શીખવા, જોવા ને સમજવા અને સમય હોય ત્યારે પોતાનાં ઓજારોથી પોતે નાનાંમોટાં રમકડાં બનાવવાં,— આ એનો શોખ હતો, વ્યવસાય હતો. એના જેવો કલારસિક બીજો રાજા હજી કચ્છ-કાઠિયાવાડને જોવાનો રહે છે.

જ્યારે કચ્છ-કાઠિયાવાડમાં યુરોપના હૉલંડ દેશમાંથી મીનાકારીનું કામ શીખી લાવનાર,વાઘેર ખલાસી રામસિંહની વાત સરખી સાંભળવાને કોઇ રાજાને ફુરસદ કે પરવા નહોતી, ત્યારે એ ઊડતી વાતો સાંભળવામાત્રથી એને સંપૂર્ણ માન સહિત પોતાના રાજ્યમાં સામે ચાલીને આમંત્રણ કરનાર આ રાજા જ હતો. એણે રામસિંહને પદવી આપી. એની ઉદ્યોગની ઘેલછાને ધન અને સત્તાથી પોષી એણે રામસિંહને ફરીવાર યુરોપ મોકલ્યો. સાહસશૂરા અને ઉદ્યોગઘેલા એ રામસિંહને મન રાજા લખપત રા' પોતાની સદા જાગ્રત તમન્નાની જીવતી મૂર્તિ સરખો હતો.

એવો એ રાજા રોગનાં બિછાના ઉપર પડ્યો છે. એના શૉખ ને શરીરને જલોદરનો અસાધ્ય વ્યાધિ શોષી જાય છે. મહામૂલ પથારી એને માટે પથરાતી, છતાં ય નિશદિન બિછાનામાં સૂઇ રહેવાની ગરમીથી ક્યાંક રાવની ચામડી જલી જાય છે ને પાઠાં પડે છે; દરદ વધે છે, પીડા વધે છે. રા'નું મૃત્યુ તો નિર્માઈ ચૂક્યું છે. સવાલ હવે એ છે કે રા'નું મૃત્યુ આસાન બનશે કે દરદ અને પીડાથી પીડિત બનશે રાજવૈદની ભલામણ છે કે રા'ની શરીરપીડા ટાળવાનું હવે એક માત્ર સાધન છે: એનું મન એના દરદ પરથી દૂર કરવું. પોતાના દરદ ઉપરથી એનાં આંખ ને કાન ખેસવી લઇને કોઇ અન્ય વસ્તુ ઉપર ઠેરવવાં.

પછી તો કવિઓ કવિતાઓ ગાય છે ને વાર્તાકારો વાર્તાઓ કરે છે રાજ્યમાં બનતા લોઢાનાં કંઇ કંઈ નમૂનાઓ ત્યાં આવે છે ને અજબ એવા મીનાકારીના નમૂનાઓ રા'ની પ્રશસ્તિ ગાગવા ત્યાં આવે છે. પરંતુ આ બધું ય એણે પોતાની તાજગીના કાળમાં જોયું છે. જ્યારે એને દરદ નહોતું ને જ્યારે એ ઘોડા ઉપર બેસીને ફરવા નીકળતો ત્યારે આવી કંઇ કંઇ બનાવટોના ઘડનારાઓની દુકાને ઘોડો બાંધીને એ કલાકોના કલાકો સુધી બેઠો છે. એમાં કાંઇ નવું નથી, કાંઈ કર્ણપ્રિય નથી, ચક્ષુપ્રિય નથી. નવું એક માત્ર એનું દરદ છે. એની વ્યાધિના આંચકા નવા છે, એનાં પાઠાં નવાં છે, અંગે અંગ ચડતા સોજા નવા છે. એને નવીનતાએ ભૂલાવી દેનાર નવીનતર ચીજ આમાં ક્યાંય નથી.

રાજાનું મન એના દરદ ઉપરથી કેમ હઠાવવું એના વિચારો પોતાના ઘરમાં બેસીને રામસિંહ કરી રહ્યો છે. બીજા નહોતા સમજતા તે એ સમજી શકયો હતો કે એને માટે કોઇ નવી જ કારીગરી જોઇએ; કોઇ નવું જ રમકડું કે કોઇ નવો જ હુન્નર જોઇએ બહુબહુ વિચારો કરતાંકરતાં આ યંત્રવિશારદને એક નવી જ વાત સૂઝી આવે છે. એ ઊભો થાય છે. લોઢાનું એક દાંતાવાળું મોટું ચક્કર બનાવે છે. એ ચક્કર સાથે એક, ઘણું નાનું ચક્કર ધરીથી સાંધે છે એક મોટી સાંકળ લે છે. સાંકળને એક છેડે વજન મૂકે છે. પછી સાંકળ મોટા ચક્કર ઉપર મૂકે છે. વજનના ભારથી મોટું ચક્કર ખૂબ વેગથી ખરરર કરતું ફરી જાય છે.

'આ તો માળું ફરી જાય છે!' ચક્કર જાણે કોઇક દૈત્ય હોય, એની આશા ભરખી ખાતું હોય એમ રામસિંહ એની સામે જોઈ રહે છે. એક વિચાર એના મગજમાં આવે છે. મગજમાં આવવાને બદલે જાણે કે મગજ ઉપર ભમે છે. મગજ એને પકડવા મથે છે ને એ જાણે કે ખસી જાય છે. એક ક્ષણ જાણે પોતે મર્મનો પાર પામતો હોય એમ એની આંખ ચમકે છે. બીજી ક્ષણે ફરીને નિરાશાની વેદનાથી એની આંખો ઘેરાય છે. માથે હાથ મૂકીને રામસિંહ માલમ ચક્કર સામે તાકી રહે છે. એને સમજાય છે ને નથી સમજાતું.

એ નથી પાણી પીતો ને નથી અનાજ ખાતો. એ કેવળ એ ચક્કર સામે જોઇ રહ્યો છે. એને શું જોઇએ છે? એને શું કરવું છે? ઘણીવાર તો એને પોતાને ય એ નથી સમજાતું. વજનના કારણે ચક્કર વેગથી ફરે છે. એ વેગ ખૂબ ખૂબ ઓછો કરવો છે. એ વજન હલકું કરે છે તો ય ચક્કર એટલા જ વેગથી ફરી જાય છે. એ વજનની સામે સાંકળના છેડા ઉપર બીજું વજન મૂકે છે. બંને વજન સરખાં હોય તો ચક્કર સ્થિર થઈ જાય છે, ને સામેનું વજન હલકું હોય તો ચક્કર એટલા જ વેગથી ફરી જાય છે. હવે શું કરવું? ચક્કરના વેગની સાથે જાણે કે પોતાની આવરદા પણ એટલા જ વેગથી ઘટતી હોય એમ રામસિંહ મનોવ્યાધિ અનુભવે છે.

એકાએક વીજ ઝબકે એમ એને એક વાત સૂઝે છે. ચક્કરના દાંતાને અડીને બીજું દાંતાવાળું ચક્કર ગોઠવ્યું હોય તો? એ એમ કરે છે ચક્કરનો વેગ ઘટતો દેખાય છે. ઉપરના ચક્કરના દાંતા સાથે એ સાંકળ ગોઠવે છે. ચક્કરના દાંતા વચ્ચેની જગ્યા ઓછી કરે છે. એને અડતું બીજું ચક્કર પણ એ જ નમૂનાનું પણ નાનું બનાવે છે બહુ જ સાદી, પણ એકવારના ધીકતા દેશી હુન્નરની શોધ પૂરી થાય છે.

આ શું થયું એ તમે જાણો છો? તમે સમજી શકો છો? એકવાર કાઠિયાવાડ અને ગુજરાતના ઘેરઘેર જાણીતી આ ચીજ આજે તમે નથી પિછાની શકતા, એ તમારૂં અણજાણપણું બતાવવાને બદલે એકવારના એ હુન્નરનું આજે નાબૂદ થએલું નિશાન બતાવે છે. રામસિંહ માલમે બનાવેલી આ વસ્તુ કોઇ રમકડું નહોતું. એ હતી દેશી ઘડિયાળ. એમાં કમાનો નહતી; એસ્કેપ વ્હીલો. બાલ, લિવર ને ચાવી નહતાં. આજના જેવી અકળ એવી ગૂચવણો એમાં નહોતી. પરંતુ કુદરતી ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત પર રચાએલી એ દેશી ઘડિયાળ હતી. પછી તો એણે કાંટા બનાવ્યા. કાગળના પુઠા પર ઘડીઓનાં નિશાન કર્યાં અને આ બનાવટને લઇ એ દરદી રાજા પાસે ગયો.

આ નવી ચીજને જોઇને રા' લખપતનું દિલ ખૂબ રાજી થયું. અહોનિશ આ નવી વસ્તુ ઉપર એની આંખ ચોટી રહેતી. ઘડીની શીશી સાથે કાંટાની ગતિ મિલાવવામાં, એમાં થતા ફેરફાર જોવામાં, એમાં થતા ફેરને ભાંગવાની તજવીજોમાં, આ રાજરોગીના અંતકાળના દિવસો જવા લાગ્યા. રામસિંહ ત્યાં જ કામ કરતો. એનાં પ્રાથમિક ઓજારોની મદદથી નાનાં મોટાં દાંતાનાં ચક્કરો ઢાળતો. એ બધું જોવામાં રાજાને આનંદ ઉપજવા લાગ્યો. જે દિવસે ઘડિયાળ અને રેતીની શીશી વચ્ચેના ભેદ ભાગ્યા એ દિવસ રામસિંહને મન જેટલા આનંદનો હતો, એટલા જ આનંદનો એ દિવસ રા' લખપતને માટે હતો. ત્યારપછી ચાર દિવસે આ રાજરોગી અવસાન પામ્યો. એના આન્તર દેહમાંથી એક નવો હુન્નર જન્મ પામ્યો.

એ દેશી ઘડિયાળો એના કાળમાં બહુ જ લોકપ્રિય બની ગઈ. એની માંગ વધતાં વધતાં એટલી વધી કે એને માટે કચ્છમાં એક જુદું કારખાનું ખોલવામાં આવ્યું. કાઠિયાવાડના ને ગુજરાતના કાબેલ લુહાર–સોનીઓએ એ ઉદ્યોગ ઉપાડી લીધો. મોટામોટા શેઠ શાહુકારો તો શું પરંતુ સામાન્યમાં સામાન્ય માણસને પણ પરવડી શકે એટલા મૂલમાં આ ભીંતિયા ઘડિયાળ એકવાર પ્રચાર પામ્યાં હતાં.

મોરબીના ઠાકોરને આ ઘડિયાળ ગમી ગયાં અને એણે એક મોટું, લોકોના ઉપયોગમાં આવે એવું ઘડિયાળ તૈયાર કરવાની આજ્ઞા આપી. એવું ઘડિયાળ તૈયાર થયું ને પથ્થરના ઉંચા મિનારા ઉપર એને જડવામાં આવ્યું. એ કાઠિયાવાડમાં સૌથી પહેલું ટાવર. સંપૂર્ણતઃ દેશી કારીગરોએ જ બનાવેલું મોરબીનું જોઇને પોરબંદરના દરબારે એવું ટાવર બનાવડાવ્યું. આ ટાવરો આજ પણ સારૂં કામ આપે છે. સંપૂર્ણતઃ દેશી કારીગરોએ બનાવેલાં ઘડિયાળો સમેતનાં એ બે ટાવરો આજ પણ એક નાશ પામેલા હુન્નરની મૂક ખાંભીઓ જેવાં ઊભાં છે.

આજે તો નવીનવી બનાવટનાં ઘડિયાળો એટલાં આવે છે કે દેશી ઘડિયાળોને માટે બજારમાં સ્થાન નથી રહ્યું. દેશી ઘડિયાળો આપણે ત્યાં જ બનાવાતાં એની પણ આજ ઘણાને ખબર નહિ હોય. પરંતુ એક રાજરોગીના દરદમાંથી એના કાળમાં ચમત્કારિક ગણાતી એવી વસ્તુ આપણે ત્યાં નીપજી હતી ને ચાલી પણ હતી જેવી સ્થિતિ આજે આ ઘડિયાળની છે, તેવી જ દશા ગઇ કાલના ગુજરાતના લગભગ દરેક હુન્નરઉદ્યોગોની છે. ગુજરાતનાં નાનાં મોટાં શહેરો તમે ભમો; ભૂતકાળમાં એ શહેર કોઇને કોઈ હુન્નરઉદ્યોગનું ધામ હશે જ.

આજે પેથાપુર નામ વાતચીતમાં સિર્ફ ઉપહાસ સિવાય બીજી બાબતમાં જાહેર નથી; પણ એકવાર એ પેથાપુરની બંદૂકો સારા ગુજરાતમાં મશહૂર હતી. જેવી શિરોહીની તલવાર તેવી પેથાપુરની બંદૂકો. કચ્છના લોઢાના ચોસલામાંથી ગાળેલી એની લાંબી નાળની નેમ સચોટ ગણાતી. જામગરી ચાંપો ને એના કાન તરત આગ પકડી લ્યે. જામગરી અને ભડાકા વચ્ચે જરા ય વખતનો તફાવત ન પડે એવી એ બંદૂકોની નામના હતી. ગુજરાતના સૂલતાનોનાં અને મરાઠાનાં સૈન્ય આ જ બંદૂકો વાપરતાં. પેથાપુરની બંદૂક ને આરબ બરકંદાજ બેયનો યોગ મોટા મોટા ચમરબંધી માણસોને ય ભારે પડી જાય એવી કહેતી આજદિન તક આપણા વતનમાં કહેવાતી આવે છે.

આજ તો ચીચલોડ ને રાઇફલનો યુગ આવ્યો છે: દેશી દારૂને બદલે આજે ગનકૉટન અને ડાઇનેમાઇટનો યુગ બેઠો છે.

ગુજરાત હુન્નરઉદ્યોગોમાં સમયની સાથે રહી નથી શક્યું. વિજ્ઞાનની શોધો, પદાર્થજ્ઞાનની શોધો એને માથેથી પસાર થઈ ગઇ છે. જંગલમાં સૂતેલા સિંહની પાસેથી માનવીઓ ચાલ્યાં જાય એમ પોતાના નંદનવનમાં સૂતા રહેતા આ ગુજરાત નંદનવન પાસેથી એને સૂતેલું મૂકી જ્ઞાન, વિજ્ઞાન અને એ એના પરિણામરૂપ હુન્નર, કલા, ઉદ્યોગો વગેરે ચાલ્યા ગયાં છે.

ગઈ કાલનું ગુજરાત એટલે હુન્નરઉદ્યોગોમાં હિંદમાં અગ્ર હરોળમાં ઊભનારો મુલક. આજ ગુજરાત પારકાના પડછાયે જીવે છે. આજ જીવનના એકેએક ક્ષેત્રમાં જેમ બન્યું છે તેમ હુન્નરઉદ્યોગના ક્ષેત્રમાં પણ ગુજરાતનું ગુજરાતત્વ ક્યાં ય નથી રહ્યું. એના ઉદ્યોગક્ષેત્રમાં જર્મની અને ઇંગ્લંડનો કચરો છે. એના નિત્યના વપરાશની વસ્તુઓ પર જાપાનનો લોભ છે. પરદેશીઓની હરીફાઇઓથી મળતી સોંઘી વસ્તુઓને સાચવીને ગુજરાત આજ પોતાના વેરાન બનેલા બગીચામાં દિવસ વીતાવે છે. ('જયસ્વદેશી')

જ્વાળામુખીના પેટાળમાં

જ્વાળામુખી એટલે જે પર્વતના મુખમાંથી અગ્નિજ્વાળા અને ધગધગતો લાવા રસ નીકળે છે તે. આવા જ્વાળામુખી પર્વતો ઇટલીમાં ઘણા છે. આ પર્વતોના ઊંડા પેટાળમાં અંદર પથ્થર પણ ગળી જાય તેટલી ગરમી હોય છે અને પથ્થર, ગંધક વગેરે પદાર્થોનો ધગધગતો પ્રવાહ તેના મુખમાંથી નીકળ્યા જ કરે છે. આ પ્રવાહી પદાર્થ જ્યારે નીકળવાનો થાય અને જોર કરીને બહાર ફાટી નીકળે ત્યારે તેના હલનચલનથી આપણને ધરતીકંપના આંચકા લાગે છે. જે દેશમાં જ્વાળામુખી ઘણા તે દેશમાં ધરતીકંપના આંચકા પણ ઘણા. ઇટલીમાં ભૂમધ્ય સમુદ્રને કાંઠે આવેલા સ્ટ્રોંબોલી નામના જ્વાળામુખીના પેટાળમાં ઊતરવાની હિંમત કિરનેર નામના એક ફ્રેન્ચ એન્જિનિયરે કરી.

પોતાના શરીરને આંચ ન આવે તેટલા માટે માથા ઉપર તેણે લોખંડી ટોપી પહેરી અને આખા શરીરે ઍસ્બેસ્ટૉસનાં કપડાં પહેર્યાં. તેનાં મોજાં, બૂટ વગેરે બધું ઍસ્બેસ્ટૉસનું હતું



સ્ટ્રોંબોલી જ્વાળામુખીના પેટાળમાં ઊતરતો ફ્રેન્ચ એન્જિનિયર મિ. કિરનેર. અંદરનો ફોટો: કિરનેર પોતે

અને તેના ઉપર પોલાદ લગાડવામાં આવ્યું હતું. આવું લોખંડી બખ્તર પહેરી આ ફ્રેન્ચમૅન સ્ટ્રોંબોલીના પેટાળમાં ૮૦૦ ફીટ ઊંડો ઊતર્યો. હવા મેળવવાને માટે ઑક્સિજન ગૅસનો સરંજામ તેણે પોતાની પીઠ ઉપર રાખ્યો હતો. પોતે કેવી રીતે આ સાહસ ખેડ્યું તેનો હેવાલ તેણે પોતે જ આપ્યો છે:

'દોરીને તાંતણે મોતના મોઢામાં! ધગધગતા અંગારાના એ કૂવામાં ઊતરવા માટે એક ઍસ્બેસ્ટૉસનું દોરડું મારી કમરે લટકાવી એ અગ્નિગુફામાં મેં ઝંપલાવ્યું! પાછા આવવું હોય ત્યારે વીજળીક બત્તીથી ખબર આપવાની સિગ્નલ ગોઠવી રાખી હતી. એક ડુંગરની ટેકરી ઉપરથી આ દોરી બરાબર પકડાવી હું એ જ્વાળામુખીના મોંમાં પેઠો. હવામાં અધ્ધર ને અધ્ધર હું કેટલો ઊતર્યો તેનું તો મને ભાન નથી, પણ સુભાગ્યે હું તે જ્વાળામુખીના ખરા જીગરમાં પહોંચ્યો! ત્યાં મને ઊભા રહેવા માટે એક મોટો પથ્થર મળી ગયો! આ જગ્યાના પથ્થર ૨૧૨ ડિગ્રી ગરમ હતા. આટલી ગરમીએ પાણી ઊકળવા માંડે છે. આજુબાજુની હવા લગભગ ૧૫૦ ડિગ્રી જેટલી હતી અહીં ઊભા રહી મેં જોયું તો ચારે તરફ ગંધકથી ભરપૂર હવા અને સામી બાજુ ધગધગતા અંગારા કાઢતી જ્વાળામુખીની નાક. આ જ્વાળામુખીનું મુખ લગભગ ૧૫ થી ૩૦ ફીટ પહોળું હતું. મારા સારા નસીબે તેમાંથી નીકળતો પ્રવાહી પદાર્થ મારી સામી બાજુ જતો હતો. આ પર્વતનો મેં ખૂબ



જ અભ્યાસ કરેલો હોવાથી તેમાંથી ક્યારે ક્યારે લાવા નીકળે છે તેની મને ખબર પડતી. મારી નેમ તેના પેટાળમાં શું શું હોય છે તે જોવાની હતી અને તેટલા જ માટે મારી જિંદગીના જોખમે મેં આ સાહસ ખેડ્યું હતું



સીનેમા ફિલ્મ લેનારો કૅમેરા પણ મારી સાથે હું લઈ ગયો હતો. હું જોઈ શકું તે બધું પાછું ફરીને અભ્યાસ કરવા માટે તેમજ બીજાઓને પણ જ્વાળામુખીના જીગરમાં મેં શું શું જોયું તે બતાવવા માટે એ આખા દૃશ્યની ફિલ્મ મારા કૅમેરાથી લઇ લીધી. તે ઉપરાંત તે માંહેલી જુદીજુદી જાતની હવા, ખનીજ પદાર્થો, પથ્થરો વગેરે એકઠા કરી લીધા. હવા ગંધકના આકરા ધુમાડાવાળી હતી, પરંતુ ઑક્સિજનના પ્રતાપે તેનું દુઃખ મને નહોતું જણાતું. મારી ઇચ્છા તો જે નીકમાંથી લાવા નીકળે છે તેનું ખરૂં મુખ જોવાની હતી.

આ ઇચ્છા પાર પાડવા મેં એ ધગધગતા કૂવામાં ડોકિયું કર્યું. એમાં રાતી પીળી હવા અને અંગારા સિવાય કાંઇ દેખાતું નહોતું બંદૂકમાંથી જેમ ગોળી છૂટે તેમ મોટા અવાજ સાથે ક્યારે આ કૂવામાંથી લાવા છૂટશે અને બહાર એક હજાર ફીટ ઊંચે ઊડશે એ મને બરાબર ખબર હતી. મેં નજર કરી લીધી અને હજુ તો મારૂં મોં પાછું ફેરવ્યું ન ફેરવ્યું ત્યાં તો મોટો ધડાકો થયો અને ધગધગતો લાવા હવામાં ઊડવા માંડ્યો! આજુબાજુના દરિયામાં એ પડતાં સીસ્કારી નાખતા અવાજ મારે કાને આવતા હતા!

ત્રણ કલાક સુધી હું આ જગ્યાએ જ રહ્યો અને મારે જોવું હતું તેટલું જોયું. જ્યારે જ્યારે ભડકા સાથે લાવા નીકળતો અને ધડાકા થતા ત્યારે ત્યારે હું નોંધ કરી લેતો. આખરે મને થાક લાગવા માંડ્યો એટલે મેં આગળથી નક્કી કરેલી યોજના મુજબ વીજળીક બત્તીથી ઉપર ખબર આપી. મને ખેંચવામાં આવ્યો. ઊતરતાં તો મને ખબર નહોતી પડી, પરંતુ ઉપર ચડતાં જે દુઃખ થયું તે ન વર્ણવી શકાય તેવું છે.

મારૂં મગજ મારા હાથમાં ન રહ્યું. મને કાંઇ ભાન જ ન રહ્યું, કારણકે મારી સાથેનો ઑક્સિજન (પ્રાણવાયુ હવા) ખૂટી પડ્યો હતો અને મારે ગંધકવાળી હવાના શ્વાસ લેવા પડતા હતા!! મારાં ફેફસાંને શુદ્ધ હવા મળતી નહોતી. આથી મને ઉપર ખેંચી લેતાંલેતાંમાં તો મારાં ફેફસાં ફાટી ગયાં અને મને લોહીની ઉલટી થવા માંડી.

બધાને થઈ ગયું કે હું નહિ જીવું. પણ મને જ્યારે કાંઈક ભાન આવવા માંડ્યું ત્યારે મારા મનને મારી હોંશ પૂરી થવાથી જે આનંદ થયો તે અવર્ણનીય હતો. જે જગ્યાએ આજ સુધી કોઈ માણસ જઈ નહિ શકેલો અને જ્યાં જવા માટે મારા જિંદગીભરના કોડ હતા તે કોડ આજે પૂરા થતાં મારો આનંદ માતો નહોતો.

પણ મારૂં જીવનકાર્ય તો જ્વાળામુખીનો પ્રેમ મેળવવાનું હતું! એટલે ફરી એક વાર મારા મિત્ર મસ્તર સાથે મેં ફરીને હિંમત કરી. આ વખતે જ્યાં લાવા નીકળતો હતો ત્યાં જ અમે પહોંચ્યા. અમે જે જગ્યા જોતા હતા ત્યાંથી એવા તો જોસથી લાવા નીકળ્યો અને એવો ધડાકો થયો કે અમે બહુ જ ગભરાયા. લાવા અમારી તરફ જ ધસવા માંડ્યો અને અમને લગભગ ૪૦ ફીટ ઘસડી ગયો. જાણે હવામાં અમે તણાવા લાગ્યા! અમારૂં શું થશે તેની અમને ખબર ન રહી. એકબીજા સાથે મસલત કરી શકીએ તેવી પણ અમારી સ્થિતિ કે સંજોગો નહોતા. પણ પ્રભુએ અમારી લાજ રાખવા માટે અમને બંનેને એક જ વિચાર સૂઝાડ્યો.

અમે બંને લાંબા છડ થઇ પડ્યા અને એ ધગધગતા લાવાની સાથે અમે પણ ટેકરા ઉપરથી નીચે ગબડવા માંડ્યા. જેમ લોખંડનું કોઇ પીપ ગડબડતું નીચે આવે તેમ અમે આ ધગધગતા પ્રવાહીમાં પર્વત પર આડા અવળા અથડાતા અથડાતા નીચે આવતા હતા!! આવા અમારા હાલ કેટલો વખત સુધી થયા તેની અમને ખબર રહી નહિ, પણ પ્રભુકૃપાએ અમારાં માથાં ભાંગ્યા સિવાય કે અમારા હાડકાં તૂટ્યા સિવાય અમે નીચે આવ્યા. અમારા મિત્રો અમારી રાહ જોઇને જ ઊભા હતા. તેઓ તો અમને ધગધગતા અંગારામાં આમ આળોટતા જોઇને હેબતાઇ જ ગયા! ધીમેધીમે અમે સાવધ થયા અને ક્યાંક ક્યાંક થોડા જખમાયા હતા ત્યાં અમારા મિત્રોએ અમને પાટાપીંડી કર્યા અને પ્રભુએ અમને જીવતા રાખ્યા તે બદલ અમને મુબારકબાદી આપી.

અમારૂં કામ અમે કરી શક્યા તે બદલ અમારા સંતોષનો પાર ન રહ્યો. હજુ પણ મારો જીવનધંધો તો એનો એ જ છે. એ જ્વાળામુખીના પ્રેમમાં હું આખરે મારી જિંદગી પતંગિયાની જેમ દીવામાં યાહોમ કરીશ, પરંતુ દુનિયાએ જે જોયું નથી તે દેખાડવાના મારા કોડ પૂરા કરીને જ હું મરીશ!'

(અંગ્રેજી ઉપરથી)

—મૂળચંદ ઉ. પારેખ

થાંભલાનાં મથાળાં

આ જમાનાનાં ઘણાં મકાનોમાં થાંભલાનાં મથાળાંમાં



આવી આકૃતિ કોરેલી જોવામાં આવે છે. તેનું મૂળ સ્વરૂપ આદિકાળની માનવસૃષ્ટિમાં જન્મ પામ્યું છે. સૌ પહેલાં માનવીઓ જ્યારે ઘર બાંધ્યાં ત્યારે છાપરાને ટેકો દેવા માટે પહેલી આકૃતિમાં બતાવ્યા મુજબ ઝાડનું થડ ડાળોનાં ઠૂંઠાં રાખીને વાપરવામાં આવતું. યુરોપમાં તે પ્રથામાંથી ત્રણ પ્રકારના થાંભલા ચાલુ થયા. ડોરિક, આયોનિક અને કોરિન્થિયન. તે બધામાં લટકાં, પૂછડાં, તથા પાંદડાંના શણગાર વગેરે વધ્યા છે તેથી ઘણાને તેની અસલ આકૃતિ સમજાતી નથી. ('ટાઈમ્સ')

ગળો

ગળો એ ગુજરાતી નામ છે. હિંદીમાં એને ગુલંચા કહે છે. એ એક જાતનો વેલો છે અને ઘણાંખરાં ઝાડ પર જોવામાં આવે છે. તે દેશના ઘણા ભાગમાં ઊગતી માલૂમ પડે છે. બદામના ઘાટનાં ગોળ તેનાં પાંદડાં હોય છે અને એને નાનાં અને પીળા રંગનાં ફૂલ બેસે છે. તેનો સ્વાદ તુરો અને કડવો હોય છે. તેનું સત્ત્વ પણ નીકળે છે અને તેનાથી તાવ ઊતરે છે. તે ઘણા કામમાં આવે છે ને રસાયણ ગણાય છે. ગુણે તે ઘણી ગરમ છે. તે લગભગ પેન્સિલ જેટલી જાડાઇમાં થાય છે ને એ વેલાના કટકા જ કામમાં આવે છે.

ગળો પાચનશક્તિ ઘણી વધારે છે. આ કામ માટે અઢી રૂપિયાભાર ગળોને સવાશેર ઠંડા પાણીમાં ત્રણ કલાક ભીંજવી તે પાણી ગાળી લઈ દિવસમાં ત્રણ વખત પીવાય છે. ઘણી વખત તેમાં તજ, લવીંગ વગેરે ગરમ પદાર્થો મેળવે છે. આ દેશમાં તેનો ઉપયોગ લાંબા વખતથી જણાએલો છે, અને દેશી વૈદ તેને મુદતને અંતરે આવતા તેમજ બીજી જાતના તાવ અટકાવવાને આપે છે. કમળાના દરદમાં પણ તે સારી અસર કરે છે. ઝેરી જીવડાના ડંખ માટે તે અકસીર ગણાય છે અને સંધીવાના દરદમાં પણ ઘણી વખતે આપવા વૈદ્યો ભલામણ કરે છે. ગળોનાં પાનને મધ સાથે વાટીને ગુમડા પર ચોપડે છે, અને તેલમાં વાટીને માથા પર ચોપડવાથી શરદીથી દુખતું માથું મટી જાય છે. ગળોનું સત્ત્વ પિશાબના દરદ માટે ઘણું અસરકારક ગણાય છે. ડૉક્ટર વાઇટ લખે છે કે ગળોનાં મૂળિયાં ખાંડીને ૧૫-૨૦ ગ્રેઇનની માત્રામાં આપવાથી ઊલટી થાય છે. વળી એમ પણ સિદ્ધ થયું છે કે સર્પે કરડેલા માણસને ઉપરની માત્રા પ્રમાણે ૨૦ મિનિટને અંતરે ત્રણ વખત આપવાથી ઝેર ઊતરી જાય છે. સંધીવાના દરદ માટે ગળો ઉકાળીને પાય છે અને તેનાથી પિશાબ વધારે આવે છે. ગળોના સત્ત્વનો રંગ સફેદ હોય છે અને સ્વાદ ઘણો કડવો હોય છે. તે આપવાથી પેટમાં થતી બરોળની ગાંઠ (જે તાવ આવતો હોય ત્યારે મોટી થાય છે તે) પોતાની અસલ સ્થિતિમાં આવી જાય છે.

(સંચિત) જયંતીલાલ શંભુલાલ ગોઢાવાળા

અનિશ્ચિત પ્રવાસટ્રેનો

ઇંગ્લંડ, ફ્રાંસ વગેરે દેશોમાં હમણાં તદ્દન મામૂલી દરથી અમુક દિવસોનો પ્રવાસ કરાવતી સ્પેશ્યલો નીકળે છે. પણ તે કયાં કયાં જશે તે જાહેર કરવામાં આવતું નથી. ઑસ્ટ્રિયામાં હમણાં આવી એક ટ્રેન ૫૦૦ મુસાફરોને લઇને નીકળી હતી. તેમને કયાં જવાનું છે તે જણાવવામાં આવ્યું નહોતું, છતાં માત્ર છ રૂપિયા જેટલી રકમમાં ૬૦ માઈલના સુંદર પ્રદેશોમાં તેઓ ફરી આવ્યા. જ્યાં જ્યાં મુકામ થતો ત્યાંના વતનીઓનું મંડળ તેમનાં સ્વાગત, સરભરા ને સગવડ કરતું.. રજાના દિવસોને કુતૂહલભર્યા ને આનંદમય બનાવવાનો કેવો નુસખો !

નકામા પદાર્થોમાંથી ઘરો બંધાય છે

'દુનિયાની નકામી લાગતી વસ્તુઓ બધી મને સોંપો; હું તેમાંથી હવેલી ઊભી કરીશ.' આવું સૂત્ર કૅલિફૉર્નિયાના એક પ્રદેશમાં એક લત્તાનાં ઘરોની ભીંતો પર લખેલું છે. મિસિસ મિની એ. બાર્ટન નામની પોલીસ ખાતાની સ્ત્રી અધિકારીના જીવનકાર્યનું એ સૂચક વાક્ય છે. આ મકાનોના સર્વ પદાર્થો કચરાના ઢગલા ને ઉકરડામાંથી મેળવવામાં આવેલા. એ મકાનોની મજૂરી પણ બેકારોને રાહત આપવાને યોજવામાં આવી હતી. મકાનો માટે પ્લાન કે અંદાજપત્રો પાછળ કંઇ ખર્ચ કરવામાં આવ્યો નહોતો. માત્ર મહિને મહિને જેમ સગવડ જણાતી જતી તેમ મકાનનું કામ આગળ લેવામાં આવતું. જીવનનો રાહ ભૂલેલી સ્ત્રીઓ, તજાએલી માતાઓ અને બાળકોના આશ્રય માટે આ બાર્ટન રીક્લેમેશન કૅમ્પ (સમુદ્ધારગૃહ) સ્થાપવામાં આવ્યું છે. ગયે વર્ષે ૬૩૧ બાળાઓ એ સંસ્થામાં આશ્રય પામી હતી. (અંગ્રેજી ઉપરથી)

સર મનુભાઈ ઇનામી નિબંધ

શ્રી વડોદરા સાહિત્ય સભા તરફથી 'સોનાની નિકાસ' એ વિષય ઉપર ગુજરાતી ભાષામાં એક નિબંધની હરીફાઇ કરાવવાનું ઠરાવવામાં આવ્યું છે ને નિબંધ ઉત્તમ ઠરશે તેના લેખકને રૂ. ૧૦૦ (સો)નું પારિતોષિક આપવામાં આવશે. નિબંધ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૩૩ સુધીમાં મંત્રીને મળી જવો જોઇએ. હરીફાઇને લગતી શરતો માટે સવા આનાની ટિકિટ સાથે 'મંત્રી, સાહિત્ય સભા, વડોદરા' એ સરનામે લખવું.

શિયાળાની એક કડકડતી સાંજે ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરનાં માતા પાસે એક કંગાલ સ્ત્રીએ આવી ચીંથરે લપેટેલા પોતાના બાળક માટે કોઈ ફાટ્યાતૂટ્યા ગરમ કપડાની યાચના કરી. માતાજીએ, 'આવી ટાઢમાં ફાટ્યા કપડાથી એનું રક્ષણ નહિ થાય' એમ કહી પોતાના અંગ ઉપરથી ગરમ શાલ કાઢીને આપી દીધી. અને પછી બીજું કાંઈ ઓઢવાનું નહોતું એટલે આખી રાત ચૂલા પાસે તાપતાં બેસી રહ્યાં. દયાસાગર ઇશ્વરચન્દ્રને માતાની આ દયાની ખબર પડતાં વેંત બીજી કામળી લઈ આવ્યા.

અનેકાર્થી શબ્દ: **ઓળ**=હાર; શ્રેણી અથવા વર્ગ; ગલી કે શેરી; અખાતના મોં આગળ તણાઇ આવેલો કાદવ; **જીભ** ઉપરની છારી-ઊલ; ઊલ ઉતારવાની ચીપ. **ઓલ**=નાગર જ્ઞાતિમાં વર માથે જે રંગિત પટકો બાંધે છે તે; ઓલ; જામીન તરીકે શત્રુનું માણસ પાસે રાખવું તે.

ગણિત ગમ્મત: જવાબ કહી દેવાની રમત—જેમાં રૂપિયા અને પાઇઓની સંખ્યાઓ વચ્ચે ૧ કરતાં વધુ ફેર હોય! એ રીતે ૧૨ રૂપિયાથી વધુ નહિ તેવી કોઇ પણ રૂ. આ. પા. વાળી રકમ ધારવાનું તમારા મિત્રને કહો. હવે તેને અવળી કરવાનું (એટલે જેટલી પાઇ હોય તેટલા રૂપિયા થાય અને રૂપિયા હોય તેટલી પાઇ થાય તેમ કરવાનું) કહી એ બંને રકમની બાદબાકી કરાવો. જે જવાબ આવે તે જ રકમને ફરી અવળી કરી એ બંનેનો સરવાળો કરાવો. કોઇ પણ રકમ ધારી હોય તો પણ જવાબ ૧૨ રૂ. ૧૪ આ. ને ૧૧ પાઈ આવે.


અમેરિકાના ઇન્ડિયાના પ્રાંતના હૅમન્ડ ગામની જેઇન હાવર્ડ બૂથ નામની સ્ત્રી જે ૧૦૦ વરસ જીવેલી, તેણે ૮૪ વર્ષ સુધી કદિ પાણીનું ટીપું સરખું પીધું નહોતું! ખોરાક વખતે પ્રવાહી તરીકે ચા કૉફી કે સૂપ, અને તરસ લાગે ત્યારે દારૂ પીવાનો રિવાજ ત્યાં મોટે ભાગે હોય છે.

રેલવેની ટિકિટો એક સાથે ૧૦,૦૦૦ની સંખ્યામાં છપાય છે. પણ નંબર છાપનારાં કેટલાંક મશિનોમાં ચાર જ આંકડાની સગવડ હોવાથી ટિકિટો પરના નંબરો ૦૦૦૧ ને બદલે ૦૦૦૦થી શરૂ કરી ૯૯૯૯ સુધી છાપવામાં આવે છે; જેથી એક/તંગ ખૂટે નહિ, અને પાંચઆંકડાવાળા મશિનની જરૂર ન પડે.

જીરાફની લાંબી ડોકમાં જેટલાં હાડકાં હોય છે તેટલાં જ નાની ચકલીની ડોકમાં હોય છે!

લાલ વાળવાળી સ્ત્રીઓના માથામાં ૩૦૦૦૦, કાળા વાળવાળી સ્ત્રીઓને ૧૧૦,૦૦૦ અને સુનેરી વાળવાળી સ્ત્રીઓને શુમારે ૧૫૦,૦૦૦ વાળ હોય છે.

શાહમૃગ ચાલે છે ત્યારે તેનાં બે પગલાં વચ્ચે છવ્વીસ ઇંચની જગ્યા હોય છે, પણ દોડે છે ત્યારે એથી ઓછી (માત્ર બારથી ચૌદ ઇંચ) હોય છે!



હિંદુસ્તાનમાં ભણતરનું પ્રમાણ

કૂવાના પાણીથી દાળ ન ચડતી હોય ત્યારે પાણીમાં થોડો સોપારીનો ભૂકો કે જુવારના સાંઠાની પાનઠ નાખજો.

રોજ સવારે ચા ઉકાળ્યા પછી તેના કૂચા ફેંકી દો છો તે ગુલાબના છોડનું ઉત્તમ ખાતર બની શકે એ જાણો છો?

અલ્ટ્રા વાયોલેટ કિરણો વડે દુખતા દાંતને તાત્કાલિક આરામ આપવાનો ઇલાજ કૅમડેન(અમેરિકા)ના ડૉ. એડવર્ડ ડી. મૉન્ટીગલે શોધી કાઢ્યો છે.

બ્રિટિશ દુગ્ધાલયોના ધધાને દર વરસે ૬ કરોડ દૂધની બાટલીઓ ચોરાવાને તથા ભંગાવાને લીધે નવી વસાવવી પડે છે.

ઇંગ્લંડમાં ને બીજે બધે સામાન્ય રીતે ૧૭૬૦ યાર્ડનો માઇલ ગણાય છે જ્યારે આયર્લંડમાં ૨૨૪૦ યાર્ડનો ગણાય છે.





ઉપલા ચિત્રને નજર આગળ રાખી અંકને ગોળ ગોળ ફેરવશો તો મોટરનાં પૈડાં ચાલતાં દેખાશે.

નટબેલ જેવી કસરતો ગાનારાઓને કોઇ પ્રાન ન પહોંચે. અને આ શક્તિ તેની સમગ્ર પ્રજામાં એટલી સામાન્ય છે કે રસ્તે ચાલતાં તમને એવા તો અસંખ્ય છોકરાઓ મળે, જે એક હાથમાં ટિફિન (ભાણા)ના ઉપરા ઉપરી ગોઠવેલાં વાસણો લઇ બીજે હાથે ગમે તેવી અટપટી ભીડ અને ઝડપી ટ્રાફિકમાંથી માર્ગ કરતા સડસડાટ ચાલ્યા જતા હોય; અને તે એટલી સિફત અને લાલિત્યથી કે તમે જોઇને છક થઇ જાઓ. સાઇકલ ચલાવાની એમની પદ્ધતિ પણ સામાન્ય કરતાં જુદી છે. એ લોકો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સાઇકલના ક્રૉસબારથી પણ ઊંચે સુધી પગ ઊંચકે છે.

ન્યાયાધીશ—એ બે જણ ખુરશીઓ લઈને લડતા હતા, તો તેં બંનેની વચ્ચે શાન્તિ સ્થાપવા પ્રયત્ન ન કર્યો?

શાક્ષી—ના જી, શું કરૂં? ત્યાં ત્રીજી ખુરશી જ નહોતી!

દુનિયામાં નાનામાં નાનું પુસ્તક, ૫/૧૬ ઇંચના કદનું અને ૧/૮ ઇંચ જાડું છે, જેમાં વિખ્યાત 'ઉમરખય્યામની રૂબાઈયાત'નો સંપૂર્ણ અનુવાદ છે.

ચિત્રોનો તમને શૉખ છે?

● ઘણાને હશે.
ઘણાને સારાં ચિત્રો વસાવવાનું મન પણ થતું હશે.
ઘણાને વળી એમ પણ થતું હશે કે ફુરસદ ને આરામની પળોમાં મનને ઉલ્લાસ આનંદ ને પ્રેરણા આપનારૂં એકાદ આલ્બમ વસાવીએ.

પણ

● તમારૂં ગજવું ગરીબ હશે. મોટી કિંમતનાં આલ્બમો ખરીદવાં પોસાતાં નહિ હોય. અથવા એમ પણ લાગતું હશે કે ચિત્રઆલ્બમોમાં, તેમની કિંમતના પ્રમાણમાં ચિત્રસંખ્યા ઓછી હોય છે.

તો

● તમારે જ માટે આ નવું પ્રકાશન થયું છે.
એમાં બાર-પંદર કે સોળ-સત્તર નહિ પણ **૧૦૦** ચિત્રો છે. ચિત્રોથી ભરચક્ક આલ્બમ,—'કુમાર'ના કદનું, સારા કાગળ પર છાપેલું, છીંટપટ્ટીની બાંધણીનું. એ ચિત્રોની પસંદગી ઊંચી ને શિષ્ટ છે, સાથે વિવિધતાભરી છે. આ દેશની છે તેમ બીજા દેશોની પણ છે. પ્રાચીન છે તેમ અર્વાચીન પણ છે.

● એમાં શિલ્પ ને સ્થાપત્ય છે, રંગચિત્રો ને રેખાચિત્રો છે: છાયાચિત્રો ને સુંદર ફોટોગ્રાફો પણ છે. કેટલાંક ચિત્રો નીચે સમજણ પણ આપી છે

● અને આટલું બધું છતાં એની કિંમત તદ્દન માફકસર છે. સૌ કોઈને પોસાય એવી છે. તમે કરકસરથી ભણતા વિદ્યાર્થી હો, કે મધ્યમ સ્થિતિના ગૃહસ્થ હો કે સામાન્ય ફંડથી ચાલતી સંસ્થાના મંત્રી હો:—ગમે તેના ગજવાને માફક આવે એવી તેની કિંમત છે: **સવા રૂપિયો.**

સવા રૂપિયામાં સો ચિત્રો!

● સોંઘું—નહિ? અને બરાબર તમને જોઈતી જ વસ્તુ! એનું પોસ્ટેજ ત્રણ આના છે. રજિસ્ટર્ડ કરાવીને સલામતીથી મંગાવો તો બીજા ત્રણ આના વધારે. આજે જ કુમાર કાર્યાલયના વ્યવસ્થાપકને, ૧૪૫૪ રાયપુર અમદાવાદ એ સરનામે લખો કે તમને મોકલી આપે: શું?—

ચિત્રશતક
સો ચિત્રોનું આલ્બમ